ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૨૦ અંક: ૫ મે: ૨૦૧૮ સળંગ અંક : ૫૫૯

# વિ-વિદ્યાનગર



चरुतर विद्यामंडल – वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते ।

CHARUTAR VIDYA MANDAL
(Est: 1945)
Vallabh Vidyanagar-388120
www.ecvm.net
















સીવીએમ સંચાલિત બીવીએમ કૉલેજના ૭૦મા વાર્ષિકોત્સવની ઉજવણી પ્રસંગે લેવાયેલ વિવિધ તસવીરોમાં સીવીએમના અધ્યક્ષશ્રી ભીખુભાઈ પટેલ, મુખ્ય મહેમાન કે મનીવનન, ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળના પ્રમુખ શ્રી વિક્રમભાઈ પટેલ, સીવીએમના માનદમંત્રીશ્રી ડૉ. એસ.જી. પટેલ, સહમંત્રીશ્રી મયુરભાઈ પટેલ સંસ્થાના આચાર્યશ્રી ડૉ. ઈન્દ્રજીત પટેલ, મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખશ્રી ડૉ. ભાર્ગવ ગોરડીયા, કલ્ચરલ કન્વીનર પ્રો. બી.એસ. પટેલ, જનરલ સેક્રેટરી જતન પટેલ તથા એલઆર મેઘા પટેલ દશ્યમાન થાય છે. અન્ય તસવીરોમાં અધ્યક્ષીય ઉદ્‌બોધન કરતા સીવીએમના અધ્યક્ષશ્રી ભીખુભાઈ પટેલ દશ્યમાન થાય છે.




તંત્રી
ઉર્વીશ છાયા

પરામર્શન
નરેશ વેદ • રાજેન્દ્રસિંહ જાડેજા
જયન્ત ઓઝા • ભગીરથ બ્રહ્મભટ્ટ
આર.પી. પટેલ

સંપાદન-સહાય
ગિરીશ ચૌધરી • અનિતા એ. સાળુંકે

પ્રકાશક
ડૉ.એસ.જી. પટેલ
માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
•
મુદ્રક
આણંદ પ્રેસ, ગામડી- આણંદ

# વિ-વિદ્યાનગર

## ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

મે - ૨૦૧૮
વર્ષ: ૨૦ અંક: ૫
સળંગ અંક: ૫૫૯

**ISSN 0976-9609-V Vidyanagar**

**ચારુતર વિદ્યામંડળ**
વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

**સ્થાપના વર્ષ**
૧૯૪૫

*कर्मण्येवाधिकारस्ते*

**અધ્યક્ષ**
શ્રી ભીખુભાઈ બી. પટેલ

**માનદ મંત્રી**
ડૉ.એસ.જી. પટેલ

**માનદ સહમંત્રીઓ**
શ્રી બી.પી. પટેલ • શ્રી એમ.જે. પટેલ
શ્રી મેહુલ ડી. પટેલ

**ડાયરેક્ટર જનરલ**
ડૉ. એન.એમ. ઝવેરી


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન,વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ-ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેકનોલૉજી, હૉટેલ મૅનેજમેન્ટ ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કૉલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઈન્ટિરિયર ડિઝાઈન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


• અંકની છૂટક કિંમત: ₹ ૧૫/- • રવાનગી ખર્ચ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમ: ₹ ૧૫૦/-
• વિદ્યાર્થી લવાજમ: ₹૧૦૦/- • આજીવન લવાજમ: ₹૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી વર્તમાન અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

**વિ-વિદ્યાનગર**
**'વિ-વિદ્યાનગર' ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ**
**www.ecvm.net**
**પર મુકવામાં આવે છે.**
**દેશ-વિદેશના વાચકોને**
**પ્રતિભાવ જણાવવા વિનંતી.**

**आलस्यं हि मनुष्याणां शरीरस्थो महान्रिपुः।**
**ना स्त्युंधमसमो बन्धुं कुर्वाणो नावसीदति ॥**

ખરેખર આળસ એ મનુષ્યોનાં શરીરમાં રહેલો મહાન દુશ્મન છે. ઉદ્યમ જેવો કોઈ સ્વજન નથી જેને આચરતો કોઈ નાશ પામતો નથી.
(સંકલન કર્તાઃ પ્રિ. ઘનશ્યામસિંહ એન. ગઢવી)

**આ માસની વિચારકણિકા**

દરેક વાતની વચ્ચે આપણીજાતની વાત ન કરીએજી,
સૌને મળીએ, સૌમાં ભળીએ, સૌને સાંભળીએજી,


॥ અધ્યક્ષસ્થાનેથી ॥ **પારદર્શક વહીવટની મહેચ્છા**
• શ્રી ભીખુભાઈ બી. પટેલ 3

॥ પ્રાથમ્ય ॥ **બંધનમુક્ત**
• એસ.જી. પટેલ 5

॥ આપણો વૈભવ અને વારસો (પદ્ય વિભાગ) ॥
• ઉમાશંકર જોશી, જયન્ત પાઠક પ્રજારામ રાવળ, રમેશ પારેખ 7

॥ આપણો વૈભવ અને વારસો (ગદ્ય વિભાગ) ॥
**મધ્યાહ્નનું કાવ્ય**
• કાકાસાહેબ કાલેલકર 8

॥ નવાં કાવ્યો ॥ • નરેન્દ્ર વૈષ્ણવ, સુધીર પટેલ, પ્રીતમ લખલાણી, જિતેન્દ્ર પ્રજાપતિ મધુકર ઉપાધ્યાય 10

॥ નવલિકા ॥ **એક ખાનગી વાત**
• ગિરા પિનાકીન ભટ્ટ 11

॥ હાસ્ય નિબંધ ॥ **એરિસ્ટોટલ અને શેઠ બ્રધર્સ**
• હરીશ મહુવાકર 16

॥ અભ્યાસ ॥ **અધ્યાયઃ ૧૫ પુરુષોત્તમયોગ**
• ઘનશ્યામસિંહ ગઢવી 18

॥ અભ્યાસ ॥ **દક્ષિણ ગુજરાતમાં આદિવાસીઓના ઉત્કર્ષમાં સરદાર વલ્લભભાઈ પટેલનો ફાળો**
• દિવ્યેશ પટેલ 22

॥ લઘુકથા ॥ **ઓળખ**
• આરતીબા ગોહિલ 'શ્રી' 25

॥ અભ્યાસ ॥ **ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણમાં ગ્રંથાલયનો ફાળો**
• જિજ્ઞેશ મકવાણા 26

॥ સાંપ્રત ॥ **આધુનિક ભારતમાં ટેક્નોલોજીકલ ક્રાંતિઓ- એક ઝલક**
• કમલનયન ન. જોષીપુરા 29

॥ સ્વાસ્થ્ય ॥ **સ્વસ્થ કેવી રીતે રહીએ?**
• પી.ડી. શર્મા 32

॥ વિદ્યાવૃત્ત ॥ 26,34

# પારદર્શક વહીવટની મહેચ્છા

## શ્રી ભીખુભાઈ ભાઈલાલભાઈ પટેલ

પૂ. સરદાર વલ્લભભાઈ પટેલની પ્રેરણાથી ગ્રામ્ય પ્રજાના ઉત્કર્ષ માટે ચરોતર પ્રદેશમાં પૂ.ભાઈકાકાએ ઇ.સ. ૧૯૪૫માં ચારુતર વિદ્યામંડળની સ્થાપના કરેલી, તેમની સાથે શિક્ષણવિદ્ ભીખાભાઈ પટેલ સાહેબની દીર્ઘદૃષ્ટિ જોડાતાં સારાયે દેશમાંથી વિદ્વાનોને નિમંત્રણો આપીને ચરોતર પ્રદેશમાં શિક્ષણ સેવા આપવા વિનંતીઓ કરવામાં આવેલી પરિણામે વિદ્યાનગરમાં ઉત્તમ ઘડવૈયા શહેરમાં આવીને વસેલા. એમના માર્ગદર્શન હેઠળ વિદ્યાનગરની પ્રારંભકાળની સાયન્સ, આર્ટ્સ, કોમર્સ અને એન્જિનિયરીંગ કોલેજોનો એ સુવર્ણકાળનો દરજ્જો પામી હતી.

આ વિદ્યાસંકુલ આકારિત થવામાં સેવાભાવી કાર્યકરો અને શિક્ષકો ઉપરાંત બાકરોલ, કરમસદ, આણંદ અને મોગરીના ખેડૂતોએ પોતાના કાળજાના ટુકડા જેવી જમીનો પૂ. ભાઈકાકાને વિદ્યાદાનરૂપે ભેટ આપેલી, તેમનું પણ ચારુતર વિદ્યામંડળ ઋણી છે. આ જમીનો ઉપર એક પછી એક નમૂનેદાર નવી સંસ્થાઓ સ્થપાતી રહી, વિદ્યાર્થીઓના ચણતર અને ઘડતરનું ઉત્તમ ધામ વિદ્યાનગર બનવા લાગ્યું. કેળવણીનો મજબૂત પાયો આ રીતે નંખાયો. પૂ. ભીખાભાઈ સાહેબ અને પૂ. ભાઈકાકાની બેલડીએ પ્રારંભે સંત કોટિનું કાર્ય ક્યું તેમના સખત પરિશ્રમે પ્રથમ દસકામાં જ આ શિક્ષણસંસ્થાની સહાયથી 'વિદ્યાપીઠ'નો દરજ્જો આ ભૂમિને મળ્યો. સરકારશ્રીની મંજૂરીઓ મેળવી એક નમૂનેદાર શિક્ષણનગરીની સ્થાપના કરવાનો યશ પૂ. ભાઈકાકાને આપી શકાય. આ રીતે શિક્ષણજગતનો આ વિદ્યાભૂમિનો પ્રથમ તબક્કો વિકાસોન્મુખ બન્યો.

ત્યારબાદ આ સંસ્થાને બીજા એવા જ દીર્ઘદ્રષ્ટા અને સાહેબ સ્વરૂપે સંત જેવા સનદી અધિકારી પૂજ્ય એચ.એમ. પટેલ સાહેબ મળ્યા. તેમણે ભાઈકાકા દ્વારા સ્થાપિત શિક્ષણ સંસ્થાઓને વેગીલી બનાવી અને કેટલીક સંસ્થાઓનો વિસ્તાર કરી શિક્ષણને ગુણવત્તાયુક્ત બનાવી દેશ વિદેશમાં ચારુતર વિદ્યામંડળને નામના અપાવી એ નાની સૂની ઘટના નથી.

ઇ.સ. ૧૯૯૪થી ઇ.સ. ૨૦૧૭ સુધીના ત્રીજા તબક્કામાં શ્રી સી.એલ. પટેલ સાહેબે પણ સુચારુ સંચાલન દ્વારા શિક્ષણ સંસ્થાઓના સંરક્ષણની અને સંવર્ધનની કામગીરી બજાવી છે. પૂ. પ્રમુખ સ્વામીના શુભાશિષથી તેમણે ન્યૂ વલ્લભ વિદ્યાનગરની સ્થાપના

કરી ચારુતર વિદ્યામંડળનો અપૂર્વ વિસ્તાર કર્યો, સમયની જરૂરિયાત મુજબ આ ગાળામાં પણ ચારુતર વિદ્યામંડળની વિકાસયાત્રા વણથંભી આગળ વધી છે.

આ ત્રણેય તબક્કાનાં સમયગાળામાં ચારુતર વિદ્યામંડળ વધુને વધુ ગતિશીલ અને તેજોમય બનતું રહ્યું છે. તેની ગુણવત્તાનાં સુફળ ચરોતર પ્રદેશમાં જ નહિ સમગ્ર દેશ-વિદેશ સુધી પથરાયાં છે. ઉત્તમ પરિણામો, ઉત્તમ વિકાસ દ્વારા આ પુણ્યભૂમિ તેજસ્વી કારકિર્દી ધરાવે છે.

આજે ચારુતર વિદ્યામંડળની સ્થાપનાને સાડા સાત દાયકા જેટલો સમય થયો છે. આ સમયકાળમાં એની પક્વતા પરાકાષ્ઠાએ છે. ત્યારે ચતુર્થ તબક્કામાં એનો વહીવટ કરવાની જવાબદારી સભાસદોએ મારે શિરે મૂકી છે. આ જવાબદારી માથે ચઢાવતાં પૂર્વે સૌ પ્રથમ હું ત્રણેય તબક્કામાં ચારુતર વિદ્યામંડળની વિકાસયાત્રાના મોભીઓ, મંત્રીઓ સર્વેને નમ્ર ભાવે વંદન કરું છું. તેમણે પાડેલી કેડી ઉપર પગલાં પાડવાનો મને જે મોકો મળ્યો છે તે માટે સર્વે સભાસદોનો આભાર પણ માનું છું અને આ ચોથા તબક્કાની વિકાસગાથાને વધારે ગતિશીલ અને ગુણવત્તાયુક્ત બનાવવા માટેના મારા વિચારો અહીં પ્રસ્તુત કરું છું.

૧. કોઈપણ સંસ્થાનો વિકાસ એના વહીવટ ઉપર આધાર રાખે છે. હું ચારુતર વિદ્યામંડળનો વહીવટ વધુને વધુ પારદર્શી બને અને એનાં પરિણામો સમાજને પ્રાપ્ત થાય એવા વહીવટની હિમાયત કરું છું.

૨. શિક્ષણ જગત સાથે સંકળાયેલા અનુભવી વિદ્વાનોના અનુભવો, પૂર્વ સૂરિઓનાં સૂચનો અને સાથી મિત્રોના અભિપ્રાયોને ધ્યાનમાં લઇ માનવીય અભિગમથી વહીવટ કરવાની મહેચ્છા રાખું છું.

૩. ચારુતર વિદ્યામંડળની મિલકતોની એક યાદી તેની માપણી મુજબની તૈયાર કરાવીશું.

૪. મિલકતોના સંરક્ષણ માટેની એક વ્યવસ્થા ગોઠવીશું જેમાં ગુણવત્તાયુક્ત સમારકામ અને કલરકામની કામગીરીઓ હાથ ધરીશું.

૫. ચારુતર વિદ્યામંડળનું તેજ વધતું રહે એનું ધ્યાન રાખીને એક વિદ્યાકીય કમિટી તૈયાર કરી તેની સલાહ-સૂચનો પ્રમાણે શિક્ષણના સંવર્ધન અને સંરક્ષણની કામગીરી પૂર્ણ પારદર્શક રીતે કરીશું.

આ મારી મહેચ્છાને પાર પાડવા માટે હું મારા સાથી મિત્રો, સભાસદશ્રીઓ, કમિટીના સદસ્યો અને શિક્ષણ સાથે સંકળાયેલા અધ્યાપકો અને વિદ્યાર્થીઓ-વાલીઓના સહકારની અપેક્ષા રાખું છું.

આભાર.

૨૫-૦૪-૨૦૧૮

## બંધનમુક્ત

એસ.જી. પટેલ

દરેક વ્યક્તિ ઇચ્છે કે તેનું જીવન સર્વાંગ સંપૂર્ણ બને. છતાં કોઇક બંધન આપણને બાંધી રાખે છે. અથવા તો ખેંચી રાખે છે. તેથી સૌથી પહેલો પુરુષાર્થ હોય છે- સ્વયમ્ બંધનમુક્ત થવું. વ્યક્તિ બંધનમુકત થશે તો હળવાશ અનુભવશે. બંધન જ આપણને નીચે ખેંચી રાખે છે અને એ બંધનોનો ભાર દિવસે ને દિવસે વધતો જાય છે. તેથી જ બધા લોકો તેનાથી મુક્ત થવા સતત પ્રયત્ન કરે છે. જ્યારે વ્યક્તિ બંધનમુક્ત થાય છે ત્યારે જાણે તે ઊડી રહ્યો હોય એવી હળવાશ અનુભવે છે. તેથી જ અધ્યાત્મ સમજાવે છે કે બંધનમુક્ત બની અને ઉડતી કલા માણો.

**સામાન્ય રીતે બંધનો વિશેષ છે.**

**એક છે સ્થૂળ બંધન**- જે સ્થૂળબંધન છે તે કર્મબંધનને કારણે કોઇ ને કોઇ વિકર્મ કે વિકારોને વશીભૂત થઇ પાપકર્મ થઇ જાય છે. એવાં કર્મો આપણને બાંધી રાખે છે. અથવા કોઇ કર્મેન્દ્રિયોને આધીન થઇ કર્મ થઇ જતું હોય તેવા કર્મો છે. આ સ્થૂળ કર્મો છે જે આપણને બાંધી રાખે છે.

**બીજું છે સૂક્ષ્મબંધન**

સૂક્ષ્મ બંધન એવા બંધન છે જેને આપણે ઓળખી શકતા નથી પણ તે જરૂર બાંધી રાખે છે. જ્યારે કોઇ બંધન આપણને બાંધે છે ત્યારે તેની નિશાનીઓ આ પ્રમાણે હોય છે.

પહેલી નિશાની છે આપણી ખુશી ગાયબ થઇ જાય છે. આધ્યાત્મિક જીવનમાં મોટે ભાગે ખુશીમાં નાચતા હોય એમ લાગે છે છતાં ખુશી નથી, ખુશી નથી... એવું લાગે છે કારણ કે કોઇક સૂક્ષ્મબંધન આપણને બાંધી રહ્યું છે. આવા સૂક્ષ્મબંધનોને ઓળખવું ઘણું જ આવશ્યક છે. સૂક્ષ્મબંધન ક્યાં-ક્યાં હોઇ શકે એ સમજવા કોશિષ કરીએ, જેનાથી આપણે હળવા ફૂલ બની શકીએ.

પહેલું સૂક્ષ્મ બંધન છે રોયલ ઇચ્છાઓનું બંધન. આપણી ભાષામાં આ જોઇએ, પેલું જોઇએ એવી ઇચ્છાઓ જે બોલી જવાતી હોય તે નહીં, પણ સૂક્ષ્મમાં અંદરની ઇચ્છાઓ હોય જે આપણને સરળતાથી પ્રાપ્ત થતી નથી એ જ આપણી ખુશીને ગાયબ કરી દે છે. કારણ કે આ સૂક્ષ્મ ઇચ્છાઓ મનને બાંધી રાખે છે. કર્મબંધન બને તો કર્મ ભોગવવાનું થાય જ છે, જેને કોઇક માધ્યમથી ચૂકવવું પડે છે. અથવા તો કોઇ બીમારીના રૂપમાં પણ આવી શકે છે. બીમારી આવે છે ત્યારે આપણી રોયલ ઇચ્છાઓ મનને ભટકાવે છે અને તે મનને બાંધે છે. જ્યાં સુધી એ ઇચ્છા પૂરી ના તાય ત્યાં સુધી ખુશી પરત આવતી નથી. એ ઇચ્છા પૂરી કરવા માટે માણસ વલોપાત કરે છે અને દુ:ખી થાય છે. માટે જ કહેવાય છે - ઇચ્છા માત્રમ્ અવિદ્યા- એટલે ઇચ્છા થઇ, માટે ઇચ્છા પૂર્ણ થવી જોઇએ એવું જરૂરી નથી. ઇચ્છા પૂર્ણ થાય તો પણ સારું અને પૂર્ણ ના થાય તો પણ સારું એવી ભાવના કેળવવાથી ખુશી જાળવી શકાશે. કેટલાક લોકો માને છે કે જે મારા ભાગ્યમાં છે તે કોઇ છીનવી શકે નહીં અને જે મારા ભાગ્યમાં નથી તે મને મળતું જ નથી. તો પછી શા માટે હું પરેશાન થયા કરું? શા માટે ઇચ્છાપૂર્તિ માટે મનને ભટકાવ્યા કરું? એવું શા માટે? એટલે કે જે મારા ભાગ્યમાં છે એને કોઇ રોકી શકતું નથી અને જે મારા ભાગ્યમાં નથી તે કોઇ આપી અપાવી શકતું નથી તો શા માટે દુ:ખી થઇ ખુશી જતી કરવી? તેથી મનને ફ્રી કરી દેવું. માટે યોગ્ય સમયે પુરુષાર્થ થશે જ અને પ્રાપ્તિ થશે જ એવી ખાત્રી રાખવી. હંમેશાં નિશ્ચિંત રહી ખુશીના ઝૂલામાં ઝૂલ્યા કરો. મનની સૂક્ષ્મ ઇચ્છાઓ પાછળ મનને ભટકાવવો નહીં. કારણ કે ઇચ્છા થઇ અને ન મળે તો શું હાલ થશે? મનની ખુશી ગાયબ થઇ જશે. મન પરેશાન થઇ જશે. સ્વીકારી લો કે ભગવાન દરેકને પાત્રતા અનુસાર આપતો જ હોય છે. માટે આપણે આપણી પાત્રતા બનાવવા પ્રયત્ન કરવો જોઇએ. કુપાત્રને કંઇક વધારે મળી જાય તો પણ એને એ પચાવી શકતો નથી.

બીજું સૂક્ષ્મ બંધન ઉપજાવનાર એ સ્વાર્થ છે- રોયલ સ્વાર્થ. સ્વાર્થ એટલે સ્વ+અર્થ. સ્વની ઉન્નતી અર્થે. એ યથાર્થ સ્વાર્થ છે. સ્વયંને અધોગતિ અર્થનો સ્વાર્થ પડતી લાવે છે, તેમાં એવો ખ્યાલ આવે કે મારું નામ થઇ જાય, મને માન મળવું જોઇએ, મને પૂછવું જોઇએ. આવી બંધનની સાંકળોથી છૂટવાનો પ્રયત્ન કરવો જોઇએ. સ્વાર્થની સાંકળમાં બંધાઇ જવાથી ઊડી શકાશે નહી, તેથી આવા રોયલ સ્વાર્થને પણ છોડવાનો છે. સ્વાર્થને કારણે અપેક્ષાઓ વધી જાય છે. મારા માટે મારા પરિવારવાળાએ આમ કરવું જ જોઇએ એ પણ સ્વાર્થ થયો ગણાય, મારી ખુશી માટે તમારે આમ જ કરવું જોઇએ એ પણ સ્વાર્થ થઇ ગયો. આપણને ભગવાન અવિનાશી ખુશી આપવા આવે છે. માટે નાની-નાની વાતોમાં આવીને આપણી સ્થિતિ ડગી જાય એવું કરવું નહીં. સ્વાર્થ એવી બૂરી ચીજ છે કે એક સ્વાર્થ પૂરો થઇ જશે એટલે બીજો સ્વાર્થ જાગૃત થઇ જશે. તો મનુષ્ય આત્માઓમાં જેટલો સ્વાર્થ જન્મે છે તે ચાલ્યા જ કરે છે, અટકતો જ નથી. માટે

જ દુનિયામાં સ્વાર્થની ભાવનાઓ છે તેનાથી ઉપર ઊઠો અને ભગવાન સાથે જોડાયેલા રહો તો તમારા બધા જ સંકલ્પો પૂરા થશે જ. આધ્યાત્મિક જીવન જીવનારના દરેક સંકલ્પ પૂર્ણ થાય છે જ. ટૂંકમાં લૌકિક સ્વાર્થ આપણી પડતી લાવે છે જ્યારે અલૌકિક (ઇશ્વરીય) સ્વાર્થ આપણને ઉડતી કળામાં લઇ જાય છે. જ્યારે સૌના કલ્યાણ અર્થે શુભ ભાવના વ્યક્ત કરવામાં આવે ત્યારે એ પ્રાર્થના બની જાય છે.

**ત્રીજું બંધન-વ્યર્થ સંકલ્પ:-**

આ બંધન વિશેષ ત્યારે બાંધે છે જ્યારે માણસ પોતાને દુનિયાનો કાજી સમજવા માંડે છે. દરેક પરિસ્થિતિમાંથી કોઇ ને કોઇ ખામી કાઢવાની વૃત્તિ રાખે છે. પોતે સર્વાંગ સમ્પૂર્ણ છે એવી ભ્રમણામાં રાચે છે. આ બંધન અન્તર્ગત મનુષ્યના સંસ્કાર-સ્વભાવ, એનાં સંકલ્પનોની ક્વોલિટીનો સમાવેશ થાય છે. સાથે-સાથે એ જ્યારે અન્તર્મુખી હોવાને બદલે બહિર્મુખતા પ્રતિ વળે છે અને પોતાની આસપાસના વાતાવરણમાંથી અસંતુષ્ટ થવાને કારણે પણ વ્યર્થ પ્રતિ આકર્ષિત થાય છે. એનાથી મુક્ત થવા માટે જ્ઞાન રત્નોના લોભી બનવું જોઇએ. જ્યારે કોઇ પણ સ્વાર્થ બેહદનો બની જાય છે ત્યારે ચાલતા સંકલ્પો વ્યર્થ નહીં બલ્કે ઉદાત્ત બની જાય છે. જેમ કે મહાત્મા બુદ્ધે સમગ્ર સંસારમાંથી દુઃખ રોગ-શોક-ભય-વંચનાને દૂર કરવાના સંકલ્પથી ગૃહત્યાગ કર્યો ત્યારે તે સ્વાર્થી નહીં બલ્કે પરમાર્થી તરીકે ખ્યાતિ પામ્યા. સામાન્ય માણસ માત્ર પોતાનાં દુઃખ-રોગ-શોક-ભય-વંચનાને દૂર કરવા મથે છે, બીજાની પરવા કર્યા વિના- તેમાંથી સ્વાર્થ જન્મે છે અને જ્યારે સ્વાર્થ આડે કોઇ પણ આવે છે ત્યારે વ્યર્થની ઉત્પત્તિ થાય છે.

આવાં સંસ્કારોને પરિવર્તન કરવાની આવશ્યકતા હોય છે. સંસ્કારો એકાએક નથી બનતા, વારંવાર કરવાથી બને છે તેમ ખોટાં સંસ્કારોથી મુક્ત થવા પણ વારંવારનો અભ્યાસ આવશ્યક છે. વ્યક્તિ પ્રતિક્રિયા કરવાને બદલે પ્રતિસાદ આપે તો જૂના સંસ્કારોને સ્થાને નવા સંસ્કારો સ્થાપિત થતા જાય. માટી ભરેલા વાસણમાં જ્યારે ચોખ્ખું પાણી રેડવામાં આવે ત્યારે એક તબક્કે વાસણમાં ચોખ્ખું પાણી જ રહે, એમ.

આવી પ્રક્રિયા માટે જ્ઞાનનું મનન-ચિન્તન જરૂરી છે. એકાન્તમાં મનને છૂટો દોર આપવાને બદલે કોઇ એક સ્વમાન અથવા સંકલ્પ આપવો અને એને અનુલક્ષીને વિચારોનો દોર ચલાવવો. જેમ વર્ચ્યુઅલ રીઆલિટી હોય છે તેમ માનસિક ધરાતલ પર ઇચ્છનીય રીયાલિટીનું નિર્માણ કરવો. મનમાં સંકલ્પ આવે, સંકલ્પોની હારમાળા એને મનમાં સ્થાપિત કરે. વારંવાર એમ કરવાથી તે વાણી અને વર્તનમાં આવવા માંડે અને સાતત્યપૂર્વક, લાંબા ગાળા માટે એમ જ કરતા રહીએ તો તે દીર્ઘકાળમાં આદત બનીને સ્થાપિત થાય અને જ્યારે આદતોનું પુનરાવર્તન કરવામાં આવે ત્યારે તે સંસ્કાર બને છે. દ્રૌપદી- શ્રીકૃષ્ણના સંવાદમાં આવું જ ફલિત થાય છે.

**ચોથું બંધનઃ પરિસ્થિતિઓનું છે-**

હું વ્યક્તિ, વસ્તુ અને પરિસ્થિતિના આધારે મારી જીવનયાત્રાનું સંચાલન કરું ત્યારે હું મારી જાતને તેમને અધીન કરું છું. તુલસીદાસ કહી ગયા છે- પરાધીન સપને હું સુખ નાહીં. આવી અધીનતાથી બચવાનો મન્ત્ર છે- ચલાશે, ફાવશે, ભાવશે. આપણે જ્યારે અન્ય પાસે કોઇ આગ્રહ રાખીએ ત્યારે તેની ઇચ્છા-અનિચ્છા, ઉપલબ્ધિ-અનુપલબ્ધિ, રાજીપો-નારાજીના અધીન થઇ જઇએ છીએ. સાચું કહીએ તો આપણો આપણી જાત સિવાય અન્ય કોઇ પર અંકુશ નથી. ખરેખર તો એ પૂછવું પડે કે મારો મારી જાત પર પૂરે પૂરો અંકુશ છે ખરો? એમાંય આપણે આપણી ઇન્દ્રિયોના સુદ્ધાં ગુલામ થઇ જઇએ છીએ. પોતાનું ઇમીજિએટ પરિસર છે મન-બુદ્ધિ-સંસ્કાર, ત્યારબાદ કર્મેન્દ્રિઓ અને જ્ઞાનેન્દ્રિઓનો વારો આવે છે, ત્યાર બાદ પરિવાર-સમાજ-વિશ્વ-પ્રકૃતિનો વારો આવે છે.

આપણે એ પણ સમજવું આવશ્યક છે કે આપણે આપણા બાહ્ય પરિસર-પરિસ્થિતિના નિર્માતા છીએ. કહેવાયું છે કે યથા પિંડે, તથા બ્રહ્માંડે. હું મારા સ્વયંના પિંડમાં જે સર્જું છું એજ ૧૦૦૦ ગણું થઇને બ્રહ્માંડમાં પડઘાય છે. જ્યારે આપણી પરિસ્થિતિના સર્જક આપણે જ છીએ તો પછી એના બન્ધનમાં રહેવા કરતાં એને બદલવાનો, અણગમતી પરિસ્થિતિને નાબૂદ કરવાનું, અનુકૂળ પરિસ્થિતિને બળકટ બનાવવાની જવાબદારી પણ મારી જ છે. મારી સર્જેલી પરિસ્થિતિની સામે ન તો હું ફરિયાદ કરી શકું, ન એનાથી છટકી શકું. આટલી સમજના આધારે અનુકૂળ પરિસ્થિતિનું સર્જન આપણે પ્રારંભ કરી દઇએ તો પરિસ્થિતિઓ બંધનકર્તા બની જ ન શકે. ઉલ્ટાને એ પરિસ્થિતિઓ મારા માટે પ્રગતિનું કારણ બની શકે છે.

આપણું આન્તરવિશ્વ ત્રણ પ્રકારના ગુણોથી ભરાયેલું છે. સાત્વિક, રાજસિક અને તામસિક. આત્મા

(અનુસંધાન પાન ૯ પર)

## ગ્રીષ્મગીત

વિરમતા સૌ સ્વર મૃદુલ કોમલ, વસંતલ ફાગના,
જાગ્યા અનાહતનાદ સહસા મત્ત ત્યાં વૈરાગના!
જટાજૂટ વિખેરતો જોગી ઉનાળો આવિયો,
નાખ્યા અડિંગા લીમડા નીચે,
મુકામ જ એક એ એને ભલેરો ભાવિયો.
રાયણ ગળે, મહુડા ફળે, આંબા લળી લળી જાય રે,
નદીતીરે કરમદીનાં ઝુંડ ઝોલાં ખાય રે.
ગોંદરે વડ ડોલતા ને ચોતરે
પુરોહિત શા પીપળાની જીભડી પલપલ કરે.
-એને ન મીઠાં ફળ, ન કે ગંભીરતા;
કે વરી એને ન વાણીવીરતા.
ઘેઘૂર મૂંગી છાંય ઢાળે, ઊગીને પડખે ખડા,
ઘર ઉપર શીળી હથેળી ધરે ધરખમ લીમડા.
ના જુએ મધ્યાહ્ન, ના સન્ધ્યા જુએ,
વૈશાખના વંટોળિયા માંડે જ શાં રમખાણ ચારે બાજુએ!
ધખી ઊઠે ધરણિ, માથે લૂ ઝરે.
ઉઝરડા પડતા વનશ્રીને કપોલે ક્રૂર રે.
હાંફતી પૃથ્વીની ઘેરી આહ ઊંચેરી ચડે,
આકાશહૈયેથી ઊંડો નિઃશ્વાસ ત્યાં નીસરી પડે.
-આંગણે ને ઓસરીએ ભલા ઢાળ્યા ઢોલિયા.
મધુરપભર્યા ત્યાં લીમડા વાઈ રહે વાહોલિયા.

- **ઉમાશંકર જોશી**

## ઉનાળો

રે આવ્યો કાળ ઉનાળો,
અવની અખાડે, અંગ ઉઘાડે, અવધૂત ઝાળજટાળો.
એના શ્વાસે શ્વાસે સળગે
ધરતી કેરી કાયા;
એને પગલે પગલે ઢળતા
પ્રલય તણા પડછાયા.
ભરતો ભૈરવ ફાળો.
એના સૂકા હોઠ પલકમાં
સાત સમુન્દર પીતા;
એની આંખો સળગે જાણે
સળગે સ્મશાન- ચિતા.
સળગે વનતરુડાળો.
કોપ વરસતો કાળો રે આવ્યો કાળ ઉનાળો.

જયન્ત પાઠક

## ઉનાળો આવ્યો આ

ઉનાળો આવ્યો આ ધસમસ મહા પૂર સરખો
ઉનાળો આવ્યો સ્વર્ણિમ નભધરામાં ઝળકતો.

ઉનાળો આવ્યો જીવન અધવચે યૌવન સમો.
ઉનાળો આવ્યો આ પુનરપિ અહો આમ્રલચતો!

ઉનાળો શોભ્યો કાંચનવરણ આ રાજતરુએ.
ઉનાળો ફોર્યો ડોલરકુસુમ કેરાં દલદલે.

ઉનાળો ખીલ્યો ચંપક તણી અહો, પાંખડી વિશે.
ઉનાળો ડોલ્યો ઉત્કટ ગુલમહોરે મદછક્યો!

ઉનાળો બેઠો આસન નિજ જમાવી અવનિ પે,
તપસ્વી કો તેજોમય પ્રખર જાણે તપ તપે;

નિરોધીને સ્હેજે શ્વસન, દૃઢ મૌનવ્રત ગ્રહી.
વિશાળા મધ્યાહ્નો અનિમિષ દગોથી નીરખતા.

ધીરે ધીરે ધીરે ડગલું ભરતા કાલચરણો;
થતો કો આનન્ત્યસ્પરશ; પલટાતાં રજકણો!

- પ્રજારામ રાવળ

## ઉનાળાના કભાવનું ગીત

ઉનાળો ફેલાતો જાય..
માતેલો તાપ ઠેઠ જીવ સુધી પહોંચ્યો તે દરિયા પણ સુક્કા દેખાય
હોઠમાંથી ખરી પડ્યું પાણીનું ભાન અને વસ્યું એક ઝાંઝવાનું ગામ,
નહીં ને જો ઓચિંતો આવે વરસાદ તો તો પડી જાય રૂંવેરૂંવે ડામ,
પારધીના હાથમાંથી છૂટેલી હોય તેવી લૂથી તો પથ્થરો વીંધાય
ઉનાળો ફેલાતો જાય...
તરસો લીલોતરી પીવાની ઝાળઝાળ લાગી છે કે કોણ અહીં પાશે?
તૂટ્યા સંબંધ યાદ આવે કદીક એવી ખાલીખમ પરબો પણ ક્યાં છે?
બે'ક ટીપાં રડવું આવ્યું છે મને- એવી હું અફવા ફેલાવું પણ, હાય...
ઉનાળો ફેલાતો જાય..

- રમેશ પારેખ

## મધ્યાહ્નનું કાવ્ય

**કાકાસાહેબ કાલેલકર**

વેદમાં બપોરનું વર્ણન છે એવું તો કોઈ ઠેકાણે નહીં આવ્યું હોય. બપોર એક મોટું શિકારી કૂતરું છે અને તે આકાશમાં દોડે છે. એણે જીભ બહાર કાઢી છે. એમાંથી જવાળા નીકળે છે. તે કૂતરું કોનું કહેવાય ? સૂર્યનું કે એના દીકરાનું?' યમાજી ભાસ્કર હંમેશાં કૂતરાં લઈને ફરે છે, પણ એને ચારચાર ડોળા હોય છે ! ભાસ્કરરાવ પાસેથી જ એને એ કૂતરાં મળેલાં હોવાં જોઈએ. પોતે બાર આંખવાળા એટલે ચાર- આંખિયાં કૂતરાં એમની પાસે જ હોય.

બપોરને કૂતેરાની ઉપમા આપનાર નવો કવિ હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય છે. એના ફ્લીઠ્ર્જંક ફ્રૈંર (યૌવનની મિજબાની) નામના કાવસંગ્રહમાં એવો જ ચિતાર જોવાને મળે છે. કવિ ત્રિભુવન વ્યાસે પણ બપોરનું વર્ણન આપવાનો પ્રયત્ન કર્યો છે. જોકે આજની બપોર અનુભવ્યા પછી 'ઋતુસંહાર'માં આવેલું ગ્રીષ્મનું વર્ણન જ ધ્યાનમાં આવે. બપોરના ત્રાસથી ત્રાસેલો ઉંદર નાગની ફણાની છાયા શોધતાં પણ અચકાતો નથી. બીજી ક્ષણે દુર્વાસાનો ભાઈ વિશ્વામિત્ર યાદ આવે છે. એણે હરિશ્ચન્દ્રનું સત કસવા ખાતર ચંડ ભાનુને પ્રચંડ તપાવ્યો હતો. છતાં હરિશ્ચંદ્રનું સત તો ન જ ઓગળી ગયું, પણ કોમળ રોહીદાસ પણ એથી ન ચળ્યો એ વાત જુદી.

એવા જ પ્રખર તડકામાં મારે નાનપણમાં એક વાર ઉઘાડે પગે દવા લાવવા જવું પડ્યું હતું. મ્યુનિસિપાલિટીના ફાનસના થાંભલાઓ અને ઘરની દીવાલો કંજૂસની પેઠે પોતાની છાયા પોતાના પગ તળે દબાવીને જ ઊભાં હતાં, એટલે મારા પગને છાયાનો આશ્રય ક્યાંથી મળે ? રસ્તા પરથી ગયેલાં પરોપકારી પશુઓએ છાણના પોદળા નાખ્યા હતા. એ આવે એટલે ક્ષણને માટે એના ઉપર જઈને ઊભો રહેતો. એની ઠંડક કેટલી મીઠી લાગતી! પગે બાઝીને એનાં જો સુકાયેલાં છાણાં થાત તો જરૂર એ પાદત્રાણ(ચંપલ)ની ગરજ સારત. એવે વખતે છાણ એ વસ્તુ ગંદી જેવી લાગતી નથી. સૂગ કે સૌંદર્ય આખરે વસ્તુગત નથી પણ ભાવનાગત છે.

તે દિવસે તડકા ઉપર હું છેલ્લો ચિડાયો. ત્યાર પછી હું હંમેશાં તડકા ઉપર પ્રેમ જ કરતો આવ્યો છું. એ પરિવર્તન શાથી થયું એ જાણવું મુશ્કેલ છે. વખતે 'ત્રાટિકા' નાટકમાં પ્રતાપરાવ પોતાની નવોઢા વધૂને તડકામાં ચાંદરણું કહીને લઈ જાય છે એની સાથેના સમભાવને લઈને થયું હોય તો કોણ જાણે ! પણ એમ ન હોય. સાચે જ તડકાનો રંગ મને ખૂબ ગમે છે. કેટલીક વસ્તુઓ પ્રત્યે આપણે તટસ્થ નથી થઈ શકતા તેથી તેનું સૌંદર્ય ગુમાવીએ છીએ. બિહારમાં તળાવ ઉપર લાલ રંગની લીલ બાઝે છે, તેથી અંજીરી રંગના ગાલીચાની કેટલી અનેરી શોભા ફૂટે છે ! પણ અંદર જવા જતાં તો પગ જ લપસે છે; અને વળી એ પીવા લાયક હોતું નથી. માટે એનું સ્મરણ કરીને માણસ દિવેલિયું મોઢું કરે છે. માણસ ઉપયોગિતાના ખ્યાલમાંથી ઊગરી ન જાય ત્યાં સુધી સૌંદર્યનું હાર્દ સમજી ન શકે.

મારી દલીલ એ છે કે જે તડકામાં કુમળાં ફૂલો પણ ખીલે છે તે તડકાનો વાંક તમે શી રીતે કાઢી શકો ? જ તડકો કેળના પેટમાંનું પાણી પણ લૂંટતો નથી તેને ત્રાસદાયક કહો શા હિસાબે?

તડકો પુરજોશમાં પડતો હોય તે વખતે આકાશની શોભા ખાસ જોવાલાયક હોય છે. ભેંસો દૂધ દેતી વખતે જેમ આંખ મીંચીને નિસ્તબ્ધ ઊભી રહે છે તેમ આકાશ તડકાની સેરો છોડતું જ રહે છે. ન મળે વાદળાં, ન મળે ચાંદલો. ચાંદો હોય તોયે વાસી રોટલાના કકડા જેવો ક્યાંક પડ્યો હોય. બધે એક જ રસ ફેલાયેલો હોય છે. એને વીરરસ કહીએ કે રૌદ્ર? હું તો એને શાંતરસ જ કહું! શાંતરસ શીતળ જ શા માટે હોય? તપ્ત કેમ ન હોય?

ઉનાળાના દિવસો પરિણામે રમણીય હોય છે એવું પ્રમાણપત્ર આપવાની કશી જરૂર નથી. બપોરે પણ એ કાંઈ ઓછા રમણીય નથી હોતા. માત્ર એ રમણીયતા પારખવાની આંખો જોઈએ છે એટલું જ. ખરે બપોરે રસ્તાઓ જાણે પહોળા થાય છે; ગામગામ વચ્ચેનું અંતર વધે છે; શહેરમાં હજીયે વધારે વસ્તી માઈ શકે એવો ભાસ થાય છે; અને જાણે ઈશ્વરની એ લીલા આગળ ચરાચર સૃષ્ટિ તો શું પણ માનવપ્રાણી પણ સ્તબ્ધ થઈ જાય છે.

તડકાની લહેજત પારખે છે એકલો પવન. એ સુખેથી ફાવે તેમ દોડે છે. નદીઓ પર પણ દોડે છે અને ટેકરીઓ ઉપરથીયે દોડે છે. સમુદ્ર હોય કે રણ હોય, એને દોડતાં જરાય મુશ્કેલી પડતી નથી. એને કંઈ છાણાંનાં પગરખાં શોધવાં નથી પડતાં. એ જઈજઈને વૃક્ષોને પૂછેઃ 'કેમ મજામાં છો ને ?' ઊંઘણશી ઝાડો માથું ધુણાવીને જવાબ વાળે છેઃ 'કેમ, નહીં? કેમ નહીં ?' આકાશની સમડીઓ પણ તડકાના રસમાં મજા માણે છે. જરાયે ઉતાવળ કર્યા વગર ગોળગોળ ફરતી એ ઉપર ચડે છે અને પછી એટલી જ ધીરજથી નીચે ઉતરે છે. જાણે પ્રશાંત સાગરનાં યાત્રી વહાણો.

આવા તડકામાં જો મુસાફરીનો પ્રસંગ આવે તો

શરૂઆતમાં ઘડી-અધઘડી જે તકલીફ થાય તે ખરી, પણ એક વાર પરસેવો છૂટ્યો એટલે પછી એવો તો આનંદ આવે છે કે જાણે તળાવમાં નાહતા હોઈએ. હા, પગ તળે રેતી હોય તો પગનાં બિસ્કિટ થાય ખરાં. પણ એ વાંક કાંઈ તડકાનો નથી अन्यस्मात् लब्धपदो नीचो प्रायेण दुस्सहो भवति। रविरपि न दहति तादृक् यादृक् दहति बालुका-निकरः॥ માણસ ધારે તો એનો ઉપાય કરી શકે છે. રજપૂતાનાના લોકો જોડા પહેરે છે એમાં ઉપરની નાની જીભને ઠેકાણે મોરની કળા જેવું મોટું ચામડું જ બેસાડી દે છે. રેતોમાં ચાલતાં રેતી તો ખૂબ ઊડવાની, પણ આ કળાને લીધે પગ બચી જાય છે. રજપૂતો એને શું કહે છે, કોણ જાણે. અરસિક અંગ્રેજો એને Sand Guard (રેતોરક્ષક) કહેવાના હું તો એને ખાસડકળા કહું.

સવારસાંજ કરતાં બપોરે આકાશનો રંગ કંઈક આછો હોય છે એથી જ તડકો આટલો શોભે છે. ખગ્રાસ ગ્રહણ વખતે તડકો કાળાશ પડતો થાય છે અને આકાશ પણ એવું ગમગીન દેખાય છે કે એને આશ્વાસન આપવા માટે તારાઓને પણ દોડી આવવું પડે છે. એના કરતાં તો ચોમેર ફેલાયેલું ફિક્કું આકાશ હજારગણું સારું. અને એમાં જો પાતળાં વાદળાં આવી જાય તો તો સંગેમરમરની શોભા જ જોઈ લો.

પણ તડકાનો આનંદ પ્રત્યક્ષ મળતો હોય તે વખતે શબ્દો લખવાનું પણ સૂઝવું ન જોઈએ. લાંબું લખીએ તો લેખિની પણ સુકાઈ જવી જોઈએ. પછી કવિ વિલિયમ કૂપર વિલાપ કરે તો પણ શાહી વિના તે લખાય ક્યાંથી?

શાંતિનિકેતનમાં ઉનાળાના દિવસો હતા. ખરે બપોરે કવિશ્રીને મળવા ગયો હતો. મેં એમને કહ્યું, 'કઅવસરે આવીને આપને તકલીફ આપું છું.' એમણે કહ્યું, 'તમે પણ તકલીફ ઉઠાવી છેસ્તો'. મેં કહ્યું, 'ના, મને તો તડકો ગમે છે'. હું તો એનો આનંદ લૂંટું છું'. આ સાંભળતાંવેંત કવિશ્રી એકાએક પ્રસન્ન થયા અને કહે, 'હેં! તમને પણ તડકામાં આનંદ આવે છે?હું તો ખૂબ તડકો હોય છે ત્યારે બારી આગળ આરામખુરશી નાખીને લૂમાં નાહું છું. મને એમાં ખૂબ જ આનંદ આવે છે. પણ હું તો માનતો હતો કે એવો શોખીન હું એકલો જ છું'. મેં બીતાં-બીતાં વિનોદ કર્યોઃ 'રવિને પોતાનો તડકો ન ગમે તો તે ક્યાં જાય!'

('કાલેલકરના લલિત નિબંધો, સંપા. ચિમનલાલ ત્રિવેદી'માંથી સાભાર)

(અનુસંધાન ૬ પરનું)

જ્યારે-જ્યારે તેના મૂળ સ્વભાવ પ્રમામે જ્ઞાન-પવિત્રતા-શાન્તિ-પ્રેમ-સુખ-આનંદ-શક્તિ પ્રમાણે વર્તે છે તો તે પોષક અને સાત્ત્વિક વાતાવરણ અને પરિસ્થિતિનું સર્જન કરે છે.

દેહભાનમાં આવી જ્યારે તે મિશ્રણ કરીને રાગ-દ્વેષને વશીભૂત થઇ વર્તે છે ત્યારે તે રાજસિક વાતાવરણનું નિર્માણ કેર છે અને અધમતાના ફંદામાં ફસાઇને તે તામસિક પરિસ્થિતિઓની સર્જક બને છે. પરાધીન બને છે.

અન્ય પાસેથી સુખ પ્રાપ્તિ થતાં તે સુખની અપેક્ષાના સોનેરી જાળમાં ફસાય છે અને દુઃખ પ્રાપ્તિ થતાં દુઃખના બંધનોનો અનુભવ કરે છે.

પરિસ્થિતિનું સર્જન આપણે જન્માન્તરોના ક્રમોને કારણે કરતા રહીએ છીએ. એ ક્રમોની વિસ્મૃતિ થતાં આપણે એમ સમજીએ છીએ કે જે થઇ રહ્યું છે તે વિના કારણે થઈ રહ્યું છે. ફરીથી એવી જ પરિસ્થિતિનું સર્જન ન થાય તે માટે વર્તમાન કર્મો પર ધ્યાન આપવું આવશ્યક છે. માટે એક મન્ત્ર સમજવો આવશ્યક છે- પરિસ્થિતિ કા કામ હૈ આના ઔર હમારા કામ હૈ ઉનસે પાર હોના.

**બન્ધનમુક્ત થવાના ઉપાયોઃ-**

અપેક્ષા, આશાઓ, ઈચ્છાઓથી દૂર રહેવું- પૂર્તિ આવશ્યકતાઓની કરવી પણ ઈચ્છાઓ- આકાંક્ષાઓથી દૂર રહેવું. જો ઈચ્છા-આકાંક્ષા- અપેક્ષાઓ રાખ્યા વિના ન ચાલતું હોય તો તે પરમાત્મા પાસેથી રાખવી- દુન્યવી માણસો પાસેથી નહીં.

ધીરજનાં ફળ મીઠાં- કપરી પરિસ્થિતિમાં કોઈની મદદ બને ત્યાં સુધી ટાળવી કારણ કે પરિસ્થિતિ કોઈ દિવસ કાયમી નથી હોતી. એ તો આવીને જતી રહે છે. પણ જો આપણે કોઇની મદદ લઇ લઇએ તો એના ઉપકારનો એ બોજ જિન્દગીભર વેંઢારવો પડશે. આવા સમયે- અપના હાથ જગન્નાથનો સિદ્ધાન્ત અપનાવવો. આત્મનિર્ભરતા સ્વીકારવી- પરાધીનતા નહીં.

સેવાભાવ અને નિમિત્તભાવે કરેલાં કામો ક્યારેય બંધનકર્તા બનતા નથી. જે કરીએ તે પ્રભુને સમર્પિત કરી દેવું- એનો આભાર માનવો કે પરિસ્થિતિઓ વચ્ચે પણ પરમાત્મા મારામાં આશા રાખે છે અને મને અનેક પ્રકારની પરિસ્થિતિઓમાં રાખી મારામાં વિશેષ ક્ષમતાઓનું નિર્માણ કરે છે.

(માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર)

॥ નવાં કાવ્યો ॥

## બન્ને તરફ!

નરેન્દ્ર વૈષ્ણવ 'પશ્મિલ'

ગઝલ

એ જ વરસોથી સળગતી આગ છે બન્ને તરફ
તે છતાં ઉછરી રહેલો બાગ છે બન્ને તરફ
હોય ના દુનિયા કને તો દોસ્ત, ક્યાંથી આપશે
એક ક્ષણની લાગણીની માંગ છે બન્ને તરફ
લે ફરી આવીને બેઠાં એ જ પંખી ડાળ પર
માર કે જીવાડ એને લાગ છે બન્ને તરફ
મોહ-માયા રાગ-રંગો સૌ હતું વચમાં બધું
આમ તો છેડા ઉપર વૈરાગ છે બન્ને તરફ
આવશે પશ્મિલ ખુદા ખુદ એક કરવા આવશે
એક હૈયાના કરેલા ભાગ છે બન્ને તરફ

(સી-૪, કર્મવીર એપાર્ટમેન્ટ, જથો માળ, પવનચક્કી સામે,
સ્વામિવિવેકાનંદ રોડ, નડીઆદ-૩૮૭૦૦૨
મો: ૯૭૧૨૬૦૪૯૪૫)

## ધારું તને

સુધીર પટેલ

મારી મરજી, જે ગમે તે રૂપમાં ધારું તને,
લાવું જઇ પાતાળ કે આભેથી ઊતારું તને!
તારી પાસે પણ બને કે હોય ઇચ્છા જેવું તો,
છૂટ છે વિચાર ગમતું ચિત્ર જે મારું તને!
અર્થ એનો એ નથી કે થૈ ગયા બેઉ ગુલામ,
મારું રજવાડું મને ને રાજ હો તારું તને!
દર્પણો સઘળાં હટાવો બેઉ વચ્ચેથી હવે,
આંખમાં આંખો પરોવી આજ શણગારું તને!
હર પળે તું હોય છે હાજર નજર સામે 'સુધીર',
તો પછી કેવી રીતે ને કેમ સંભારું તને?

(2624, Jameson Dr. NW. COncord, NC 28027.
USA Email: sudhir12@gmail.com)

## ભૂલથી

પ્રીતમ લખલાણી

લળી લળી ને
રોજ
મને
આવકારતા
આંગણાંના ફૂલો
આ ઉઘડતી સવારે
કેમ ઉદાસ લાગે છે?
મીરાં,
ભૂલથી મેં
કાગળ પર મૂકવાનું
પેપર વેઇટ
પતંગિયા પર તો
નથી મૂકી દીધું ને!

(65, Falcon Drive, West Henrietta, NY 14586,
USA, Phone-585-334-0310
Email:preetam.lakhlani@gmail.com)

## અમે

જિતેન્દ્ર પ્રજાપતિ

કરશો કબૂલ?
અમે પીડાની ભોંય ઉપર પાંગરેલા ફૂલ!
ધગધગતો તાપ અમે વેઠ્યો છે માથા પર
કડકડતી ટાઢ અમે ઝીલી,
વાસંતી વાયરાની હૂંફ થકી જીવ્યા
છો વાગતી રહી પાનખર હઠીલી.
મ્હેકની છે મૂડી ત્યાં લગ મારા જીવનની ફરફરશે ઝૂલ.
એવા પણ યોગ કદી આવ્યા કે
કાયા પર ઝીલ્યો છે આખ્ખો વરસાદ,
વહેતા ઝરણાઓની ખળખળમાં સાંભળ્યો મેં
જીવનનો ઝીણેરો નાદ.
જીવ્યાની ઘટના તો મૂલવશું ક્યાંક કેમ ચૂકવશું આંસુના મૂલ.

(મુ.પો., બગદાણા, વાયા- ઠળિયા, જિ. ભાવનગર,
પિન-૩૬૪૧૪૫, મો: ૯૬૨૪૬૫૭૩૫૪)

મધુકર ઉપાધ્યાય

ફરિયાદી થઇને ઊભાં છે ટેરવાં,
ચેપ સ્પર્શનો રોજ લગાડે છે હવા.
બંધ કરી દઉં એક પલકમાં આંખને,
પણ દશ્યોને કેમ કરીને મીંચવા?
માની લઉં કે માપી શકો હર શ્વાસને,
પણ સુરભિના ક્યાંથી મળશે ત્રાજવાં?
રોજ નવું પાનું ને તાજી વારતા,
મૂરખ હોય તે બેસે જૂનું છેકવાં.
ઊડી જવું બસ ફફડાવીને પાંખને,
પડછાયાને પાછળ પડતાં મૂકવા.

(પ્લોટ નં. ૧૧૭૯, એ-૨, આંબાવાડી, ભાવનગર-૩૬૪૦૦૧)

॥ નવલિકા ॥

## એક ખાનગી વાત

ગિરા પિનાકીન ભટ્ટ

કોઇપણ છોકરીને આમ ધારી-ધારીને ન જોઇ રહેવાય. હું સઘળું સમજતો હતો. મારું મન હું વારતો પણ... વળી વળીને પ્રજ્વલિત થતા દાવાનળની પેઠે મારી નૈયા હાલક-ડોલક થતી પેલી નટખટ નૈયા પાસે પહોંચી જતી.

સાડા પાંચ ફૂટની એની કાયા જાણે વીજળીનો તેજ લિસોટો! પરમાત્માએ નવરાશની પળોમાં ઘડેલી એની કાયા. એની ઘાટીલી પીઠ ને એમાંય વળી બેંગાલ ફોકસની પૂંછડી જેવી ભરાવદાર લટો ને લટકતો ચોટલો. આહાહા.. વહેતા ઝરણાની આસપાસની વનરાજી સઘળી એના માથા ઉપર મલપતી જણાય. એના એકે'ક પગલાંનો હું દિવાનો! એ એક-એક કદમ ઉપાડે ને કાળોતરો નાગ સમો જાડો ને કાળો ભમ્મર ચોટલો પાછળ અથડાય. એના વાળમાં ઝૂલતા બક્કલની પણ ઈર્ષા થઇ આવે. સાલું હું તો પ્રેમી કે હત્યારો? લાવને પેલા ઝૂલતા ચોટલામાં લટકતા બક્કલને પતાવી દઉં ક્ષણ એકમાં! એ સ્થાને હું મારી જાતને ગોઠવી ધન્યતા અનુભવું. એના સોહામણા મુખથી જરાય ઉતરતી એની પીઠ ન્હોતી. ખભે પર્સ ઝૂલાવતી, ઊંચી હિલની સેન્ડલ પહેરી એ સિલ્વર કલરની સ્વીફ્ટ ડિઝાયર ગાડી પાસે પહોંચે ત્યાં લગી મારી નજર એનો પીછો ન છોડે. નાજુક હાથમાં ફંગોળાતી ચાવી ભરાવી એ ગાડીને હંકારી મૂકે.

'હવે ટુવાલ સૂકવતાં ત્રણ કલાક થયા, આમ ગેલેરી છોડો મોટાભાઇ'. દિયાની આ ટકોરે અર્ધ જાગ્રત જાગૃતને જાગૃત કર્યો.

'અરે! હું તો ગેલેરીમાં ઊભો છું, થોડોક તડકો ખાવા, સમજી?'

'સમજી... સમજી ગઇ, પણ... ટુવાલના ઓઠે.' દિયાએ સીધો સવાલ કર્યો.

'હા... હાથપગને તડકો મળેને. મને મોં ઉપર સીધો તડકો નથી સહન થતો.' ઉત્તર દેવામાં હું પણ ક્યાં બુલેટ ટ્રેનથી કમ હતો.

કોઇની પરવા કર્યા વિના 'જયશ્રી કૃષ્ણ' કૃષ્ણ કહેતો નીકળી પડતો. એની ગાડીનો પીછો કરવાની લતનો જાણે હું બંધાણી થઇ બેઠો. રોજ-બરોજની આ ઘટના ક્યારેક તો અજગરની પેઠે મોં ફાડશે ને? લોકોની હા... સાવ નવરા લોકોની ચાલાક નજરો ક્યારેક તો વૈશાખ-જેઠ બની અંગારા ઓકશે તો? અરે! કારતક-માગશર જેવો થઇને હું સાવ થીજી જઇશ. આવી હરકતો કાંઇ શોભે? એ શું કરે છે? ક્યાં જાય છે? એ પળોજણોનો પરમેશ્વર મારે થવું નથી. એવા વિચારો પતંગિયાની પાંખે સવારી કરીને આવે એટલી જ ત્વરાથી ઉડી જાય.

હું એની પરવા કરું છું... કારણ હું તેને સાચા હૃદયથી પ્રેમ કરું છું. પણ મારે હવે પ્રેમનો એકરાર કરી દેવો ઘટે. રખેને એ અન્યને દિલ થઇ બેસે તો? તો?... મારે લમણે હાથ દઇ બેસી રહેવાનો વખત આવે. આજે તો હિંમત કરવી જ રહી. મિત્રોના કાને વળી વાળું પણ ડર પાછો એ કે... એ મારા મિત્રોમાંથી કોઇ એકની થઇ જાય તો?... આના કરતાં એકલપંડે અભિમન્યુ થવું સારું. હાર કે જીતની હો... હા.. દુનિયા જાણે તો... તો... મારી હાંસી. ના, એ મારાથી સહન નહીં થાય.

પ્રશ્ન નંબર તો આ જ. તો શું એ બેન્કમાં પૈસા ઉપાડવા આવી હશે? ના હવે, અમારી જનરેશન ચેક ભરવાનો, ને લાઇનમાં ઊભા રહેવાની મગજમારીમાં ન પડે. એ.ટી.એમ.માં જ જાય. કોઇ પણ પ્રયોજન વિના હું બેન્કમાં આવી પહોંચ્યો. ન ઝાડ, પાન, ફળ, ફૂલ, આકાશ કે અવકાશ. અર્જુનના લક્ષવેધની પેઠે મારી આંખો સીધી જ કાચની કેબિનમાં જઇ પહોંચી સહસા. લોઢું અને લોહચુંબકના ખેંચાણની પેઠે હોવું જોઇએ, નહિતર સીધી નજર ત્યાં જ દોડી જાય એવું કદી બને ખરું? રીઢા ગુનેગારને ઝડપી પોલીસને જે પ્રમોશનનો લાભ થાય તેવા ઉન્માદ સાથે મારું મન નાચી ઉઠ્યું.

નામ... નામ... તો જાણી લીધું હતું, ગયા મહિને જ. નૈયા... નૈયા પટેલ. દોઢ બે મહિના થયા હશે ફ્લેટમાં રહેવા આવ્યાને. પણ તે પછીથી ફ્લેટ આખોય રોશનીથી જાણે ઝગમગતો હતો, ઝળહળતો હતો.

મેં અગાઉ બાપુજીને કેટલી બધી વખત સમજાવ્યા, આ ફ્લેટમાં શું દાટ્યું છે તે.. આપણે બીજો ફ્લેટ લઇએ, અને એમાં રહેવા જઇએ. અહીં મારું મન ગોઠતું નથી. વળી, આપણે આના કરતાંય વધારે સારા

અને મોટા ફ્લેટમાં રહી શકીએ તેમ છીએ. તો શા માટે અહીં પડ્યા રહેવાનું?

કાકી કહેતાં, 'બેટા, તું પરણેને પછી નવા ફ્લેટમાં જઇશું આ ... ઘર સામાનના સાગરો મારાથી નથી ઉલેચાતા.'

'તમારે ક્યાં ઉલેચવા છે તે ચિંતા? હું છું, બેન દિયા છે. પછી તમને શું વાંધો?' મારી મમ્મીને અમે નાનપણથી જ કાકી કહેતાં.

'વાંધો તો આ ઉચાળા ફેરવવાના એ.'

'જો- હવે તો સામાન બદલવા માટે પેકર્સ એન્ડ મુવર્સવાળા આવે છે. સામાન પેક કરી દે ને સ્થળાંતર કર્યું હોય ત્યાં ગોઠવી આપે પણ.'

'તો ય દીકરા, નાનું-નાનું ઘણું બધું કરવાનું રહે.'

બાપુજીને તો આ ઘર કે બીજું, ઝાઝો કશો ફેર પડતો જ નહીં.

વળી, દિયા તો હતી ફક્કડ ગિરધારી. ઘરના કશાય કામમાં એને જરાય રસ ન્હોતો. કોણ જાણે... એનામાં એક્સ રંગસૂત્રો કરતાં વાય રંગસૂત્રો વધારે હશે કે શું? એની મર્દાની છટા, બહારના કામને પૂર્ણ કરી બતાવવાની આવડત ને તત્પરતા, આવી પડનારી પરિસ્થિતિઓને પહોંચી વળવાની તમન્ના, બધુંય કંઇક આગવું જ નહીં, કંઇક અલગારું હતું. એનાં કરતાં પ્રમાણમાં હું થોડોક સરળ ને શરમાળ પણ.

એક સાંજે કાકી પાસે સોફામાં બેસી હું બોલી ઉઠ્યો, 'કાકી... મસ્ત ફ્લેટ હોય ને તો... તો... મસ્ત મસ્ત છોકરીઓ મળે... ને માગાં પણ આવે અધધધ...'

'તે માગાં ક્યાં નથી આવતાં? તું 'હા' પાડે એટલી જ વાર.' ને વાતને પવનના પાટે ચડાવી ત્યાંથી એક-બે ગણી હું રવાના થયો.

છોકરીઓ હવે સારા વરની સાથે-સાથે સારું ઘર પણ શોધે છે. આમ તો અમારો ફ્લેટ પણ કાંઇ નાનો ન્હોતો. ત્રણ બેડરૂમ તો હતા જ. છતાં દિન-પ્રતિદિન સગવડોથી છલકાતા ફ્લેટમાં જવાની મારી ઘેલછા વધતી જતી હતી.

'ઓય... હોય.. રમવાનું બંધ... સીલ્વર સ્વીફ્ટ.' છોકરાંઓનું રમવાનું બંધ. ઉગામેલું બેટ અને બોલિંગ માટે ઉગામેલો હાથ જાણે પૂતળું બની ગયા. આ અવાજના બંધાણીએ ત્રીજા માળેથી ડોકીયું કર્યું. પુનઃ જાણે સ્વચ્છ હવાનો સ્પર્શ થયો. બેન્કની કેબિનમાં કાચની પૂતળી જેવી શોભતી નૈયાએ કાર એના સ્થાને પાર્ક કરી. એની મદભર નજરોને મારી તરફ તાકવાને મેં ધારી -ધારીને જોયા રાખ્યું. એની જરાપણ અસર એને ન વરતાણી. શું એ શલ્યા હશે? મારા મનમાં એક ધારદાર પ્રશ્ન આવીને અથડાણો. છતાં એનો વેગ અટકાવી હું બોલી ઉઠ્યો મનોમન, 'એ શલ્યા હશે તો વાંધો નથી, હું રામ થવાને તત્પર છું.' ને જાણે બજરંગબલિનો રોલ ભજવતો હોઉં તેમ ચડ્યું શૂરાતન. અલમસ્ત અદા ને મુઠ્ઠીની ગદા મોટેથી બોલાઇ જ ગયું. 'જય શ્રી રામ.'

'બેટા, તને વળી રામ ક્યાંથી સાંભર્યા?' પાછળ ઊભા રહેલા બાપુજી બોલ્યા.

ઓ..હો..હો.. શિવ ભક્તને વળી 'જયશ્રી રામ!' આશ્ચર્ય કાકીએ વ્યક્ત કર્યું.

'કેમ... કેમ? શિવજી ખુદ શ્રી રામનું રટણ કરતા હતા.' મેં હળવો મમરો મૂક્યો.હવે સૂર ન પૂરાવે તો દિયા શાની?

'લો.. કરો વાત! જાગૃત ભાઇ હવે સુષુપ્ત નથી રહ્યા હોં' દિયાએ મારા મનના સાત દરવાજા ખોલીને અંદર પડેલી વાત જાહેર કરી દીધી.

'રોજ-રોજ ભાઇ દસ વાગે જ ટુવાલ સુકવવાને ગેલેરીમાં પહોંચી જાય છે. ગાડી લઇને દસ વાગે નીકળતી નૈયા એની નજરોમાં વસી ગઇ લાગે છે.' ચાલાક દિયાની નજરમાં આ અંકુરે હવે રીતસરનો વાવેતર કર્યો.

લાગ જોઇને જાગૃતે દિયાને પૂછ્યું, 'દિયા, તું પેલી... બીજા માળે રહે છે એને તો જાણે છે ને?'

'હા.. પણ તારે વળી એનું શું કામ પડ્યું? અણગમાને ઉંબરે લાવતી દિયા બોલી ઊઠી.

'એ... મને ગમે છે.. બેન્કમાં નોકરી કરે છે ને!'

'એ ક્યાં નોકરી કરે છે. ત્યાં સુધી પહોંચવાની તમારે શી જરૂર?'

'કેમ-કેમ? એને મારી પ્રિયતમા, પત્ની બનાવું

તો એ સઘળું જાણવું એ મારી ફરજ નથી?'. મેં પણ સામા પ્રવાહે પૂછ્યું.

'પણ.. ગાંડા, તેં એને પૂછ્યું છે ખરું?'

'તું જો સાથ આપે તો હિંમત કરું... હું પણ ક્યાં બેકાર છું? એન્જિનિયર છું. રાતપાળીની નોકરી ને દિવસે ઘેર હોઉં એટલે શું હું બેકાર?'

'છોડ બધી મગજમારી... ને વાત મુદ્દાની માંડ. પેલા શિવાલય ફ્લેટ તેં જોયા છે? સુરભિની પાછળવાળા આપણે ત્યાંનો ફ્લેટ બૂક કરાવીએ તો?'

'જો દિયા... મારી તો મુદલભાર ઇચ્છા નથી હમણાં તો. વળી, આ ફ્લેટ શું ખોટો છે?'

'સાંભળ કાકી, સાંભળી લે. આ તારો નવરી જો, થૂંકેલું ગળે છે તે. નવો ફ્લેટ લેવાની, એમાં રહેવા જવાની એની વાતો ઉપર શાને પૂર્ણવિરામ મૂકાઇ ગયું?' દિયાની વાતમાં દિવાળી કે હોળી સઘળું અસ્પષ્ટ?'

મનોમન લાડવા ભાંગતો હું નૈપાને જોઇ રહેતો. નૈયાની દરેક અદામાં મારી જાતને ઝબકોળતો. આજે તો આઇ લવ યુ... કહી વળના વેલાને મજબૂત ટેકો આપવો જ રહ્યો. બહુ-બહુ તો એ ના પાડશે, બીજું શું? એની લીંબુના ફાડ જેવી માંજરી આંખોનો સહવાસ તો મેળવીશ. એના ઘાટીલા સ્તન ઉપર મારી આંખની સવારી કરી સુમેરુ પર્વત જીત્યાનો જશ્ન મનાવીશ. હું એના જેવો નખશિખ સુંદર નથી તો.. એવો કદરૂપો પણ ક્યાં? મારા ભણતરની આડે મેં કોઇપણ આડ-વાડમાં નજર સુદ્ધાં નથી કરી. પણ.. હવે યુવાનનાં અફાટ મોજાં વાડ ને વંટોળે તો કોઇ છોછ ન હોવો જોઇએ. આખરે હું પણ યુવાન છું, એક ધસમસતા ઘોડાપૂર જેવો. કોઇ મનગમતી વનલતાને બાહુપાશમાં જકડવાને આ બાહુ થનગને એમાં ખોટું શું છે? સ્ત્રી જાતિને પ્રેમથી પોતાની કરાય, બળાત્કારે નહીં. એ મારી માન્યતામાં અડગ છું. મારી સાથે નોકરી કરતી કે હરતી-ફરતી છોકરીઓએ ક્યારેય મને આવો રતાંધળો નહોતો બનાવ્યો. પરંતુ આ નૈયાએ તો સાચ્ચે જ મને ઘેલો- ઘેલો કરી મૂક્યો છે હોં નૈયા... મારી નૈયા, મારા આ જીવનની નૈયા હવે તારે શરણે. મારા દિલને પૂર્ણ વિશ્વાસ છે કે તું એને સમજી શકીશ. આપણે કદાચ એકમેકને કાજે સરજાયા છીએ. માટે અને માટે જ તું આ ફ્લેટમાં રહેવા નહીં આવી હોય ને?

મારા તરફથી પહેલ થાય તેવું તું ઇચ્છે છે? હા, તો આજે જ આવી પહોંચ્યો, જોઇ લે.. બસ! મારી 'હા' માં 'હા' ભણવા મારા બાપુજી ને મારી કાકી તત્પર છે જ. વળી દિયાને પણ એક સહિયર મળી રહેશે મનગમતી. સાચી સાહેલી સહુને ગમે, બરાબરને? મનોમન તૃષા ને મનનું મૃગજળ. જાગૃત આજે આર-પાર સ્પષ્ટ સ્ફટિક જેવો નિર્ણય લેવાને અડગ રહ્યો.

રાત્રિના આઠના ટકોરે એ ઘરનો ઉંબરો ત્યજી નોકરીએ જવા નીકળી જતો. રાત્રે નવથી તે સવારના પાંચ. વહેલી સવારે છ વાગે ઘેર આવીને સૂઇ જતો. દસેક વાગે જાગીને અગાસીમાં આંટા-ફેરા કરે. હમણાં-હમણાં આવેલી નૈયાએ થોડો વહેલો જાગૃત કરી દીધો હતો. ન્હાઇ-ધોઇને દસના ટકોર ટુવાલ સુકવતાં-સુકવતાં નૈયાની લીલા નજરે નિહાળતો. ધન્ય ઘડીને ધન્ય ભાગ્ય ગણતો. દિવસ સુધરી ગયાના અહેસાસ સાથે જમી કરીને પુનઃ એ ઝોકે ચડી જતો. નૈયા એની નજરનો પહેલો પ્રેમ. મારે કાકીને આ વાત કરવી જ જોઇએ.

લાગ જોઇને કાકી પાસે ઊભા રહેતાં હું બોલ્યો, 'કાકી... એક વાત કહું?.... તને નૈયા ગમે છે?'

'લે.. કોને ન ગમે? દુશ્મનનેય વ્હાલી લાગે તેવી છે.'

'તું તો જાણે એની બધીય માહિતી મેળવીને બેઠી હોઉં તેવી વાત કરે છે ને કાંઇ.'

'કરું જ ને!' એ રોજ રાત્રે નવના ટકોરે અહીં હોય. દિયા સાથે એને બહું જ સારું બને છે. વળી, એ એકલી રહે એના કરતાં આપણે ત્યાં જ આવી જાય છે. અને રાત્રે સૂઇ જાય છે પણ આપણે ત્યાં જ. એ ખૂબ જ નિયમિત છે. સવારે પાંચના ટકોરે ઊઠીને પહોંચી જાય છે ઘેર, યોગ કરવા માટે. એની વાતો, એની હરકતો, એની એકે'ક અદા ખરેખર મજાની છે હોં ભાઇ.

કાકીની વાતો આજે ધરાઇ- ધરાઇને હું સાંભળતો હતો. આ અકરાંતિયાને જાણે છપ્પન ભોગ! નૈયાએ મને જ નહીં, જાણે અમારું આખું ઘર ગાંડું કર્યું હતું, પછી મારું હૈયું હાથ રહે ખરું? આજે, આઠના ટકોરાની રાહ જોવી નહીં પોષાય. ઓફિસે વહેલું જવાનું છે... મેં જાણે-અજાણે ધર્મરાજને હણ્યા. ફ્લેટથી થોડે દૂર મારું બુલેટ લઇને ઊભો રહ્યો. જોત-જોતામાં નૈયાની સ્વીફ્ટ ડિઝાયરે

દેખા દીધી. મારું મન મોર બની થનગનાટ કરવા લાગ્યું. ગાડીની આડશે બુલેટ ઊભું રાખી થોડી હિંમત તો આછા ઉજાશ સાથે નૈયાની પાસે જઇ ઊભો.

'નૈયા મારી એક માત્ર વાત સાંભળ'. ઓહ મૂરખ! પ્રેમનો એકરાર આમ થતો હશે? મેં મારા મનને ઠપકો આપ્યો જોરદાર. 'શું વાત સાંભળ...' પ્રથમ ગ્રાસે જ મક્ષિકા? એનો શો પ્રતિભાવ હશે એ જાણવાને પણ મારી આંખોના પડળ ઉન્નત ન થયા. મારું આમ પડેલું મોં જોઇને કે કેમ? પરંતુ મને વિચારમગ્ન જોઇને એ તરત બોલી ઊઠી, 'વાતો... ને આમ રસ્તામાં? એના કરતાં તો આવોને આપણે ત્યાં જ બેસીએ તો કેવું?' ના, નૈયા માત્ર બોલી જ નહીં, મીઠા મધુરા મોરલા ને કોકિલના કંઠમાં વસંત ઘુંટાઇ હોય તેવો રણકાર! મારા મનની કલ્પનાના સાતે સાગરમાં ભરતી! મારી બુલેટ મેં પાછી વાળી. હું સિલ્વર સ્વીફ્ટનો જાણે પડછાયો! પાસે કે અનાયાસે હું નૈયાની પાછળ-પાછળ નવરાશની પળોમાં ઘડાયેલી એની પીઠ ને એમાં પાછો ભરાવદાર ચોટલો. મને સાક્ષાત દુર્ગા સામે મળેને તો પણ એને દાદ ન દઉં.

કોઇ જોઇ જશે તો? અરે જુએ તો પણ ક્યાં છે વાંધો? હું કોઇ ખરાબ કાર્ય નથી કરતો. પ્રેમનો એકરાર કરવો એ શું ગુન્હો છે? જો એવું જ હોત તો પ્રેમ એક પૂજા ન હોત! પ્રેમના પર્યાય સમા રાધા-કૃષ્ણની રમણીય કલ્પના કે સપના આજે હજારો વર્ષ પછી પણ કરોડો લોકોની આંખોમાં રમતા ન હોત. મારા વિચાર વડલામાં નૈયા નામના પંખીએ મધુર કલરવ કર્યો.

'આવો... જાગૃત.' ગુલાબની ખીલતી કળીમાં જાણે વહેતા ઝરણાનું મીઠું સંગીત ભળ્યું.

'ઓ...હો... તમે મારા નામથી પરિચિત છો?'

'હાસ્તો..' કહેતી એ કપ-રકાબીની પેઠે હસી પડી. મને એવું હાસ્ય જરા ઓછું ગમ્યું. કોઇ જોઇ જશે તો? કોઇ સાંભળશે તો? વળી, આવી સાવ સરળ વાતે કાંઇ આટલું બધું હસાતું હશે? મારા મને આવી કલ્પના ક્યારેય કરી ન્હોતી. બાધો બનીને એ સ્વપ્ન સુંદરીને હું નિરખતો જ રહ્યો.

'હવે.. આમ ક્યાં સુધી નિરખ્યા કરશો?'

'જીવનપર્યંત'. કોણ જાણે? કઇ શક્તિનો સંચાર થયો ને હું બેધડક બોલી ઉઠ્યો.

પુનઃ એવું જ હાસ્ય, ખડખડાટ એને હસતી જોવી એ પણ લ્હાવો છે. એના ગાલ, એનું નાક ને કાન રાતાચોળ બની બેઠા. માખણથી પણ વધારે મુલાયમ ગાલ ઉપર ઝીણી-ઝીણી નસોનું જાણે નગર વસ્યું. નૈયાને આમ ધારી-ધારીને જોઇ રહું તે યોગ્ય ન લાગે. એ હજુ મારી ક્યાં? હું એવું જાણતો હોવા છતાંય મારી નજરને હટાવી ન શક્યો. હું સાવ લાચાર, પરવશ પંખામાં ઉડતી એની ઓઢણીએ આ ઘાયલને વધુ ઘાયલ કરવાનો ભાગ ભજવ્યો. ડ્રેસમાંથી ડોકાતા ઉરોજોનો ઉભાર ભલભલા તપસ્વીઓને ડોલાવવાને શક્તિમાન હતા. મારી આજ સુધી તરસી આંખોએ આવું દશ્ય પહેલી વાર પીધું. અમૃતકુંભ કે જે સમુદ્રમંથને નીકળ્યું હતું એ બધુંય અમૃત અહીં છલકાઇ ગયું હશે કે શું? મારા મનને શંકા ગઇ. કદાચ કમળની પાંદડિયો આવીને ત્યાં ગોઠવાઇ ગઇ હશે કે શું? આવા સૌંદર્યનું રસપાન કોઇ અભણ ગામડિયો કે સાવ અક્કલ વિહોણો નર પણ પામેને તો એનું વર્ણન કરતાં એ કાલિદાસ જ બની બેસે. એ બાબતે હું છાતી ઠોકીને કહી શકું. એનું હસવાનું હવે અટક્યું. મારી સામે જોઇએ બોલી ઊઠી, 'પાણી દેવાનું તો સાવ ભૂલાઇ જ ગયું.'

'અરે...! અરે...! રહેવા દ્યો... હું ઘરેથી જ નીકળ્યો.'

'આઇ નો'. બોલી પાછી એ હસી પડી.

'શું ફાવશે? થોડોક નાસ્તો કે પછી?'

'પ્રેમની વાતો'. મારું અંતર પોકારી ઉઠ્યું. પણ... એમ કાંઇ થોડું બકી મરાય?

'બોલો... બોલો... શું લેશો? પછી તમારે ડ્યૂટીનો ટાઇમ થઇ જશે અડધો કલાક તો આમ જ વિત્યો. આઠેક વાગશે ને તમે નીકળી જશો.'

'ના... ના... એવી કોઇ ઉતાવળ નથી'. સાહજિકપણે શબ્દો સરી પડ્યા.

'લો... કરો વાત! દિયા તો કહે, ના બાબા... ના. કામ બાબતે જાગૃત જરાય કોમ્પ્રોમાઇઝ ન કરે. ટાઇમ ટુ ટાઇમ... જ્યારે અહીં તો વાત સાવ વિપરીત.'

'રજા પાડી દઇશ'. મેં કહ્યું.

વાત સાંભળી નૈયા ઊઠી. મને નૈયાની સાનિધ્યનું ખેંચાણ એવું જડબેસલાક વળગ્યું હતું કે... એક દિવસ શું? એક મહિનાની રજા પાડી દઉં. અરે! નોકરી જ છોડી દઉં ને થઇ જાઉં ગુલામ જીવનભર! પણ... પણ ... કમાઇને

ખવડાવીશ શું એને? મારા જ પ્રશ્નો ને મારા જ ઉત્તરો.

'એ જાગૃત, વિચારોના વમળોને મગરમચ્છ, તાણી જાય એ પહેલાં જાગો. તમને ગુલાબજાંબુ ગમે છે, હું એ જાણું છું, લો ખાવ'. એની વાતોથી જાણે આખી વસુંધરા ખીલી ઊઠી.

ગુલાબજાંબુ કરતાં પણ મીઠી-મધુરી વાતો મને વધુ પસંદ પડી, છતાં બાઉલ હાથમાં લઇ એ પણ ખાવા લાગી. પીસ કરીને એ ગુલાબ જાંબુ ખાતી હતી પરંતુ મારા અંગે-અંગમાંથી બે તારની ચાસણી જેવી લાળ ટપકતી હતી. સમય, સ્થળ, સંજોગો, સ્વાદ, સઘળા તરફ મારું બે ધ્યાન પણું.. પરંતુ સ્નેહની સાંકળમાં હું મજબૂત પણેગૂંથાતો ચાલ્યો. મને શું ગમે છે? શું ભાવે છે? મારો સ્વભાવ, નિયમિતતા... ઓ બાપ રે... આણે આટલી બધી મારી માહિતી મેળવી લીધી છે. જ્યારે હું તો એના વિષે સાવ કોરો ધાક્કોર! મારું ગાડું કેમ ગબડશે? હે ઈશ્વર, તે સરજેલી શ્રેષ્ઠ સુકન્યાને સાચવવા, એના કોડ પૂર્ણ કરવા, એને સતત રણકતી રાખવાને મને શક્તિ દેજે. એવા વિચારોની વાટિકા સાથે છેલ્લું ગુલાબ જાંબુ મેં મારા મોંમાં મૂક્યું. ત્યાં તો આગ્રહ કરતી નૈયા ડબ્બો લઇ આવી. બીજા બે-ત્રણ ગુલાબજાંબુ મારા બાઉલમાં મૂકી દીધા પરાણે. આમ તો જરાય પરાણે નહીં, મારી મનગમતી સ્વીટડીશ...ને મારી મનગમતી નૈયા.

'તમે બહુ આગ્રહ કર્યો ને એટલે ... બાકી',

'બાકી, શું તમે ગુલાબજાંબુ ન ખાત!'

'ના.. એવું તો નથી'.

'તો... ખોટી વાત શાને?' સાંભળી હું સડક થઇ ગયો. મને સાવ સ્ટેચ્યુ જેવો જોઇને પાછી એ હસવા લાગી. 'લો ગમ્મત પણ ન થાય, એમ જ ને?'

'ના... ના... એવું નથી.'

'તો... તો... શું છે?'

મને નાહક ચર્ચામાં રસ ન્હોતો. લાગ જોઇને આઇ લવ યુ કહી દેવાને મારું મન તત્પર હતું. પણ એવો મોકો મળતો ન હતો. મારા ભાવ એણે વાંચી લીધા હશે કે શું? ને એની ચબરાક નજર મારા ઉપર ફરી વળી, પછી ચોટલો પાછળ હડસેલતાં બોલી ઊઠી, જાગૃત... એક અંગત વાત કહું?'

'એક શું નૈયા, એક હજાર કહેને!' એ સાંભળવા તો દોડ્યો આવ્યો છું.... તારી પાછળ-પાછળ મારી અધૂરી વાત મેં મનમાં જ પૂર્ણ કરી.

'નહીં... નહીં... માત્ર એક અને એક જ વાત.'

'હા... બોલોને.'

'હા, કહું... પહેલાં પાણી લઇ આવું, પછી વાત!'

'ના... ના... પાણીની જરૂર નથી.' મેં ફોર્માલિટી કરી.

'પડશે.. પાણીની જરૂરિયાત તો પહેલી પડશે જાગૃત!'

હું ચોકી ઉઠ્યો. એવી તે શી વાત હશે? એ ટ્રેમાં પાણી ભરેલા બે ગ્લાસ લઇ આવી. અમારા બંન્નેની વચ્ચે પડેલી ટિપોય ઉપર મૂકતાં એ સહેજ ઝૂકી. મારી તરસી નજરો વળી પાછી એના ઘાટિલા સ્તનપ્રદેશની સફરે જઇ આવી. શું ઈશ્વરે પણ આવો રંગીલો હશે? એ જો આમ રંગીલો ન હોત તો... ? આવા સુંદર સરજનની સવારી ન કરી શક્યો હોત! ઈશ્વર, તારા સઘળા સરજનમાં સ્ત્રીના પયોધર ને એની પીઠમાં તો તેં સાચ્ચે જ કમાલ કરી દીધી છે હોં. એમાંય વળી નૈયાની નજાકતતા આગળ ચાંદની પણ શરમાય. ગુલાબની કળી કરમાય. ઢળતા સૂરજની લાલીમા પણ લલચાય, ને.. વહેતા ઝરણાનું સંગીત પણ હખળ-ડખળ થાય. મારું મન ઉત્તમ લેખક, કવિ, નાટ્યકાર કોઇ વિશિષ્ટ કલાકાર કે.... ?

જાગૃત... લો પાણી, ને સાંભળો એક ખાનગી વાત! હું દિયાને બે વર્ષથી જાણું છું. અમે બેઉ એક બીજાને પ્રેમ કરીએ... મતલબ, અમે લેસ્બિયન...

મારા સઘળા અરમાનોની શલ્યા....

(જીઆઇપીસીએલ કોલોની, સુરત)

॥ હાસ્ય નિબંધ ॥

## એરિસ્ટોટલ અને શેઠ બ્રધર્સ

**હરીશ મહુવાકર**

એરિસ્ટોટલે પુનઃ અવતાર ધારણ કર્યો છે. એ વખતે એમને એક શરીર હતું. એમના કાર્યથી ખુશ થઈ ઈશ્વરે એમની નોંધ લીધી અને આ વખતે એમને બે શરીર આપ્યાં. એમણે ગ્રીસ દેશની સેવા કરી પણ ઈશ્વરને અમારા ભાવનગર શહેરની ને સમગ્ર દેશની દયા આવી એથી એરિસ્ટોટલ બે શરીર સ્વરૂપે ભાવનગરમાં 'અવતાર ધરીને આવે છે' શેઠ બ્રધર્સ સ્વરૂપે ! અશોકભાઈ ને દેવેનભાઈ !

મને ખબર છે તમે કોઈ વાત માનો નહિ. સાબિતી જોઈએ. તો લો આ થોડા ગાંઠિયા ખાવ. અર્ધો કલાક જવા દો ને પછી તમને એરિસ્ટોટલ અને શેઠ બ્રધર્સની વાત સમજાઈ જશે. મારું કહેવાનું એમ થાય છે કે ગાંઠિયા આ બે વચ્ચે સેતુ રચી આપે છે.

અમારે ભાવનગરવાળાને ગાંઠિયા ઝાપટવા બહુ જોઈએ. રવિવાર સ્પેશ્યલ ડ્યુટી પર હોય કોઈ પણ હસબન્ડ. સવારમાં ઊંઘ જામતી હોય ત્યાં શ્રીમતી ખખડાવે, ' એઈ, તમને કહું છું. આજ રવિવાર છે.'

' હા, છે તો ? સૂવા દેને.'

' ગાંઠિયા લઈ આવો પછી સૂઈ જજો.'

હવે કહો, કયો કાકો જાગીને એક-દોઢ કિ.મી. દૂરની સારી દુકાને ગાંઠિયા લઈ આવ્યા પછી ઊંઘવાનો ? અલબત્ત આપણને સહુને ખબર છે કે કષ્ટ ઉઠાવ્યાનું સારું પરિણામ મળતું હોય છે એમ ગાંઠિયા લઈ આવ્યા પછી ગરમા-ગરમ ચા સાથે ઝાપટવાની લહેજત આવી જાય તેની ના નહિ. તળેલા તીખા મરચા ને પપૈયાની ચટણી ને આદુવાળી ચા ને માથે કિલ્લોલ કરતો પરિવાર હો અને ખુદ ખુદા આવીને કહે, 'માંગ માંગ, શું જોઈએ ?' તો આ બંદો કહી દેવાનો, ' પ્રભુ, એક કલાક પછી પ્રગટ થજો ને.'

અમે ભાવનગરના-અલબત્ત અમેરિકા સ્થિત ભાવનગરી સ્વ.શ્રી કિશોર રાવળ અમે ભાનવગરના એવું કહે — મહેમાનો આવે ત્યારેય હરખપદુડા ને જાય ત્યારેય હરખપદુડા આ ગાંઠિયાના નાતે. ગાંઠિયા ન ખવડાવીએ એવું બને જ નહિને પણ જતી વખતેય ગાંઠિયાના પડીકા હાથોહાથ અંબાવી જ દઈએ. એક વખત અમે નૈનીતાલ સ્થિત શ્રી અરવિંદ આશ્રમના સંચાલકને ગાંઠિયા આપ્યા ત્યાં તો શ્રી અરવિંદનો ચમત્કાર અમને થયો. સંચાલક કહે, 'ભાવનગર સે આયે હો ના?' અમે પૂછ્યું, 'આપકો કૈસે માલૂમ હુવા?' 'અરે, સિર્ફ ભાવનગરવાલે હી કુછ લેકે આતે હૈ, ઔર આપકા યે ગાંઠિયા બહુત બાર મિલ ચૂકા હૈ. આપકે ભાવનગર કી શાન હૈ ના?' કહો હવે હિમાલયના ઉત્તુંગ શિખરો સર ન કરીએ તો ચાલે કે નહિ? તમારા શહેરને કોઈ આમ યાદ કરે ત્યારે છાતી છપ્પનની નહિ એકસો બારની થઈ જાય કે નહિ ?

ઘણા માણસોને પગે 'વા' હોય છે પણ મોટાભાગનાને પેટમાં 'વા' હોય જ. કેટલાક વહેમના 'વા'માં ફસાયેલા પડ્યા હોય. પરંતુ મન 'વા' એક વિશિષ્ટ રોગ છે જેમાં અન્યને મુશ્કેલીમાં મૂકવાનું મુખ્ય કાર્ય હોય છે. યુક્તિઓ પ્રયુક્તિઓ વડે તેમના મનમાં ભરાયેલો 'વા' આપણા ઉપર ઢોળે ત્યારે એમનું વિરેચન થાય છે. મતલબ મન શાંતિ પામે છે- એમનું અને ભયના કંપન થકી મન અશાંતિ પામે છે આપણું. એરિસ્ટોટલનું બાકી રહેલું કાર્ય અમારા શેઠ બ્રધર્સ કરે છે. મોટા માણસોના કાર્યો કાળક્રમને વટાવી પૂરા થાય તે આનું નામ. ગાંધીજીનું સફાઈ અભિયાન હવે આપણે આદર્યું કે નહિ ?

પણ ઘણી વખત 'વા' ચડી જાય. એક વખતે મારે લમણે આ એરિસ્ટોટલ ભણાવવાનો આવ્યો. મારા વિદ્યાર્થીઓ બધી રીતે બિચ્ચારા ને ગરીબ હોય. મને એ ધ્યાનભરી નજરે જુએ, ને હું એમને. મને એમનો ભય લાગે, એમને મારો. કોઈ કાળે અમારું કન્ફ્યુઝનનું કેથાર્સીસ નો થાય. મારા લેકચરના અંતે હું એરિસ્ટોટલ કેટલી વખત બોલ્યો એવું મને ગણીને બતાવે. ટોળામાંથી ક્યારેક ' આ ટોટાપીસણીયાએ તો નખ્ખોદ વાળ્યું' એવું સંભળાય. અલબત્ત એ એરિસ્તોતાલને કહેતા હશે કે મને એ મને હજુય સમજાયું નથી. આખીય વાતને સમજાવ્યા પછી મેં એમને શેઠ બ્રધર્સના કાયમ ચૂર્ણનો ફાયદો સમજાવ્યો. એ કેવી રીતે કામ કરે તે સમજાવ્યું ત્યારે એમને કેથાર્સીસમાં ગડ પડી.

તમને ન પડી ? હવે લ્યો આ અઢીસો ગાંઠિયા. એકલા માટે ઘણા ઘણા થઈ રહેશે. ખાવ ખાવ તમતમારે. જુઓ હવે વાત એક — ચણાનો લોટ, બે — તળવા માટેનું ગમ્મે તેવું તેલ, ત્રણ — હિંગ, સંચળ, ઇ.મસાલો, ચાર — તળેલા તીખા મરચા. આટલું ડમ્પિંગ ક્યાંયે ભેગું થાય તો પેટકંપન મચી જાય કે નહિ? વલ્કેનીક ઈરપ્શન-

જ્વાળામુખીનો લાવા ધડાકા સાથે બહાર આવે અને શાંત રીતે પણ લાવા બહાર આવે ને ઘણી વખત માત્ર નીકળે ધુમાડા. પેટકંપન મધ્યે આમાંથી કોઈ પણ શક્યતા નકારી શકાય નહિ. જ્વાળામુખીની આ પ્રક્રિયા ત્વરિત કે પછીથી વિનાશ સર્જે એમ જ પેટકંપન ઘાતક, વિનાશક. બાજુમાં બેઠેલા કે દૂર, પરંતુ વર્તુળ મર્યાદામાં આવનારને વાઈફાઈ કનેક્શન જેમ અસર કરે જ. અમને pity થાય સ્વયંની ને ખાધા હોય તેની. Fearમાંથી બચવા સારુ અમે શેઠ બ્રધર્સને ઘરમાં અચૂક સ્થાન આપીએ. એરિસ્ટોટલ ઈચ્છતો હતો તે જ શેઠ ભાઈઓ પણ ઈચ્છે છે!

કેથાર્સીસ બાબતે- વિરેચન અંગે, દેહ શુદ્ધિકરણ અંગે ભાતભાતના મંતવ્યો છે. પણ મૂળ હકીકત એ છે કે કેટલાક લોકો વાયડા હોય છે. કશું સીધું લે નહિ. હવે વાયડા લોકો ગ્રીસમાં હતા. સોક્રેટિસને ઝેર પાનારા એ જ તો હતા. આવા લોકો કાળક્રમે યુરોપમાં ફેલાયા, ઈંગ્લેન્ડ ગયા ને ઈંગ્લેન્ડથી ભારત આવ્યા અંગ્રેજો ને એમ વાયડાઓએ ભારતપ્રવેશ કર્યો ને પછી ફૂલ્યા-ફાલ્યા. આવા લોકો એમ કહે છે : એરિસ્ટોટલના બાપા વૈદ્ય હતા એટલે એ વાત માત્ર દેહશુદ્ધિની છે. પણ ટ્રેજડીમાં ક્યાં દેહશુદ્ધિ જરૂરી છે ! મન'વા'નું વિરેચન કરવાનું છે. આટલી સાદી વાત તેમને ગળે ઉતરતી નથી. એરિસ્ટોટલની વાત શેઠ બ્રધર્સ બીજી રીતે સમજાવે. એરિસ્ટોટલ કહે તેમ ટ્રેજડી જુઓ ને મન'વા' છૂટો થાય. આ ભાઈઓ કહે, 'સાંજે એક ચમ્મચ, સવારે નો મચ મચ.' એટલે અમારે ભાવનગર ડિલે નરવું રહેવાનું કારણ સમજાયું? અમારે 'કાયમચૂર્ણ' ને 'કો'ક દિ ચૂર્ણ' એમ સમાંતરે ભાવનગરમાં વેચાય છે.

એરિસ્ટૉટલે થિયરી આપીને લોક કેળવણી કરવાનું મુનાસીબ માન્યું. નાટકો જોતો જાય ને વિવેચન કરતો જાય. દાખલા દલીલો આપીને માંડીને વાત કરે. એથી એનું વિવેચન ધારદાર, અસરકારક, કાયમી રહ્યું. શેઠ બંધુઓએ એક વખત નાતો જોડ્યો કે પછી ફેવિકોલ કા બોન્ડ. એમણેય બાગ ખૂંદયા ને બગીચા ખૂંદયા, વનમાં ગયા ને ખેતરોના શેઢે ગયા. પૌરાણિક ગ્રંથો ને આધુનિક ગ્રંથોનો વિહાર કર્યો. આમ એમના ઉદ્યમથી આ ઔષધિઓનો થાળ રજૂ કરી આપ્યો. ગાંઠિયાનો થાળ નો હોય. ડીશ હોય તો ગાંઠિયા તો તમારી સામે છે જ. એટલે ગાંઠિયા વિના ઔષધિ નકામી. એ નકામી જાય તે પાલવે નહિ અને એથી ગાંઠિયા ત્યાં આવડા આ શેઠિયા.

એરિસ્ટોટલનું કામ અઘરું હતું આપણને નાટક સુધી દોરી જવાનું. નાટક માણસ હરરોજ કરે. રોજિંદી ઘટમાળમાં પણ જોવા જવાની વાત આવે તો થીએટર લગી જાય નહિ. એ જમાનામાં બીજા કોઈ સાધનો મનોરંજનના નહોતા પણ અટાણે તો ઘરે બેઠા તમારી સામે બધા નાચવા આવે. આ મહાપૂણ્યશાળી આત્માનું અધૂરું કાર્ય અમારા આ બંધુઓએ વર્તમાનની નાડ પારખીને હાથમાં લીધું ને ફિલ્મ બનાવી 'પીકુ'. બશ્શારા અમિતાભભાઈને હાથો બનાવ્યા. આ ભાઈઓની જૂની જાહેરાતોમાં એક માણસ બંદૂક લઈ કેટલાક એસીડીટી, ગેસ, કબજિયાત નામના દુષ્ટોને ગોળી મારી ખતમ કરવા ઈચ્છે છે પરંતુ ગોલીઓ કા કુછ અસર નહિ હોતા એવું એક જંગલના મા'ત્મા કે'ય ને પછી હાથમાં પકડાવે કાયમચૂર્ણ. અમને જાહેરાત એટલે ગમતી કે અમારા ઘરે આવડું આ ચૂર્ણ રહેતું ને અમે જાણ્યે-અજાણ્યે બોટલ હાથમાં રાખી ' ઢીંચક્યા...વ' કરતા. અલબત્ત બાપા ભાળે નહિ એમ. નહિતર આપણું વિરેચન વહેલી તકે થઈ જાય. બાપાને હંમેશાં ગાંઠિયા પ્રિય રહેતા ને મહુવા ગયા હોય એટલે અમારા માટે ગાંઠિયા અને કેળા આવી જ ગયા હોય ને અમને એ ભાવતું બધું. હજુય તે સાંકળ છૂટી નથી. પરંતુ એક વાત છે. આવડા આ બંધુઓએ મારા બાપાની સેવા ખાસ્સી લગભગ અઢી દાયકા સુધી કરેલી. એમને ખબર ન હોય એ સ્વાભાવિક છે કારણ કે મોટા માણસોની મદદ મળી જાય પણ વ્યક્તિ હંમેશાં અદશ્ય રહે.

ગૂંચવણો આવ્યા કરે જીવનમાં. ક્યાંયેથી વિરેચન થાય નહિ એવે વખતે બાપા સ્મરણમાં આવી રહે ને માર્ગો આપોઆપ ખૂલ્લી જાય. આજેય આ એરિસ્ટોટલ, ગાંઠિયા ને શેઠ બ્રધર્સ મારા-અમારા-આપણા સહુ માટે એક સાંકળ બની હળવા કરતા રહે છે એથી વિશેષ તમને શું જોઈએ? હે??

(''અમે'', ૩/છ, ૧૯૨૯, નંદાલય હવેલી પાસે, સરદાર નગર, ભાવનગર
– ૩૬૪૦૦૨ મો. : ૯૪૨૬૨૨૩૫૨૨
ઈ મેઈલ: harishmahuvakar@gmail.com)

# અધ્યાયઃ ૧૫ પુરુષોત્તમયોગ

ઘનશ્યામસિંહ ઘઢવી

જ્યાં ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞ વિચાર કે પ્રકૃતિ-પુરુષ વિવેક અને ત્રિગુણાત્મક પ્રકૃતિનો વિચાર કર્યો. ત્યારબાદ અહીં જડ પ્રકૃતિના પ્રતીક એવા અશ્વત્થવૃક્ષ અને તેના અધિષ્ઠાતા રૂપ પરમાત્માનું ચિંતન કરાયું છે. આ અધ્યાયમાં અભેદનો વિચાર મુખ્યતયા સ્વીકારાયો છે.

આરંભે અશ્વત્થવૃક્ષનું નિરૂપણ છે. ઈઃ એટલે કે કાલ ત્ત્એટલે કે નથી, જેની જીભબ એટલે કે સ્થિતિ તે અશ્વત્થ. ક્ષણભર પણ જેની અવસ્થિતિ એક જેવી ન રહે તે. શું કમળદળ પર જળ ટકી શકે? તેની ચર્ચા વેદથી પ્રારંભ થાય છે. જેમ કે ऊर्ध्वमुत्कृष्टं मूलं कारणं स्वप्रकाशपरमानन्दरूपत्वेन च ब्रह्म । ત્રિગુણથી પુષ્ટ અને શબ્દાદિથી અંકુરિત શાખાઓ અધોન્નત છે. (ઋગ્વેદ ૧-૧૬૪-૨૦) તથા-

अश्वत्थो देवसदनस्तृतीयामितो दिवि ।
तत्रामृतस्य चक्षणं ततः कुष्ठो अजायत ॥
(અથર્વ ૧૯-૩૯-૬)

---

उर्ध्वमूलः अवाक्शाखः एकोडश्वत्थः सनातनः ।
तयोरन्यः पिप्पलं स्वादु अत्यश्नन्यः परिचाकषीति।

---

ऊर्ध्वमूलोडवाक्शाखः एषोडश्वत्थः सनातनः॥
(કઠ. ૨-૬-૧)

આ અશ્વત્થને કઠોપનિષદ સનાતન ગણાવે છે. મુંડકોપનિષદ તેને 'द्वा सुपर्णा' કહીને બેસેલા બે પક્ષીઓની વાત કરતા વૃક્ષને સ્મરે છે. સ્વેતાશ્વતર વિશ્વવૃક્ષનું વર્ણન કરે છે. નિરુક્ત ૧૪-૩૦માં તેને વર્ણવે છે. બીજી બાજુ માર્કંડેય ભાગવતમાં ભગવાનને વડપર્ણ પર સુતેલા જુએ છે-

वटस्य पत्रस्य पुटे शयानं बालं मुकुन्दं मनसा स्मरामि।

વા વિષ્ણુસહસ્રનામાવલીમાં ન્યગ્રોધ, ઉદુમ્બર અને અશ્વત્થત્રિનામે ભગવાનને ઓળખાવાયા. જ્યાં 'न्यग्रोधोदुम्बरोडश्वत्थः'માં ન્યગ્રોધ એટલે નીચે વધનારું વડ. અશ્વત્થ એટલે પિપ્પલ એવો ઉપનિદીય અર્થને ટિળક પણ અનુસરે છે. તુલસી 'ઉમર'ને માયા સદશ કહે છે-

उमरि तरु विशाल तवमाया फल ब्रह्माण्डानेक निकाया।

સંસાર ભલે અવિનાશી પણ બનતો-બગડતો રહે છે. તે કાકની અધારમાંથી નીપજે છે, તેવી માન્યતા છે. તેને ભાગવતે ક્ષીરવૃક્ષ પણ કહ્યું છે-

स्वान्ते सकृच्छमवरुद्धधनः स देहः। सृष्टवास्य बीजम् अवसीदति वृक्षधर्मः॥ (ભાગ. ૧૧-૯-૨૬)

તે શરીર અર્થાત્ સંસારવૃક્ષ ગતાયુ થતાં સ્વાન્તે સ્વયં નષ્ટ થાય છે. વૃક્ષની જેમ બીજા શરીર માટે બીજ વાવીને તેને માટે પણ દુઃખદ સંસારની વ્યવસ્થા કરતું જાય છે. એટલે જ ભાસે કહ્યું તેમ આ વર્તુળાકારે ભ્રમણ કરતું હોવાથી સંસાર ચક્ર સમાન છે.

नीचैर्गच्छत्युपरि च दशा चक्रनेमिक्रमेण ।

કર્માનુબંધ અને ગહનમૂળવાળા તથા આદિ અને અંત જેનું ન પામી શકાય તેવા, અસંગશસ્ત્રથી જ જે નાશ પામે તેવા ને આ અવ્યય પદને શોધવા અર્થે જીતસંગદોષી, અધ્યાત્મનિત્ય, સુખદુઃખાદિદ્વન્દ્વોથી દૂર, નિર્માનમોહી અને જ્ઞાની બનવું પડે તથા તેવો સાધક તે પદને પામી શકે છે.

આધિ શંકર અનુસાર અ-નહિ, શ્વ-કાલે, ત્થ-રહેનાર અર્થાત્ 'જે કાલે રહેનાર નથી અને આજ જેવું છે તેવું'. સંસારને આનું રૂપક આપ્યું. સ્થૂલ રીતે તે વડ કે પીપળાનું વૃક્ષ હોય. તે ઉર્ધ્વમૂળ છે. અર્થાત્ સ્રષ્ટા ઉપર અને ડાળીઓ નીચે અર્થાત્ જગત નીચે છે. મહદાદિ આ વૃક્ષના પાંદડાઓ છે, વૃક્ષ પર્ણોથી શોભાયમાન તેમ વેદાદિથી સંસારનું રક્ષણ થાય છે. રામાનુજાચાર્ય કહે છે કે જેમ પાંદડાઓથી વૃક્ષ વિકસિત તેમ સંસારવૃક્ષ વેદોથી વિકસિત થાય છે. જેમ કૂંપળો પહેલા આવે, ડાળીનો વિસ્તાર તાય જેમ તેમ શબ્દાદિ વિષયોને પરિણામે સંસારનો વિસ્તાર થાય છે. જેમ આકાશમાં છવાયેલો પદાર્થ ગુરુત્વાકર્ષણથી નીચે આવે પણ તેનાથી વિરુદ્ધ ભૂમિમાં વપ્ત બીજ આકાશ તરફ ઉગે તેમ જગત પતનશીલ છે. તેમ છતાં ઉર્ધ્વમૂળ જે છે તે સંસારને અશ્વત્થ કહ્યું. (ઠક્કરબાપા)

જ્ઞાનેશ્વરી રૂપકથી સમજાવે છે મનુષ્યાકૃતિમાં સુવાસનના કૂંપળ ફૂટતાં તે સુકૃતાં ફૂરને જન્માવે છે. પ્રજ્ઞા તીક્ષ્ણ બનતાં નિમેષમાત્રમાં જ્ઞાનાંકુર વિસ્તૃત થાય છે. સુમિ દૃઢ થતાં મેધારસ ગર્ભિત આસ્થાપર્ણોથી શોભતા, સદાચારવાળા વેદપાંદડાઓ ગુંજન કરવા લાગે. યમ-દમગુચ્છોથી તપની ડાળી અને વૈરાગ્યશાખા ફૂટતાં સંસાર તૂટે નહીં તો સત્ત્વાનિલ પ્રબળ રહેતા તે સઘન થાય છે. જો ધર્મડાળનો વિસ્તાર અને તેમાં સ્વર્ગાદિ ફળો થતાં પ્રપંચનો વિસ્તાર થાય છે, જેનો કોઇ અંત નથી.

નિસંગશસ્ત્રથી તેનો ઉચ્છેદ શક્ય છે. જેમ સ્વપ્નમાં થયેલ વણની ઔષદિ જાગૃતિ માત્ર તેમ અજ્ઞાન માટે જ્ઞાન જ ખડ્ગ છે. અથવા જેમ ઇંધણ નાશ થતાં અગ્નિ શાંત થાય તેમ નિષ્કામ કર્મથી જ સંસારનો સમૂળ નાશ કરી શકાય. સન્યાસમાર્ગ કહે છે અનાસક્તિ એટલે વૈરાગ્ય. શ્રુતિઓ પણ તે જ કહે છે- सोडन्वेष्टव्यः स

विजिज्ञासितव्यः। વૃક્ષ નિત્ય નવીન તેમ સંસારવૃક્ષ પણ પરિવર્તનશીલ છે. ઋગ્વેદ સુપલાશવૃક્ષનો ઉલ્લેખ કરે છે. (ઋ. ૧૦-૧૩૫-૧) જ્યાં બેસીને યમ અને પિતૃઓ સહપાન કરે છે. તૈત્તરીય બ્રાહ્મણાનુસાર પ્રજાપતિ દેવલોકમાંથી ભ્રષ્ટ થઈને અશ્વનું રૂપ લઈને એક સંવત્સર સુધી આ વૃક્ષમાં રહ્યા હતા. માથે અશ્વ (ઘોડો) ત્થ રહેવાનું સ્થાન प्रजापतिर्देवेभ्यो निलायत। अश्वो रूपं कृत्वा। सोडश्वत्थे संवत्सरमतिष्ठत्। तदश्वत्थस्याश्वत्थत्वम्। विष्णुर्देवताश्वत्थः છે એવું કાઠક સંહિતા (૩૯-૧-૩) કહે છે.

મધુસૂદન સરસ્વતીજીનું મંતવ્ય એમ છે કે આ સંસારવૃક્ષનું મૂળ ઉપર અને એટલે કે સંસારનો ભ્રમ તે જ જ્ઞાન થતાં બ્રહ્મમાં સમાવિષ્ટ થઈ જતાં, અધિષ્ઠાન ઉપર છે અને પાંદડાઓ તેના છન્દો છે કારણ કે તે વૃક્ષને આચ્છાદિત કરતા, તેનું રક્ષણ કરતા હોવાથી વેદોને તેવા કહ્યા. અને આમ જુઓ તો વૈદિક કર્મકાંડથી પરિવૃત્ત ધર્માધર્મના હેતુ અને પ્રકાશન કરનારા તેઓ છે. વેદાંત તેને માયાનો વિલાસ કહે. પુરાણો તેને-

अव्यक्तमूलप्रभवस्तस्यैवानुग्रहोत्थितः।
बुद्धिस्कन्धमयश्चैव इन्द्रियान्तरकोटरः॥
महाभूतविशाखश्च विषयैः पत्रवांस्तथा।
धरमाधर्मसुपूष्पश्च सुखदुःखफलोदयः।
आजीव्यः सर्वभूतानां ब्रह्मवृक्षः सनातनः।
एतद् ब्रह्मवनं चैव ब्रह्मा चरति साक्षिवत्।
एतच्छित्वा च भित्त्वा च ज्ञानेन परमासिना।
ततश्चात्मगतिं प्राप्त तस्मावावर्तते पुनः॥

છે. આ સંસારવૃક્ષના અવયવો સાથે સંબંધ રાખવાથી, તેની શાખાઓ નીચેની બાજુ એટલે કે દુષ્કર્મી યોનિઓમાં નીચે આવવું પડે અને સુકૃતીઓ ઉપર વિસ્તર્યા. તેની શાખાઓ સત્ત્વાદિગુણોથી સિંચિત હોવાથી સ્થૂલ એટલે કે પ્રવૃદ્ધ છે. સંસારવૃક્ષની શાખાઓ અને શબ્દાદિવિષયોની કૂંપળોવાળું આદિ ન અંતવાળું દઢવૈરાગ્ય વડે જ જેનો ક્ષય થાય છે. જેમ રસોઈ જો ઝેરી હોય એમ ખાનાર જાણે તો છોડી દે છે તેમ સમસ્ત સંસાર અનિત્ય છે એમ જાણતા જો કોઈ વૈરાગી બને તો આવા વૈરાગ્યશસ્ત્રથી તરત છેદાઈ જનારું આ છે.

જે ક્ષય કે પ્રલય પણ અભૌતિક રીતે જોતા શાસ્ત્રાધારે કહી શકાય જેમ કે નિત્યપ્રલય પ્રતિપળે જગત બદલાતું રહે છે. 'નૈમિતિકપ્રય' બ્રહ્માના એક દિવસ એટલે કે કલ્પાંતે સકળસૃષ્ટિનો બ્રહ્મામાં લય થાય પરંતુ સમૂળ નાશ ન પામે. બીજરૂપે અવિદ્યા અને તે સૂક્ષ્મ કારણ બની રહેતું હોવાથી જેમ ઉનાળે દેડકો સરોવરે ધરબાયેલો રહે અને દુર્દિને જાગ્રત થાય તેમ બ્રહ્માની રાત્રિમાં સૃષ્ટિ શાંત થાય અને દિવસ થતાં પુનઃ જાગૃત થતો સંસાર નૈમિતિક પ્રલય પામે છે. 'મહાપ્રલય' વિધાતૃના સો વર્ષ પુરા થતાં પામે તે. 'કર્મજન્ય પ્રલય' અવાંતર એક જાય તો એક રહે તે. 'આત્યંતિકપ્રલય એટલે મોક્ષ'. આ શરીરસાધન વડે આત્મા જે અસંગ શસ્ત્રથી પ્રાપ્ત કરે તે મોક્ષ છે- 'शरीरमाद्यं खलु धर्मसाधनम्।' જેને તુલસી વર્ણવતાં કહે છે बडे भाग मानुष तनु पावा। કે આધિ શંકર 'बद्धो हि को यो विषयानुरागी। का वा विमुक्तिः विषये विरक्तिः।' ગીતા આત્માના ઉદ્ધારની વાત આમ કરે છે- उद्धरेदात्मनात्मानम्। (ગી. ૬-૫)

સંસારમાં જે સીધો રહે તે સાધુ. અથવા 'हरिरेव जगत् जगदेव हरिः।' નરસિંહના મતે 'જાગીને જોઉં ત્યાં જગત દીસે નહીં', અજ્ઞાનમાં અટપટા ભાસ ભાસે'. આ સંસારને જ્ઞાનીભક્ત કે કર્મયોગી મનભાવન માર્ગે તેની દૃષ્ટિએ 'જે બને તે સ્વપ્નવત છે' એવું જુએ છે. ભક્ત જુએ કે આ પરમાત્માની લીલામાત્ર છે અને કર્મી કર્મવિપાક રૂપે જુએ છે. આ જગતનું કેવું છે? શું માતા જ્યારે બાળકને જન્મ આપે ત્યારે તેનામાંથી કંઈ પણ ઘટતુંય નથી કે વધતુંય નથી. તેવી રીતે પરમાત્માથી આર્વિભાવ પામતું જગત પરમાત્મશીલ રહે છે. ગીતાકાર તે પદ બારામાં કહેતા-

निर्मानमोहा जितसङ्गदोषा अध्यात्मनित्या विनिवृत्तकामाः।
द्वन्द्वैर्विमुक्तां सुखदुःखसंज्ञैर्गच्छत्यमूढाः पदमव्ययं तत्।
(ગી. ૧૫-૫)

નિર્માનમોહા એટલે કે જે રાગારગથી વિમુખ છે તે, જીતસંગદોષી એટલે કે-

सङ्गात् संजायते कामः कामात् क्रोधोडभिजायते।
क्रोधात् भवति संमोहः संमोहात् स्मृतिविभ्रमः॥
(गी-२-२६)

સત્સંગની મહિમાથી આપણે અજાણ નથી. જે ગંગા હિમાલયથી નીકળી ગંદા નાળાને મળે જ્યારે ત્યારે તે ગંગા અગંગા બને છે. તેમ જે કામસંગી ક્રોધી બને, ક્રોધી સંમોહવશ સર્વનાશને નોતરે છે એથી સર્વ દોષોને જીતનાર બને તેવી આજ્ઞા અને તેવો આને લાંઘી શકે છે. અધ્યાત્મનિત્ય પરમાત્મસ્વરૂપમાં નિત્યસ્થિતિ એટલે-

यस्तु आत्मरतिरेव स्यादात्मतृप्तश्च मानवः।
आत्मन्येव च संतुष्टः तस्य कार्यं न विद्यते॥
(गी. ५-१७)

જે આત્મરતિ છે. વિનિવૃત્તકામી એટલે કામ પ્રતિ વિકાર નહીં તે. દ્વન્દ્વોથી વિક્ષિપ્ત ન થનારની સ્થિતિ અન્યત્ર વર્ણવી છે જેમ કે-

दुःखेष्वनुद्विग्नमनाः सुखेषुविगतस्पृहः।
(गी.१४-२४)

આવો સાધક જ્યાં જાય તે સ્થળ પરપ્રકાશિત નથી રહેતું. તેનું વિવરણ આપતાં ભગવાન તેવા સ્થળનું નિરૂપણ કરતાં કહે છે તે જ મારું ધામ છે. 'न तद्भासयते सूर्यो' એક માત્ર બ્રહ્મનું તેજ માયાના પ્રિઝમમાંથી પસાર થતાં જગત અને જીવ પૃથક્ દેખાય છે. 'न सूर्यः न तपति। न यत्र वायुः वाति। यत्र न चन्द्रमा भाति। परं पदं यत्र गत्वा न निवर्तन्ते योगिनः। (બૃહદજાલોપનિષદ્-૮-૬)

તેનાથી જ સ્મૃત્યાદિનો નાશ થાય છે. સર્વ વેદ્ય તે છે. અરે વેદ કર્તા કે જ્ઞાતા પણ તે જ છે. તે પદ કેવું અને ત્યાં શું છે? તેની વાતો ઉપનિષદોમાં (શ્વેતાશ્વતેક ૧૪, મુંડક ૨૨-૧૦, કંઠ ૫-૧૫) કહેવાઇ છે.

न तत्र सूर्यो विभाति न चन्द्रतारकं नेमा विद्युतो भान्ति कुतोडयमग्निः।

तमेव भान्तमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं विभाति।

જીવ ઇશ્વરનો સનાતન અંશ છે. જેમ કે-

अविभक्तं च भूतेषु विभक्तमिव च स्थितम्।

(गी.१३.१६)

આ તો અપ્રકટ વિદ્યુત બલ્બે સાકાર થાય; સાથે સાથે ફ્રીજ, સબમર્શીબલ કે નાઇટલેમ્પમાં જેવી જેની આવશ્યકતા તે અનુસાર જેવું સાધન તેવા ગુણધર્મોમાં પ્રકટ થાય છે, તેમ ઇશ્વર જેવો જીવ તેવં તેનું સ્વરૂપ લઇ પ્રત્યક્ષ થાય છે. જેને તેરમા અધ્યાયમાં આમ કહ્યું.

सर्वेन्द्रियगुणाभासं सर्वेन्द्रियविवर्जितम्।

असक्तं सर्वभूत् चैव निर्गणं गुणभोक्तृ च ॥

(ગી. ૧૩-૧૪)

ગોસ્વામીજી લખે છે-

इश्वर अंश जीव अविनाशी। चेतन अमल सहज सुखराशी।

મુંડક તેને આ શબ્દોમાં કહે છે-

यथाप्रदीप्तात् पावकात् विस्फुलिङ्गा सहस्त्रशः प्रभवन्ते स्वरूपाः।
तथा अक्षरात् विविधाः जीवभावाः प्रजायन्ते तत्र चैवापि यन्ति॥

જેનો કોષ્ટકથી આમ સમજાવી શકાય.

સત્ત્વ
નિર્ગુણ બ્રહ્મ
મન બુદ્ધિ જગત
સગુણ
માયા- જીવભૂત
રજ તમ
અહંકાર

જ્ઞાનેશ્વરી કહે તેમ પ્રકૃતિની વાગુરાથી ત્વચાને દ્વાર બનાવી, સ્પર્શના ઘોર વનમાં ભટકવા લાગે, ક્યારેક નેત્ર દ્વારેથી નીકળીને રૂપમાં વિકાર કરતો જીવ સ્વૈરવિહારી બની, ઘ્રાણથી દેહાંશ બની, મન સમીપ રહેતો, શબ્દાદિકને ભોગવતો, અહંકર્તાપણાના પુરે ઠાઠ વધારતો રહે છે. જેમ સૂર્યની ઊંચાઇ, ઉદકથી વ્યાપ્તતા, કે વ્યોમની ઉન્નતતા અકલ્પનીય તેમ, અને તેની પુરાણી પ્રવૃત્તિ એટલે કે વન્ધ્યાસૂત જેવી ન હોતી પણ વર્તમાન, જગદભ્રનું આકાશ, આકાશજાતના વસ્ત્ર જેવી છે. તે મન સાથે ઇન્દ્રિયોને આકર્ષે છે.

જ્યારે તે શરીર પ્રાપ્ત કરે છે કે ત્યજે છે ત્યારે જેમ પવન પુષ્પમાંથી સુવાસને લઇ લે તેમ સૂક્ષ્મ ઇન્દ્રિયોને તે પોતાની સાથે લઇ જાય છે. જીવની ઉત્ક્રાંતિ અહીં જોઇ શકાય છે. સૌથી પ્રથમ અહીં સૂક્ષ્મ શરીર સ્થૂળમાં કેવી રીતે આવે છે અને બહાર નીકળે છે તેની વાત કરી છે. ગીતામાં સાંખ્યયોગે કહ્યું તેમ-

वासांसि जीर्णानि यथा विहाय नवानि गृह्णाति नरोडपराणि (ગી. ૨-૨૨)

તે જીવ વેગવતી નદીમાં જેમ કીટ આવર્તને અટવાય તેમ સંસારે ભ્રમણ કરતો સ્થૂળકોષ- મહાભૂતો, સૂક્ષ્મશરીર-પ્રાણમય કોશે, પંચપ્રાણ-જ્ઞાનેન્દ્રિય- કર્મેન્દ્રિય-તન્માત્રાત્મક થતો, મનોમયકોશે મન, વિજ્ઞાનમયકોશે બુદ્ધિવાળો બનતો, કારણ શરીરધારી આનંદમયકોશે વિચરતો, અહંકારયુક્ત ચોવીસ તત્ત્વોનો બનતો, છેલ્લે ઇશ્વર ત્રિદેહનો સ્વામી અને અંતતોગત્વા જીવાત્મા આશયસ્થિત આવાગમન પામતો રહે છે. સુખાદિ ભોક્તા વાસ્તવમાં આત્મા ન પણ અજ્ઞાને કર્તા-ભોક્તા બને છે. યથા-

आत्मेन्द्रियमनो युक्तं भोक्ता इति आहुः मनीषिणः।

(કઠ. ૧-૩-૪)

સાંખ્ય તેને અઢાર તત્ત્વોનું બનેલું માને છે. વેદાન્તસૂત્રો સૂક્ષ્મભૂત અને પ્રાણોને ઉમેરે છે. મૈત્રી ઉપનિષદ પણ આ જ અઢાર તત્ત્વોને સૂક્ષ્મશરીર કહે છે. મૂર્ખ તે નથી જોઇ શકતો પણ જ્ઞાની તે જોઇ શકે છે. સૂર્યમાં રહી સમગ્ર સૃષ્ટિમાં પ્રકાશ ફેલાવનાર તેજ, અગ્નિનું તેજ વ. પણ ઇશ્વરના છે. આત્માના સર્વવ્યાપીપણાને શ્રુતિ આમ કહે છે- स दाधार पृथिवीम्। तेज रसात्मक सोम। ચંદ્ર જલમય હોવાથી વસ્નસ્પતિ આદિની વૃદ્ધિ કરે છે. તે ઔષધપતિ એટલે જ કહેવાયો. 'सोमोभूत्वा रसात्मकः।' યોગીઓ તેને હૃદ્‌ગત કરતા અહીં નિરૂપાયું તે-

सर्वगतं सौक्ष्म्यादाकाशं नोपलिप्यते।

(ગી. ૧૩-૩૨)

સર્વત્ર સ્થિત દેહમાં પણ અલિપ્ત છે. સૂર્યાદિ તેજ મારાથી નીપજે. મારા સામર્થ્યથી પાણીમાં રસ, સર્વ વેદોમાં ઓમ શબ્દ, પુરુષનું પૌરુષત્વ હું છું. જેને 'एकं सद्विप्रा बहुधा वदन्ति।' કહેવાયું. દા.ત. ફળનો સ્વાદ જીભ, દર્શન આંખ કે સુગંધ માત્ર નાસિકા લઇ શકે; પણ ભિન્ન

ભિન્ન સાધનો વા ગુણો હોય તો પ્રક્રિયાના એક ભાગરૂપે જેમ તેમ. વિશ્વરૂપદર્શનમાં કહે છે જે વિભૂતિમય છે તે, જે ઉર્જિત છે તે મારો જ અંશ છે અને મારાથી જ ઉદ્ભવેલ છે. (ગી. ૧૦-૪૧)

તે જ વૈશ્વાનર બનીને પ્રાણીઓના દેહમાં રહે છે. અને ભક્ષ્યાદિ અન્નને પચાવે છે. શ્રુતિમાં કહેવાયું તેમ મનુષ્ય, ચાતક, વાલખિલ્ય અને સર્પ યોનિને પાર્થિવ, આપ્ય, તેજસ અને વાયવ્ય આમ ચતુર્વિધ અન્ન હું પચાવું છું. अन्नादि भवन्ति भूतानि અન્નદોષમાં સ્વભાવ, નિમિત્ત, આશ્રય કે દ્રવ્યદોષો હોય છે. સૌરભ, સૌરૂપ્ય, સૌરસ્ય અને સૌહિત્ય અન્ન લેહ્ય-ચોષ્ય-પેય-ભક્ષ્ય છે. તે સર્વના હૃદ્વાસી છે. પંચીકરણે તે અભિમાની દેવ વૈશ્વાનર કહેવાયો. આ બાબતે ભગવાનનું વચન-

अहं कतुराहं यज्ञः स्वधाडहमहमौषधम् ।
मन्त्रोडहमहमेवाज्यमहमग्निरहं हुतम् ॥
(ગી. ૯-૧૬)

તેને જ ચોથા અધ્યાયમાં જે બ્રહ્મ જ હવિઅગ્નિહુતકર્માદિ કહ્યું છે. ક્ષર-અક્ષર ને પુરુષના વિમર્શમાં ક્ષર એટલે સર્વભૂત 'क्षरो भावो पुरुषश्चाधिदैवतम् ।' (ગી. ૮-૪) અક્ષર એટલે કૂટસ્થ. તેને જ પરાપરાપ્રકૃતિ જેમાં ભૂમિ અનલવાયુખમનબુદ્ધિઅહંકાર આ પાઠ પ્રકારની (ગી. ૭-૪) કે ક્ષેત્રક્ષેત્રજ્ઞ (ગી. ૧૩-૧) અધિભૂત છે. ગગને જેમ રાત્રિ દિવસ તેમ બે પુરુષ. અંધ-પંગુન્યાયે બન્નેનો સંજોગ. જેમ ક ખાંડ-પાણી બરાબર શરબત. તેને બીજા શબ્દોમાં જ્ઞાનવિજ્ઞાનયોગે કહ્યું તેમ સુત્રમાં મણિગણવત્ જગતનો સૂત્રધાર છું કે-

त्वमक्षरं परमं वेदितव्यं त्वमस्य विश्वस्य परं निधानम्
(ગી. ૧૧-૧૮)

તે અદ્વય પુરુષ નામ-રૂપથી ક્ષર કારણરૂપથી અક્ષર અને કાર્યકારણરૂપથી પુરુષોત્તમ છે. આ જ -

उपदृष्टा अनुमन्ता च भर्ता भोक्ता महेश्वरः।
परमात्मा इति च अपि उक्तः देहेडस्मिन् ॥
(ગી. ૧૩-૧૨)

તે જ ષડધા એક ક્ષરાક્ષરથી વિલક્ષણ, બે દેહેસ્થિત પણ દેહાતીત, ત્રણ ત્રિલોકે વ્યાપ્ત, ચાર વિશ્વવ્યાપક પણ અવ્યય, પાંચ પ્રાણીમાત્રનો પોષક અને છ ઈશ્વર છે. સમગ્ર વિશ્વ તેનું પ્રકટીકરણ છે. આવું જે સમજે તે અસંમુઢ છે. બ્રહ્મ, માયા, અવિદ્યા, ઈશ્વર, વ. પરસ્પર સંબંધી જગત, સંસાર, બ્રહ્મ વ. અન્નાદિ તથા અનંત પણ અન્ય પાંચ અનંત નથી માત્ર અનાદિ છે. સંસાર અશ્વત્થ જે સાન્ત પણ અવ્યય છે. ઉભયભિન્ન ઉત્મતપુરુષ છે. તે પરમાત્મા નામથી ઓળખાય છે. આ બાબતે વિચારકોના મતો જોઇએ તો આદિ શંકરના મતે વ્યક્ત પ્રકૃતિ ક્ષર અને અક્ષર એટલે અવ્યક્ત પ્રકૃતિ. જેને સાતમા અધ્યાયમાં અપરાપરા પ્રકૃતિઓ કહી છે. રામાનુજાચાર્યના મંતવ્યાનુસાર પ્રકૃતિ એટલે જીવ અને અક્ષર એટલે પરમાત્મા. સાંખ્યના મતે પ્રકૃતિ અને પુરુષ બે તત્ત્વો કહ્યા છે-

इश्वरः सर्वभूतानां हृद्देशेडर्जुन तिष्ठति ।
(ગી. ૧૮-૬૧)

કહ્યું તેમ હું જ સર્વયજ્ઞોનો ભોક્તાદિ છું. જ્ઞાન-જ્ઞાતાથી શૂન્ય તે ઉત્તમ પુરુષ, જેમ રશ્મિમંડળથી સૂર્ય ભિન્ન, કાષ્ઠમાં અગ્નિ વિલક્ષણ અને જ્યાં સોહં પણ અસ્ત થાય. વકતા વસ્તુ, ઘ્રાણ પુષ્પ વચ્ચે સગંધવત કે હાથમાં સુત્ર આવવાથી સર્પભ્રાંતિ દૂર થાય તેમ-

उत्तमः पुरुषत्वन्यः परमात्मेतित्युदाहृतः।
(गी. ૧૫-૧૭)

આમ આ ગુહયતમ શાસ્ત્ર હે અનઘ તારા માટે મેં કહ્યું. તે જાણીને કૃતકૃત્ય થવાય છે.

(આચાર્ય, નલિનિ-અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર)

## આઇ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલમાં તમાકુની જોખમી અસરો અને તેના અટકાવ માટે યોજાયેલ કાર્યક્રમ

ચારુતર વિદ્યામંડળ દ્વારા સંચાલિત આઇ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલ (મા., ઉ.મા.) વિદ્યાનગરમાં વિનાયકા ઇન્સ્ટીટ્યૂટ ઓફ નર્સિંગના વિદ્યાર્થીઓ દ્વારા ધો-૧૧ના વિદ્યાર્થીઓ માટે 'તમાકુની જોખમી અસર અને તેના અટકાવ માટેના પ્રયાસ' વિષયક કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમ અંતર્ગત ધો:૧૧ના વિદ્યાર્થીઓમાં ઉપરોક્ત વિષયક જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો. વિનાયકા ઇન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગના વિદ્યાર્થીઓ દ્વારા ચાર્ટ, ફ્લેશ કાર્ડ, સ્લાઇડ શો, હેન્ડ આઉટ તથા ઓડિયો વિઝ્યુઅલ ઉપકરણોનો ઉપયોગ કરી કિશોરાવસ્થા અને તરૂણાવસ્થામાંથી પસાર થતા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓમાં જાગૃતિ ફેલાવવામાં આવી.

શાળાના આચાર્યશ્રી ડૉ. મહેશ સ્ટેલીન ખ્રિસ્તી દ્વારા વિષયને અનુરૂપ ઉદ્બોધન કરવામાં આવ્યું.

નર્સિંગના વિદ્યાર્થીઓ દ્વારા ધો:૧૧ના વિદ્યાર્થીઓનો પ્રિ-ટેસ્ટ તથા કાર્યક્રમમાં જાગૃતિ બાદ પોસ્ટ ટેસ્ટ લઇને સફળ સર્વે કરવામાં આવ્યો. ઇન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થીઓ દ્વારા ધો:૧૧ના વિદ્યાર્થીઓમાં તંદુરસ્તી અંગે જાગૃતતા ફેલાવવા બદલ આચાર્યશ્રીએ નર્સિંગના વિદ્યાર્થીઓનો આભાર માન્યો હતો.

# દક્ષિણ ગુજરાતમાં આદિવાસીઓના ઉત્કર્ષમાં સરદાર વલ્લભભાઈ પટેલનો ફાળો

દિવ્યેશ પટેલ

ભારતની પૂર્વકાલીન જાતિઓમાં આદિવાસીઓની ગણના કરવામાં આવે છે. આદિવાસીઓ ભારતના મૂળ નિવાસી છે. આ જાતિ આદિકાળથી વસવાટ કરતી હોવાથી તેને આદિમ જાતિ કે આદિવાસી નામ આપવામાં આવ્યું છે. ભારતમાં આદિજાતિઓ માટે સામાન્યઃ મૂળવતનીઓ, Aboriginal ગુઢ આત્મવાદીઓ, Primitiv આદિજાતિ, Subtlesuicide વનવાસી, ગિરિજન, ભૂમિજન, રાનીપરજ, કાળીપરજ, વગેરે જુદા-જુદા શબ્દો પ્રયોજાયેલા જોવા મળે છે. ભારનતી ૨૦૧૧ની વસતી ગણતરી મુજબ કુલ વસ્તીના ૮.૬ ટકા તેમજ ગુજરાતમાં ૧૪.૭૫ ટકા આદિવાસીઓ વસવાટ કરે છે. ભારતના બંધારણમાં આદિવાસીઓ માટે અનુસૂચિત જનજાતિ શબ્દનો ઉલ્લેખ કરેલો છે. ૨૦૦1 વસતી ગણતરી પ્રમાણે ગુજરાતના ૨૯ આદિવાસી જૂથો હતા. પરંતુ ઈ.સ. ૨૦૦૩માં કચ્છના કોળી, પારધી, એન દેવીપૂજકોની બાદબાકી થતા હાલમાં ૨૬ આદિવાસી જૂથો છે. ગુજરાતમાં પૂર્વ પટ્ટીના વિસ્તારમાં આદિવાસીઓની સંખ્યા વધુ પ્રમાણમાં વસેલી છે. ગુજરાતની કુલ આદિવાસી વસતીની લગભગ અડધી વસતી દક્ષિણગુજરાતમાં વસે છે. દક્ષિણ ગુજરાતમાં ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, વલસાડ અને ડાંગ એમ કુલ સાત જિલ્લાઓનો સમાવેશ થાય છે. દક્ષિણ ગુજરાતમાં ખાસ કરીને ભીલ, ગામીત, ચૌધરી, વસાવા, વારલી, તડવી, ધાનકા, નાયકા, ઢોડિયા, દુબળા, કુકણા, કાથોડી વગેરે આદિવાસી સમુદાયના લોકો વસે છે.

આઝાદી પહેલાં આદિવાસી સમાજ સ્થાનિક રજવાડા અને અંગ્રેજોના શોષણથી સતત પીડાતો રહ્યો હતો. પરિણામે આદિવાસી સમુદાય અને અંગ્રેજો વચ્ચે યુદ્ધો પણ લડાયા હતા. આ સમયે આદિવાસી સમાજ અંધશ્રદ્ધા, વહેમો, કુરિવાજો વગેરે જેવા અનેક દૂષણોથી ઘેરાયેલો હતો. અંગ્રેજોએ તેનો લાભ ઉઠાવી આદિવાસી સમુદાયને પોતાની તાકાત બનાવીને પોતાના જ ભાઈઓની સામે લડાવ્યા હતા. વળી, મોટા ભાગની આદિવાસી પ્રજા જંગલ અને ડુંગરાળ જેવા અંતરિયાળ વિસ્તારમાં વસવાટ કરતી હોવાથી વાહન વ્યવહાર, સંદેશાવ્યવહાર અને શિક્ષણ જેવી સુવિધાઓથી વંચિત રહી હતી. અંગ્રેજ શાસનકાળ દરમિયાન આઝાદી માટેની ઘણી લડતો અને ચળવળો થઈ હતી તેની સાથે-સાથે સમાજ સુધારાની ચળવળોએ પણ ઘણો વેગ પકડ્યો હતો. આ સુધારાની પ્રવૃત્તિમાં ઘણા-બધા આગેવાન નેતાઓ અને સેવાભાવી સમાજસુધારકોએ ઝંપલાવ્યું હતું. જેમાં ગાંધીજી, વલ્લભભાઈ પટેલ, ઠક્કરબાપા, જૂગતરામ દવે, નરહરિ પરીખ, કલ્યાણજી મહેતા, કુંવરજી મહેતા, ઘેલુભાઈ નાયક, રવિશંકર મહારાજ, મીઠુબહેન પીટીટ, ઉત્તમચંદ્ર શાહ વગેરેનો સમાવેશ થાય છે. જેમાંથી વલ્લભભાઈ પટેલે દક્ષિણ ગુજરાતમાં આદિવાસીઓના ઉત્કર્ષમાં જે પ્રદાન આપ્યું હતું તે અંગે વિગતે ચર્ચા કરતાં પહેલાં તેમના જીવન ચરિત્ર વિશે ટૂંકમાં પરિચય મેળવીએ.

એક આદર્શ સત્યાગ્રહી, લોખંડી પુરુષ, ભારતના ભાગ્ય વિધાતા, અખંડ ભારનતા શિલ્પી જેવા અનેક ઉપનામો ધરાવતા ઝવેર રત્ન એટલે સરદાર વલ્લભભાઈ પટેલ તેમનો જન્મ ૩૧મી ઓક્ટોબર ૧૮૭૫ના રોજ નડિયાદ મુકામે થયો હતો. તેમના પિતાનું નામ ઝવેરભાઈ અને માતાનું નામ લાડબા હતું. વલ્લભભાઈએ પ્રાથમિક શિક્ષણ કરમસદ, પેટલાદ અને નડિયાદની શાળામાંથી લીધું હતું. તેમના લગ્ન ૧૮૯૩માં ગાના ગામનાં વતની ઝવેરબા સાથે થયાં હતાં. સંસારરૂપી સુખમય જીવનમાં ડાહ્યાભાઈ ને મણિબહેન નામે બે સંતાનો થયાં હતાં. ઈ.સ. ૧૯૦૦માં ડિસ્ટ્રિક્ટ પ્લીડરની પરીક્ષા પાસ કરી ગોધરામાં વકીલાતની શરૂઆત કરી હતી. ઉચ્ચ અભ્યાસ માટે ઇંગ્લેન્ડ જઈ બેરિસ્ટરની ડિગ્રી પ્રાપ્ત કરી અમદાવાદમાં વકીલાતની શરૂઆત કરી. ઈ.સ. ૧૯૧૫માં ગાંધીજીનું ભારતમાં આગમન થતાં વલ્લભભાઈ તેમના સંપર્કમાં આવ્યા. વલ્લભભાઈએ જાહેર જીવનની શરૂઆત અમદાવાદ મ્યુનિસિપાલિટીથી શરૂ કરી. પછી તો, ખેડા, બોરસદ, નાગપુર, બારડોલી જેવા સત્યાગ્રહોની આગેવાની લઈ સફળ બનાવ્યા હતા. વિવિધ સત્યાગ્રહો દરમ્યાન વલ્લભભાઈએ અનેક વખત જેલવાસ પણ ભોગવ્યો હતો. બારડોલી સત્યાગ્રહનું સફળ સંચાલન કરી સરદારનું બિરુદ પણ મેળવ્યું હતું. ભારતની રાષ્ટ્રવ્યાપી આઝાદીની લડત પછી ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ના રોજ અંગ્રેજ હકુમતમાંથી આઝાદી મળી ત્યારે વલ્લભભાઈ ભારતના નાયબ વડાપ્રધાન, ગૃહપ્રદાન તથા રિયાસત ખાતાના મંત્રી જેવા મહત્ત્વના હોદ્દા સંભાળ્યા હતા. તેમણે દેશી રાજ્યોનું એકત્રીકરણ કરી એક અખંડ ભારતનું નિર્માણ કર્યું હતું. ૧૫ ડિસેમ્બર ૧૯૫૦ના રોજ સવારે ૯.૩૭ કલાકે વલ્લભભાઈ પટેલનું દુઃખદ અવસાન થયું. વલ્લભભાઈના મૃત્યુથી ભારતની આઝાદીની જંગમાં સેવા,

સમર્પણ અને શૌર્યની એક અદ્‌ભુત ઘટનાનો અંત આવ્યો.

વલ્લભભાઇ પટેલને સમાજના છેવાડાના માનવી પ્રત્યે એક સમાન અનુકંપા, સદ્‌ભાવના અને પ્રેમ હતો. તેથી જ તેઓ આદિવાસી સમુદાયની સમસ્યાને સારી રીતે સમજી શકતા હતા. પરંતુ વલ્લભભાઇના જીવનના શરૂઆતના વર્ષોમાં ડોકિયું કરતાં જણાશે કે જ્યારે વલ્લભભાઇ પટેલે ઇ.સ. ૧૯૦૦માં ડિસ્ટ્રિક્ટ પ્લીડર પરીક્ષા પાસ કર્યા પછી ગોધરામાં વકીલાતની શરૂઆત કરી ત્યારે તેઓ આજુ-બાજુના વિસ્તારમાં વસતા આદિવાસી સમાજ જીવનથી અપરિચિત રહ્યા હતા. ઇ.સ. ૧૯૧૬ સુધી વલ્લભભાઇ વ્યવસાય અને કમાણીમાં જ રચ્યા પચ્યા રહેલા જોવા મળે છે. ઇ.સ. ૧૯૧૭માં ગોધરામાં ભરાયેલી રાજકીય પરિષદના અંતે રચાયેલ સમિતિના વલ્લભભાઇ મંત્રી બન્યા. તે સમયે પરિષદના પ્રમુખ તરીકે ગાંધીજીએ વેઠપ્રથા નાબૂદીનો ઠરાવ પસાર કરી તેના નિવારણની જવાબદારી કાર્યકર્તાઓ તથા સમિતિના સભ્યોને આપી. ગાંધીજીએ કાર્યવાહક સમિતિને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે આવતી પરિષદ સુધી તમે વેઠપ્રથા દૂર ન કરાવી શકો તો ઘરે બેસી જવું પડશે, બંગડી-પહેરવી પડશે. વલ્લભભાઇને ગાંધીજીની આ તેજવાણી કાંટાની જેમ ખૂંચી. તેમણે પડકાર ઝીલવાની બાથ ભીડી. ખાસ કરીને પંચમહાલ જિલ્લામાં કે જ્યાં વેઠપ્રથા બહુ તીવ્ર હતી ત્યાં મોટું આંદોલન ચલાવ્યું હતું. વલ્લભભાઇએ વેઠની બાબતમાં મુંબઇ પ્રાંતના ઉત્તર વિભાગના કમિશ્નર તરીકે ગુજરાતમાં સરકારના મુખ્ય અધિકારી ફેડરિક પ્રાંટ પર પત્ર લખ્યો. પત્રનો સાર એવો હતો કે ''ગુજરાત સભા જનતાને બંધ કરાવનો આગ્રહ કરવા ધારે છે. અને વેઠ ગેરકાયદેસર હોવાનું સમજે છે. પણ આવું પગલું ભરવા અગાઉ સરકારે વેઠને કાયદેસર ગણે છે કે નહીં તેવું જાણવા સારે છે. વેઠ કાયદેસર ગણાતી હોય તો તે બાબતનો ખુલાસો સરકાર કરશે ખરી?'' વલ્લભભાઇએ આ પત્ર અંગે પૃચ્છા પણ કરી હતી. પરંતુ સરકાર તરફથી કોઇ જવાબ ન મળતા પંચમહાલ જિલ્લામાં મોટું આંદોલન ચલાવ્યું હતું. વલ્લભભાઇ માટે આદિવાસીઓના જીવનને જાણવાનો અને તેમના હક્કો માટે લડવાનો આ પહેલો પ્રસંગ હતો.ડૉ. ટીના દોશી લિખિત 'ગુજરાતના આદિવાસી આંદોલનો' નામના પુસ્તકમાં ઉલ્લેખ કર્યા મુજબ ''ઇ.સ. ૧૯૨૮ સુધી આદિવાસી પ્રજા વેઠ પ્રથાથી પીસાતી હતી.''

વલ્લભભાઇ પટેલે ખેડા સત્યાગ્રહની સફળતા પછી ઇ.સ. ૧૯૨૧-૨૨માં બારડોલીમાં ના કરની લડત અંગે ભરાતી જાહેર સભાઓમાં અચૂક હાજરી આપી લોક જાગૃતિનું કાર્ય કરતા હતા. તેઓ દેશના છેવાડાના નાગરિકો સ્વરાજ્યના પક્ષમાં ભાગીદાર બને એવા પ્રયત્નોને એક નક્કર દિશામાં આગળ વધારવા લાગ્યા. ઇ.સ. ૧૯૨૮નો બારડોલી સત્યાગ્રહ વલ્લભભાઇ માટે અને ત્યાં વસતા આદિવાસીઓ માટે બહુ મોટો ઐતિહાસિક પ્રસંગ હતો. આ સ્વાતંત્ર્યની ચળવળમાં મોટા ભાગના આદિવાસીઓ સત્યાગ્રહની વેદીમાં પોતાની જાતને હોમવા તત્પર બન્યા હતા. જેનો શ્રેય વલ્લભભાઇને ફાળે જાય છે. બારડોલી સત્યાગ્રહ વખતે તાલુકાની કુલ વસ્તી ૮૭,૦૦૦ હતી. જેમાંની ૪૯,૦૦૦ જેટલી વસતી (દુબળ ચૌધરી, ગામિત) આદિવાસી જાતિઓની હતી. જેઓ નિરક્ષર, પછાત અને મુખ્ય ધારાથી કપાયેલા હતા. એ રીતે જોતાં સત્યાગ્રહ જેવી બાબતો સાથે આવા સમુદાયને જોડવું વલ્લભભાઇ માટે લોઢાના ચણા ચાવવા સમાન હતું. આ માટે તેમણે પ્રથમ કાર્ય આદિવાસીઓને જાગૃત કરી સત્યાગ્રહ અને ના-કર આંદોલનના હેતુઓ સમજાવવાનું શરૂ કર્યું. તેમણે બારડોલી તાલુકામાં અનેક સભાઓ યોજી લડત અંગેના મુદ્દાઓ તેમની સમક્ષ પહોંચાડ્યા હતા. ઇ.સ. ૧૯૨૮ની બારડોલી લડતમાં આપેલા ભાષણો હાળીઓને (હળપતિ) કહ્યું હતું કે, ''તમને ભય લાગે છે કે તમને જપ્તી કરવા બોલાવશે તો શું કરશો? એ ડર જ કાઢી નાખો. તમે મરદો છો દૂબળા નથી. દૂબળો એટલે નબળો અને કાયર અને બાયલો. કાયર અને બાયલો તે જ કે જેમના હાડકાં ભાંગેલા છે. મને જેઓ તમારી મહેનત મજૂરી ઉપર આધાર રાખે છે. તમે ખેતરમાં મજૂરી કરો છો તમે મોટી ગુણો ઉપાડીને ચાર ગાઉ ચાલ્યા જાઓ છો, તમને કોણ દૂબાળ કહે?'' વલ્લભભાઇ પટેલના આવા તો અનેક ભાષણોમાં આદિવાસીઓની નિર્ધન અને પછાત સ્થિતિ તો વ્યક્ત થતી જ હતી. પરંતુ સાથે સાથે તેઓની જન્મજાત બહાદુરી અને વ્યક્તિગત અભિમાન પણ ઉજાગર કરતા હતા.

આદિવાસી ક્ષેત્રોમાં રચનાત્મક પ્રવૃત્તિ અને રાષ્ટ્રીય લડતોનું ક્ષેત્રકાર્ય એકંદરે જુદાં હોવા છતાં બન્નેની સમાંતરતાને લઇ બન્ને પ્રવૃત્તિઓને નોખી પાડવી મુશ્કેલ છે. રચનાત્મક કાર્યોમાં દારૂબંધી, સ્વચ્છતા, ખાદી, રાષ્ટ્રીય શિક્ષણ સામાજિક કુરિવાજોની નાબૂદી વગેરે જેવા કાર્યો એ સમયના આદિવાસી સમાજ જીવનમાં વિશેષ પ્રાસંગિક હતા. આમ આદિવાસી વિસ્તારોમાં જનજાગૃતિ લાવવા માટેનું ભગીરથ કાર્યનું બીડું વલ્લભભાઇએ ઉપાડ્યું હતું. તેમણે આદિવાસીઓ દ્વારા બોલાવવામાં આવેલી રાનીપરજ

પરિષદોના માધ્યમથી રચનાત્મક કાર્યક્રમો અમલી બનાવ્યા હતા. ઈ.સ. ૧૯૨૧ સુધીમાં ૧૧ જેટલી રાનીપરજ પરિષદો ભરાઇ હતી. વલ્લભભાઇએ ચાર જેટલી રાનીપરજ પરિષદોમાં પ્રમુખપદ પણ શોભાવ્યું હતું. જેમાં ઉનાઇ (૧૯૧૯), શેખપુર (૧૯૨૩), પુના (૧૯૨૯) અને મગરકુઇ (૧૯૩૫)નો સમાવેશ થાય છે. આ પરિષદોની કેટલી મહત્ત્વતા હતી તેને દર્શાવતાં ઇ.સ. ૧૯૨૫માં ગાંધીજીએ કહ્યું હતું કે જ્યાં સરદાર પ્રમુખ હોય ત્યાં મારે સંદેશો શાને આપવાનો હોય. આમ ખુદ ગાંધીજીની નજરે વલ્લભભાઇ પટેલ આદિવાસી પ્રવૃત્તિના પર્યાય હતા.

૨૯ એપ્રિલ ૧૯૨૮ના રોજ પૂના ગામ (તા. મહુવા, જી. સુરત) માં પાંચ હજાર રાનીપરજોને દારૂતાડી, માસાંહાર છોડવા તથા સ્ત્રીઓને ભારે ઘરેણાં ભાંગવા માટે અનુરોધ કર્યો હતો. તેઓ રાનીપરજોને દારૂતાડી, છોડવાના ફાયદાઓ પ્રત્યક્ષ બતાવતા હતા. વલ્લભભાઇ કહે કે ગાંધીજીએ મોકલેલા સંદેશાનો અક્ષરે અક્ષર જો પૂરેપૂરો પાળો, દારૂ છોડો, ખાદી અને રેટિયો અપનાવો તો તમારે ત્યાં લક્ષ્મીનો વરસાદ વરસે. એ સંદેશો આપણે પૂરા વેગથી ઝીલ્યો નથી જો પૂરા વેગથી ઝીલીએ તો એક વરસમાં આપણે દુનિયાને ઊંધી સત્તી કરી શકીએ. વલ્લભભાઇ પટેલે પરદેશી બ્રિટિશ શાસનની સાથે-સાથે દેશી રજવાડાંઓને પણ છોડ્યાં ન હતા. દેશી રજવાડા સામે રોષ ઠાલવતાં કહ્યું હતું કે ઉનાઇના મેળામાં પવિત્ર કુંડોમાં નાહિને પવિત્ર થવાને બદલે ચાર દારૂના પીઠ્ઠા ગોઠવવા એ હિંદુરાજાને શોભે ખરૂં? આઠમી રાનીપરજ પરિષદમાં વડોદરા રાજ્ય ઉપર નિશાન તાકતાં કહ્યું કે વડોદરા રાજ્ય ઉપર આપણા પોતાના જ દેશબંધુ અને આપણા પોતાના જ ધર્મબંધુ રાજ્ય કરે છે. તેમ છતાં તેઓ મદિરાનો વેપાર છોડી આપણને હજુ સુધી મદિરાપાનમાંથી બચાવવા તૈયાર નથી. રાજ્યને આવક કરવાની જરૂર હોય તો તેમ કરવાના બીજા અનેક રસ્તા છે પણ ગરીબ, અજ્ઞાન અને જંગલમાં વસતી કોમને દારૂ પીવડાવી પોતાનું મહેસૂલ વધારવું એ મહાપાપ છે. જે પ્રજા અજ્ઞાન અને રંક છે. જે ગરીબડી પ્રજા રાજ્યના આશ્રય ઉપર અને ઉજળિયાત પ્રજાની દયા ઉપર જ નભી રહેલી છે. તેમાં દારૂનો વેપાર કરવો અને તેવી પ્રજાને દારૂવાળાઓના જુલમો અને જાત-જાતની આંટી ઘૂંટીઓનો ભોગ થઇ પડવા દેવી તે ખરેખર એ પ્રજા ઉપર અત્યાચાર છે. વલ્લભભાઇએ આ મુદ્દો દેશી રજવાડાઓની ધીકતી દારૂની કમાણીનાં સંદર્ભમાં રજૂ કર્યો હતો. માત્ર નાના રજવાડાઓ જ નહી વડોદરા જેવા પ્રથમ કક્ષાના રાજ્ય સામે પણ આ મુદ્દે તેમનો અભિગમ આક્રમક રહ્યો હતો. એ સમયે ગાયકવાડ રાજ્યમાં નિશાળો ઉઘાડી હતી. પરંતુ નિશાળ કરતાં વધારે દારૂના પીઠા ખોલ્યા હતા. શિક્ષકો અને બીજા પણ પીતા હતા. લોકો જંગલી પરિસ્થિતિમાં જીવતા હતા. માત્ર લંગોટી પહેરતા માંસ મચ્છી દારૂ અને તાડી તેમનો ખોરાક હતો. તે દિવસોમાં અંધશ્રદ્ધા અને વહેમો ઘણા પ્રચલિત હતા. (તે સમયે ઇ.સ. ૧૯૨૨માં દક્ષિણ ગુજરાતમાં શરૂ થયેલી દૈવી આંદોલનની સારી એવી અસર વાલોડ બારડોલી, માંડવી, તાલુકાઓમાં વધુ પ્રમાણમાં જોવા મળી હતી.) આવા સમયે દારૂવાળાઓના જોરજુલમો અને જાત-જાતની આંટી ઘૂટીઓનો ભોગ આદિવાસીઓ ઉપર ભારે થઇ પડવા દેવા તે ખરેખર અત્યાચાર જ છે. એવું વલ્લભભાઇ સ્પષ્ટ પણે માનતા હતા. આ બાબતે આદિવાસીઓ જેવા નબળા સમુદાયો રાજ્ય સાથે અથડામણમાં આવી નુકસાન ન ભોગવે તેની વિશેષ કાળજી લીધી હતી. તેમના પ્રયત્નોને પરિણામે અને ગાંધી વિચારની અસર હેઠળ આદિવાસીઓને મદ્યપાન નિષેધનું અસરકારક આંદોલન ઊભું થયું હતું. આ કાર્યમાં મઢી, સરભોણ, વેડછી, બારડોલી, ડાંગ, મરોલીમાં સ્થપાયેલ આશ્રમો વેગ આપતા હતા.

આશ્રમનું આદિવાસીઓ માટે શું મહત્ત્વ હતું તે દેખાડતાં મઢી બજારના ભાષણમાં વલ્લભભાઇએ જણાવ્યું હતું કે તમારા તાલુકામાં બારડોલી તળમાં એક સ્વરાજ્ય આશ્રમ છે. એમ આ તાલુકામાં જ ઠેક-ઠેકાણે આશ્રમો કરવામાં આવ્યા છે. આ આશ્રમો તે કાંઇ માલપૂડા ખાઇને તાગડધિન્ના કરનારા બાવાઓના અખાડા ન સમજશો. જ્યારે પ્રજા ઉપર આફત આવી પડે ત્યારે તેઓની સેવા કરવા માટે આ આશ્રમો બનાવવામાં આવે છે. તેમાં રહેતા માણસો ભીડના પ્રસંગે તમારી સેવા માટે જ ત્યાં રહે છે. આમ, વલ્લભભાઇના મતે આદિવાસી વિસ્તારોમાં સ્થપાયેલા આશ્રમો સંકટ સમયની બારી સમાન હતા. તેઓ સતત દક્ષિણ ગુજરાતની દેખરેખ રાખતા અહિંયાં આવેલા આશ્રમો જેવા કે બારડોલી સ્વરાજ આશ્રમ, મરોલી, વેડછી, ડાંગ સ્વરાજ્ય આશ્રમ વગેરેની મુલાકાત લેતા હતા. બારડોલી સ્વરાજ્ય આશ્રમનું ઉદ્‌ઘાટન પણ ખુદ વલ્લભભાઇ પટેલે કર્યું હતું. આશ્રમો ચલાવવા માટ યોગ્ય કાર્યકર્તાઓની પણ તેઓ નિમણૂક કરતા હતા. જેમાં વેડછીમાં જૂગતરામ દવે, સરભોણમાં નરહરિ પરીખ, સ્વરાજ્ય આશ્રમમાં ઉત્તમચંદ શાહ, મરોલી આશ્રમમાં મીઠુબહેન પીટીટ તથા કલ્યાણજીભાઇ મહેતા, કરાડી કુટીરમાં દીલખુશ દીવાનજી, ડાંગ સ્વરાજ્ય આશ્રમમાં છોટુભાઇ નાયક અને ઘુલભાઇ નાયક હતા. આ આશ્રમોએ પોતપોતાના પછાત અને આદિવાસી

વિસ્તારોમાં રાષ્ટ્રીય શિક્ષણ, ખાદી, અસ્પૃશ્યતા નિવારણ, દારૂનિષેધ, ગ્રામોદ્ધાર વગેરે પ્રવૃત્તિઓ મારફત પછાત જાતિઓ અને આદિવાસીઓના આર્થિક અને સામાજિક જીવનમાં સુધારણા કરી એટલું જ નહિ, તેમનામાં રાષ્ટ્રીય ભાવના અને રાષ્ટ્રીય જાગૃતિનું સિંચન કર્યું. પિરણામ, સ્વરૂપે આદિવાસી પ્રજામાં જાગૃતિ આવતાં તેઓએ બારડોલી સત્યાગ્રહ, વ્યક્તિગત સત્યાગ્રહ, હિંદ છોડો જેવી લડતોમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

આજે આપણે દક્ષિણ ગુજરાતમાં આદિવાસી સમાજમાં જે કંઇ પ્રગતિ જોઇએ છીએ. તેમાં વલ્લભભાઇ પટેલે આદિવાસી સમુદાયના ઉત્કર્ષ માટે કરેલા પ્રયત્નોને આભારી છે.

**સંદર્ભગ્રંથોઃ**


૧. ગાંધી, રાજમોહન, સરદાર પટેલ એક સમર્પિત જીવન, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૨૦૧૦.

૨. ચૌધરી, શંકરભાઇ ન., સંસ્કૃતિ ગરિમા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, ૨૦૧૬.

૩. ઠક્કર, ચંદુભાઇ, રમેશચંદ્ર ત્રિવેદી( સંપા.), સુરત જિલ્લા સર્વસંગ્રહ, ગુજરાત સરકાર, ગાંધીનગર, ૧૯૯૪.

૪. ઠાકર, ધીરુભાઇ, ગુજરાતી વિશ્વકોશ ખંડ-૧, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ, ૨૦૦૯.

૫. દેસાઇ, નારાયણ વેડછીનો વડલો, ગ્રામસેવા સમાજ, વ્યારા, ૧૯૮૪.

૬. દેસાઇ, ઈશ્વરલાલ ઇ. રાનીપરજમાં રાષ્ટ્રીય જાગૃતિ, સ્વાતંત્ર્ય ઇતિહાસ સમિતિ, સુરત, ૧૯૭૧.

૭. દોશી, ટીના, ગુજરાતના આદિવાસી આંદોલનો, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, ૨૦૧૧.

૮. દોશી, યશવંત, સરદાર વલ્લભભાઇ પટેલનું જીવનચરિત્ર ભાગ-૧, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૨૦૧૨.

૯. પરીખ, નરહરિ, દ્વારકાદાસ, ઉત્તમચંદ દીપચંદ (સંપા.), સરદાર વલ્લભભાઇ પટેલના ભાષણો ૯૧૯૧૮થી ૧૯૪૭), નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૨૦૧૩.

૧૦. વસાવા, સુરેશ, રાનીપરજના ઉત્કર્ષમાં સરદાર પટેલની ભૂમિકા, અપ્રસ્તુત એમ.ફીલ. શોધ નિબંધ, ૨૦૧૪.

૧૧. વાઘેલા, અરૂણ સરદાર વલ્લભભાઇ પટેલ, રાષ્ટ્રીય સંગ્રહાલય (સ્મરણિકા) ૨૦૧૪.

૧૨. વ્યાસ, રજની, ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ, અક્ષર પ્રકાશન, અમદાવાદ, ૨૦૧૭.

૧૩. ત્રિવેદી મહેન્દ્ર, વલસાડ જિલ્લા સર્વસંગ્રહ, ગુજરાત સરકાર, ગાંધીનગર, ૧૯૯૦.



(પીએચ.ડી., શોધાર્થી, સેરલિપ, વલ્લભ વિદ્યાનગર, મો:૯૪૨૭૭૮૩૫૭૪)


॥ લઘુકથા ॥

## ઓળખ

આરતીબા ગોહિલ 'શ્રી'

મુનીમ પાસેથી બધા ખાતાની એન્ટ્રી વિશે સઘન ઉલટ-તપાસ કર્યા પછી પણ નવા આવેલા આઇ.ટી. ઇન્સ્પેક્ટરને સંતોષ થતો ન હતો.તે બધી ફાઇલ ફરી ચેક કરવા લાગ્યા. ધીમે-ધીમે તેમની બાજ નજરે ચોક્કસ પ્રકારની એન્ટ્રી ઓળખી કાઢી. અચાનક તેમની નજર એક જગ્યાએ અટકી. 'કૂતરા-ખાતું' એવું લખાણ નજરે ચડ્યું.

તેમણે ફરી સમજવાને પ્રયત્ન કર્યો....! કૂતરા-ખાતું? પોતાના મગજને જોર આપ્યું. તમામ કાબેલિયત કામે લગાડી. મગજમાં એકદમ ચમકારો થયો. ચશ્મા ઉતાર્યાં. 'કેમ પકડી પાડ્યાને...?' એવા અંદાજ સાથે રીતસર બરાડી ઉઠ્યા, 'મુનીમજી આ એન્ટ્રી જરા વિગતે સમજાવશો?'

મુનીમે ચશ્માની આરપાર જોયું. હસીને જવાબ આપ્યો, 'શહેરમાં નવા છો સાહેબ... ?

નોકરીમાં હમણાં જ લાગ્યા છો? ધીમે-ધીમે બધું સમજાઇ જશે...! '

'એટલે... ? મને ઇન્કમટેક્ષના નિયમોની ખબર નથી, એમ કહેવા માંગો છો?'

મુનીમે ઠંડાપેટે જવાબ વાળ્યો, 'અરે.. હોય સાહેબ...! આ ખર્ચા તો... આપ...ના માણસો... ન સમજાયું સાહેબ? ઘરમાં શેઠાણી, પાળેલા, બીમાર જનાવરો પર જે ખર્ચ.... તે બધા ખર્ચની વિગત છે..!' આંખ મિચકારતાં મુનીમે સ્પષ્ટતા કરી.

સાહેબે, 'કૂતરા-ખાતા' પર આંખો સ્થિર કરી, ઓળખાણ પાકી થઇ. પોતે પાલતું જાનવરોની લાઇનમાં નથી ને, તેની ખાતરી કરી, ખુરશીમાંથી એક ઝાટકે ઊભા થઇ આગળની કાર્યવાહી માટે મક્કમ બન્યા.


('સુધાતા', ૯૫-એ, રૂપાલી સોસાયટી, તળાજા જકાતનાકા, ભાવનગર-૩૬૪૦૦૨ મો.

॥ અભ્યાસ ॥

# ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણમાં ગ્રંથાલયનો ફાળો

**જિજ્ઞેશ મકવાણા**

**સાર (Abstract):**

શિક્ષણ ક્ષેત્રનો વિકાસ કરવા વિવિધ પ્રકારના પ્રયત્નો કરવામાં આવે જ છે. આજે સમાજ શિક્ષિત હોય તે અત્યંત જરૂરી છે. શિક્ષણનો વ્યાપ વધારવા માટે સરકાર દ્વારા વિવિધ પ્રયત્નો કરવામાં આવે છે. અને આ ગ્રંથાલયોનો તો વિશિષ્ટ ફાળો છે. શિક્ષણ વિદ્યાપીઠોમાંથી પણ મેળવી શકાય છે અને સ્વઅધ્યયનથી પણ.

સમાજની ઉન્નતિ અને વિકાસમાં યોગદાન પુરું પાડવાની સંસ્થાઓમાં શૈક્ષણિક સંસ્થાઓની સાથોસાથ ગ્રંથાલય પણ એક મહત્ત્વરૂપ સંસ્થા કહેવાય છે. કારણ કે ગ્રંથાલયો પ્રલેખોનાં માધ્યમ દ્વારા વિદ્વાનોનાં વિચારોને એક જગ્યાએથી અન્ય જગ્યાએ પ્રસારિત કરવામાં મહત્ત્વરૂપ કાર્ય કરે છે. ગ્રંથાલયો ઉપયોગકર્તાની માહિતી જરૂરિયાતને યોગ્ય રીતે સમજી તેમને ઈચ્છિત માહિતી પૂરી પાડે છે, તેમજ માહિતી પ્રાપ્તિમાં જો કોઈ મુશ્કેલી ઊભી થાય તો માર્ગદર્શક તરીકે પણ કાર્ય કરે છે. આમ આજના ગ્રંથાલયો Information Center fu Information Communication Centerનાં રૂપમાં વધુ પ્રમાણમાં કાર્ય કરતા જોવા મળે છે.

લાઈબ્રેરી મૂળભૂત રીતે સંસાધનોનું એક સંગઠિત સમૂહ છે, જેમાં માનવીય સેવાઓ તેમજ મીડિયાના સમગ્ર સ્પેક્ટ્રમનો સમાવેશ થાય છે (ઉ.દા .., ટેક્સ્ટ, વિડિયો, હાઈપરમીડિયા). પુસ્તકાલયો પાસે ભૌતિક ઘટકો છે જેમ કે જગ્યા, સાધનસામગ્રી અને સંગ્રહસ્થાન મીડિયા; બૌદ્ધિક ઘટકો જેમ કે સંગ્રહની નીતિઓ જે નિર્ધારિત કરે છે કે કઈ સામગ્રી સમાવિષ્ટ કરવામાં આવશે? સંસ્થાકીય યોજનાઓ જે નિર્ધારિત કરે છે કે સંગ્રહ કેવી રીતે એક્સેસ થાય છે; લોકો ભૌતિક અને બૌદ્ધિક ઘટકોનું સંચાલન કરે છે અને માહિતી સમસ્યાઓ ઉકેલવા માટે વપરાશકર્તાઓ સાથે ક્રિયાપ્રતિક્રિયા કરે છે.

**ચાવીરૂપ શબ્દો (Keywrods):**

ગ્રંથાલય, શિક્ષણ, ઔપચારિક શિક્ષણ, અનૌપચારિક શિક્ષણ, શિક્ષણ વિકાસ, સાક્ષરતા, નિરક્ષરતા

**પ્રસ્તાવના (Introduction) :**

ભારતીય સંસ્કૃતિ કૃષિ પ્રધાન છે અને કદાચ આજે પણ કહેવું યોગ્ય છે કે ૭૪% લોકો શિક્ષિત અને ૨૬% લોકો અશિક્ષિત છે. પરંતુ વ્યક્તિગત વિકાસ, સમાજનો વિકાસ, દેશ અને રાષ્ટ્રનો વિકાસ શિક્ષણ પર જ અવલંબે છે.

પહેલાના સમયથી જ ભારતીય સંસ્કૃતિ એ ઋષિમુનિઓ અને વેદોની સંસ્કૃતિ રહી છે. તે સમયે જ્ઞાન મેળવવા માટે આશ્રમોમાં અભ્યાસ કરવામાં આવતો હતો. તેમાં જ્ઞાન, કલા, કૌશલ્યો, ધર્મજ્ઞાન, વ્યવહારિક જ્ઞાન વગેરેનો સમાવેશ થાય છે. શિક્ષણથી જ માનવીનો, સમાજનો, દેશનો અને રાષ્ટ્રનો વિકાસ થાય છે. એટલે કે શિક્ષણ ક્ષેત્રે પગલા લેવાવા જરૂરી છે, તો ગ્રંથાલય આ તકને ઉત્સાહથી ઝડપી રહી છે તેમ કહેવુ યોગ્ય છે.

**શિક્ષણના તબક્કા (Phases of Education) :**

શિક્ષણ માટે જે પાંચ તબક્કાઓ માનવામાં આવ્યા છે તેમાં,

૧. પ્રાથમિક શિક્ષણ
૨. માધ્યમિક શિક્ષણ
૩. ઉચ્ચ શિક્ષણ
૪. બુનિયાદી શિક્ષણ
૫. સામાજિક શિક્ષણ

**શિક્ષણના ઉદ્દેશ્યો (Objectives of Education) :**

શિક્ષણના મુખ્ય ઉદ્દેશ્યોને ખૂબજ સ્પષ્ટ અને ટૂંકમાં દર્શાવીએ તો,

૧. જ્ઞાન અને કૌશલ્ય પ્રાપ્ત કરવું.
૨. મૂલ્યોને જાગૃત કરવા.
૩. વ્યાવસાયિક કૌશલ્ય પ્રાપ્ત કરવું.

**શિક્ષણમાં ગ્રંથાલયોનો ફાળો (Role of Library in Education) :**

સમાજની શૈક્ષણિક જરૂરિયાત સંતોષવા માટે કેટલીક શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે શાળા, કોલેજ, યુનિવર્સિટી વગેરે કાર્યરત રહે છે. સાર્વજનિક ગ્રંથાલયે આ શૈક્ષણિક સંસ્થાઓની સહાયક કામગીરી કરવાની રહે છે. દિન-પ્રતિદિન વિદ્યાર્થીઓની વધતી જતી સંખ્યા અને અપૂરતી સુવિધાઓને કારણે વિદ્યાર્થીઓની તમામ શૈક્ષણિક જરૂરિયાતને સંતોષવા માટે શૈક્ષણિક ગ્રંથાલયો હોતા નથી. એટલે જ સાર્વજનિક ગ્રંથાલયે આ કાર્ય પૂર્ણ કરવાનું રહે છે, અને વિદ્યાર્થીઓને અમર્યાદિત રીતે શિક્ષણની સુવિધા પૂરી પાડવાની રહે છે. કારણ કે દેશનો વિકાસ અને ઉન્નતીના પાયામાં પ્રજા શિક્ષણની વ્યાપકતા રહેલી છે. આપણે એ પણ જાણીએ છીએ કે સાક્ષર દેશોનો

વિકાસ કેટલા પ્રમાણમાં ઝડપથી થઇ શકે છે. સાક્ષર લોકો રાષ્ટ્ર પ્રત્યેનું ઋણ અને રાષ્ટ્રની પોતાનાં માટેની જવાબદારી બરાબર સમજી શકે છે.

**શિક્ષણના પ્રકાર અને ગ્રંથાલયોનો ફાળો (Types of education and Role of library) :**

સામાન્ય મત પ્રમાણે શિક્ષણને બે ભાગમાં વહેંચવામાં આવે છે.

**ઔપચારિક શિક્ષણ (Fromal Education) :**

આ પ્રકારનું શિક્ષણ મેળવવા વ્યક્તિએ શાળા, મહાવિદ્યાલય કે વિશ્વવિદ્યાલયનો સહારો લેવો પડે છે. ઔપચારિક શિક્ષણ એ અમુક નિયમો સાથે સંકળાયેલ હોય છે. જેમ કે તેમાં અમુક ચોક્કસ અભ્યાસક્રમો, પરીક્ષાઓ, પદ્ધતિઓ વગેરેનો સમાવેશ થાય છે. તેમજ આ પ્રકારનું શિક્ષણ વર્ગખંડોમાં જ આપવામાં આવે છે.

ઔપચારિક શિક્ષણ આપતી સંસ્થાઓ સાથે ગ્રંથાલય જોડાયેલ હોય છે. ખાસ કરીને કોલેજ અને યુનિવર્સિટી કક્ષાએ વર્ગખંડમાં અપાતું શિક્ષણ પૂરતું નથી. એટલે કે જે તે વિષયના પાઠ્યપુસ્તકોનો અભ્યાસ પૂરતો નથી. જે તે વિષયનો ઉંડાણપૂર્વક, ગહન અને તલસ્પર્શી અભ્યાસ કરવા માટે જે તે વિદ્યાર્થીઓએ અલગ અલગ ઈીકીીહિષ્ઠી ર્દ્વાજ નું વાંચન કરવું, તેમજ તેનું વિશ્લેષણ કરવું અનિવાર્ય છે, અને તે ગ્રંથાલય દ્વારા જ શક્ય બને છે. કારણ કે તે વિવિધ વિષયો ઉપરની વાંચન સામગ્રીની વિશાળ રેન્જ પૂરી પાડે છે. આમ ગ્રંથાલય શિક્ષણની પ્રક્રિયામાં સહાયરૂપ બને છે. ગ્રંથાલય જે તે વિષયમાં થતા નવાં નવાં સંશોધન જે તે વિદ્યાર્થી, અધ્યાપકોને પૂરા પાડે છે. જેથી તેઓની તર્કશક્તિ અને કલ્પનાશક્તિમાં પણ વધારો થાય છે.

**અનૌપચારિક શિક્ષણ (Infromal Education) :**

આ પ્રકારનું શિક્ષણ કોઇ શાળા, કોલેજ કે યુનિવર્સિટીના Classroom માંથી પ્રાપ્ત થતું નથી, એટલે એમ કહી શકાય કે ઔપચારિક શિક્ષણ અમુક કક્ષાએ કે ઉંમર બાદ પૂરું થઇ જાય છે. જ્યારે અનૌપચારિક શિક્ષણ આજીવન ચાલુ રહે છે, જે વ્યક્તિ પોતાની રસ રુચિ ઈચ્છા પ્રમાણે પ્રાપ્ત કરે છે. આમ વ્યક્તિ પોતાના જીવનકાળ દરમિયાન જે કંઇ શીખે કે પ્રાપ્ત કરે તે અનૌપચારિક શિક્ષણ કહી શકાય.

આ શિક્ષણ માટે ઉત્તમ સંસ્થા એટલે ગ્રંથાલય અને તેમાં પણ સાર્વજનિક ગ્રંથાલય તે માટે પૂરેપૂરું સક્ષમ છે. કારણ કે ગ્રંથાલયમાં જાતિ, ધર્મ, વર્ણ, સંપ્રદાય, ઉંમર, વિચારધારા વગેરેનો પ્રતિબંધ રહેતો નથી તથા તેના દ્વાર સૌના માટે ખુલ્લા હોય છે. બીજા અર્થમાં એમ કહી શકાય કે ગ્રંથાલય પ્રજાજીવનનું એવું ચિરવર્ધમાન વિશ્વવિદ્યાલય છે જેમાં પ્રજા જીવનના પુનઃ નિર્માણની અદ્ભુત શક્તિને સંગ્રહ કરી શકે છે.

ભારત જેવા લોકશાહી દેશમાં લોકશાહીની ખરી સફળતાનો આધાર તેની પ્રજાના વિચારો પર રહેલ છે. શિક્ષિત પ્રજા જ પોતાના તંદુરસ્ત વિચારને લોકો સમક્ષ રજૂ કરી શકે છે. ગ્રંથાલય એ પ્રજાશિક્ષણ અને પ્રજાચેતના માટે મુખ્ય અને સક્રિય માધ્યમ છે. જ્યાં માત્ર ગ્રંથોની આપ-લે થતી નથી પરંતુ લોકોને જાણવા માટેની અભિલાષા ઉત્પન્ન કરે છે.

ગ્રંથાલય એ પ્રજાશિક્ષણ માટે એક જાગૃત શક્તિ છે. લોકશિક્ષણ માટેની સર્વોપરિતા યથાર્થ કરવા માટે, જ્ઞાનનો ફેલાવો કરવા માટે, એક સુદ્રઢ સમાજની રચના કરવા માટે, રાજનૈતિક ચેતનાની ભાવના જાગૃત કરવા માટે પ્રજાને શિક્ષિત બનાવવાનું કામ ગ્રંથાલય જ કરે છે.

**આઝાદી બાદ ગ્રંથાલય શિક્ષણ (Library Education after Independence) :**

સામાન્ય રીતે જે દેશ સ્વતંત્ર હોય તે દેશ પોતાનો વિકાસ સાધી શકે છે અને લોકોને સમાજ પ્રત્યેની ફરજ તરફ અંગુલિનિર્દેશ કરી શકે છે. યુદ્ધના સમયમાં જોઇએ તો ગ્રંથાલયોની જવાબદારી સવિશેષ રહે છે. કારણ કે આ સમયે લોકો શારીરિક રીતે અને માનસિક રીતે પણ ભાંગી પડે છે. આ સમયે ગ્રંથાલય લોકો દ્વારા જે અફવા ફેલાવવામાં આવેલ હોય તેના બદલે વાસ્તવિક પરિસ્થિતિની જાણ કરે છે.

ગ્રંથાલય શૈક્ષણિક સંસ્થાની જેમ માત્ર સૈધ્ધાંતિક જ નહી વ્યવહારીક શિક્ષણ પણ પૂરું પાડે છે, જે મોટાભાગે આર્થિક ઊપજમાં મદદરૂપ થઇ શકે છે. ઉપયોગકર્તા ગ્રંથાલયમાંથી માહિતી ઘરે લઇ જઇ શકે છે. સમયના બંધન વિના નિરાંતે વાંચી શકે છે. ઉપરાંત મોટા શહેરોમાં Mobile Library પણ કાર્યરત હોય છે. આમ દરેક વખતે ઉપયોગકર્તાને ગ્રંથાલયમાં આવવું પડતું નથી.

ડિજિટલ લાઈબ્રેરીઓ સ્રોતો વચ્ચેના ભૌતિક અવરોધો તોડીને, દૂરસ્થ વપરાશને મંજૂરી આપવા માટે તકનીકી અને માહિતી સંસાધનોને એકરૂપ કરે છે. આ સ્રોતો શીખનારાઓના ચોક્કસ સમુદાયોની જરૂરિયાતોને પૂરી કરવા માટે વિશિષ્ટ રહેશે, તેમ છતાં ડિજિટલ લાઇબ્રેરીઓ શિક્ષકો અને વિદ્યાર્થીઓને વિશાળ શ્રેણીની

સામગ્રીનો લાભ લેવા અને ઔપચારિક શિક્ષણ પર્યાવરણની બહારના લોકો સાથે વાતચીત કરવાની મંજૂરી આપશે.

**સમીક્ષા (Conclusion) :**

ઔપચારિક શિક્ષણ નિશ્ચિત સમય અને ઉંમરનું બંધન રાખે છે. પરિણામે તે રૂઢિવાદી શિક્ષણ પણ કહેવાય છે. જ્યારે અનૌપચારિક શિક્ષણ ગ્રંથાલયો દ્વારા જ આપવામાં આવે છે. જે સામાજિક શિક્ષણનો દરજ્જો કહી શકાય છે.

સમયનું બંધન, પાઠ્યક્રમની મર્યાદા કે નિશ્ચિત અભ્યાસક્રમ જ્યાં ન હોય તેમ છતાં વ્યક્તિને શિક્ષિત બનાવવાની કોશિશ કરવામાં આવે એવી સંસ્થાઓમાંની એક સંસ્થા ગ્રંથાલય છે. આપણા દેશમાં અલ્પશિક્ષિણનું પ્રમાણ સવિશેષ છે જેઓ શાળાએ જવાનું આજે વટાવી ચૂક્યા છે, તેઓને શાળામાં મૂકીને શિક્ષિત ન જ બનાવી શકાય અને આજનો નાગરિક અલ્પશિક્ષિત કે નિરક્ષર રહે તે પણ યોગ્ય નથી. એટલેજ દેશના દરેક લોકોને નાગરિકત્વનું શિક્ષણ પ્રાપ્ત થાય તે જરૂરિયાત ગ્રંથાલય દ્વારા પૂરી થાય છે. આમ જનશિક્ષણના વ્યાપક પ્રસારમાં ગ્રંથાલયોનો બૃહદ ફાળો છે.

## સંદર્ભો (References):


1. Sharma Pandey S. K. (1992). Libraries and Society. New Delhi: Ess Ess publications.
2. Kumar, P. S. G. (2012). Foundation of Library and Information Science. Delhi: B. R. publishing Corporation.
3. https://ils.unc.edu/~march/cacm95/mainbody.html
4. http://shodhganga.inflibnet.ac.in/bitstream/10603/43279/9/09_chapter%201.pdf.
5. https://files.eric.ed.gov/fulltext/ED510133.pdf
6. http://community.today.com/parentingteam/post/formal-vs-informal-education
7. http://enhancinged.wgbh.org/started/what/formal.html
8. https://drsaraheaton.wordpress.com/2010/12/31/formal-non-formal-and-informal-learning-what-are-the-differences/
9. http://www.ala.org/tools/research/librariesmatter/category/educational-role-library



(Assistant Professor, PG Department of Library & Information Science, Sardar Patel University, Vallabh Vidyanagar, Dist: Anand Gujarat, PIN: 388120, Phone: 02692 226880, Cell: +91 99243 37391)


### લેખ સામગ્રી અને ગ્રંથાવલોકન

ચારુતર વિદ્યામંડળના પ્રતિષ્ઠિત મુખપત્ર 'વિ-વિદ્યાનગર' માટે લેખસામગ્રી સહિતની મૌલિક રચનાઓ તંત્રીશ્રીના સરનામે પાઠવવા સાહિત્ય-સાહિત્યેતર ક્ષેત્રના કલમકશો અને સંશોધકોને ભાવભીનું ઈજન છે. આપને ખાસ વિનંતી એ કરવાની કે આપની અન્યત્ર પ્રકાશિત ના થયેલી અથવા ના પાઠવેલી મૌલિક કૃતિનું મૂળ લખાણ જ પાઠવવું અથવા ટાઈપ થયેલી નકલ હોય તો તેની સાથે સાથે પત્રનોંધમાં 'વિ-વિદ્યાનગરને પાઠવેલી કૃતિ/લેખ અન્ય કોઈ સામયિક/પ્રકાશનમાં પ્રકાશિત થયેલી નથી' એવી બાંહેધરીની નોંધ અચૂક મૂકવી. આ સિવાયની લેખ/કૃતિ કે અન્ય સામગ્રી પ્રકાશન માટે સ્વીકારવામાં નહીં આવે. 'વિ-વિદ્યાનગર'માં ગ્રંથાવલોકન ઈચ્છુક પ્રકાશકો-સર્જકોએ નવપ્રકાશિત ગ્રંથની બે નકલ તંત્રીના નામે પાઠવવી અનિવાર્ય છે.

### વાચક પ્રતિભાવ

'વિ-વિદ્યાનગર' સામયિક હવે ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ www.ecvm.net પર જાન્યુઆરી-૨૦૧૦થી મૂકાય છે. સામયિકના ગ્રાહકો-વાંચકોના પ્રતિભાવો, સૂચનો અને અન્ય પ્રકાશનયોગ્ય સામગ્રી માટે પણ નિયમિત રીતે જગ્યા ફાળવાશે. તમારા પ્રતિભાવો ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં પાઠવવાની મોકળાશ અનુભવશો.

તમે ઈમેઈલઃ editor.vidyanagar@gmail.com પર પણ પાઠવી શકો છો.

# આધુનિક ભારતમાં ટેક્નોલોજીકલ ક્રાંતિઓ- એક ઝલક (રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ, મે ૧૧ નિમિત્તે)

કમલનયન ન. જોષીપુરા

મે ૧૧, ૧૯૯૮ના દિવસે રાજસ્થાનના નિર્જન રણવિસ્તારમાં ભારતના વિજ્ઞાનીઓની ટુકડીએ કેવળ પ્રાયોગિક હેતુસર ન્યુક્લિયર ફ્યુઝન તેમજ ફિશન બોંબનું નિયંત્રણ હેઠળનું પરીક્ષણ કરી બતાવ્યું. તે ઘટના હવે Pokharan-II તરીકે ઓળખાય છે. આ પ્રસંગે તત્કાલીન પ્રધાનમંત્રી શ્રી અટલ બિહારી વાજપેયીએ ભારતમાં મે માસની ૧૧મી તારીખને 'રાષ્ટ્રિય ટેક્નોલોજી દિવસ' તરીકે ઉજવવાની ઘોષણા કરી. ત્યારથી દર વર્ષે ભારતભરમાં આ દિવસે પ્રસંગોચિત કાર્યક્રમો યોજાય છે. ટેક્નોલોજી દિવસ આપણા દેશની ઔદ્યોગિક ક્ષેત્રોમાં થયેલ પ્રગતિ અંગેના લેખાં-જોખાં લેવાનો એક અવસર પૂરો પાડે છે. આધુનિક જમાનાની ઝલક મેળવીએ તે પહેલાં ભૂતકાળમાં જરા ડોકીયું કરીએ તો જ્યારે ઇંગ્લેન્ડ-યુરોપ-અમેરિકામાં ઔદ્યોગિક ક્રાંતિ થવા લાગી હતી ત્યારે આપણો દેશ ગરીબી અને ગુલામીમાં રીબાતો હતો. જોકે, તેવામાં ક્યાંક ક્યાંક આશાનાં કિરણો પ્રગટવા લાગ્યાં. આપણે ઉલ્લેખ કરીએ આશરે ૧૮૬૫ના અરસાનો કે જ્યારે અમદાવાદના એક ઉદ્યોગ-સાહસી રણછોડલાલ છોટાલાલે સૌ પ્રથમ કાપડની મિલ શરૂ કરી અને આગળ જતાં અમદાવાદ એ ભારતનું 'મેનચેસ્ટર' બન્યું. તે ઘટનાના સોએક વર્ષ બાદ ડૉ. વિક્રમભાઇ સારાભાઇએ Ahmedabad Textile Industries Research Association - ATIRAની સ્થાપના કરીને ઉદ્યોગોમાં 'આર એન્ડ ડી'ની દિશામાં પહેલું પગલું ભર્યું. વળી ગુલામીના સમયના લોખંડ - પોલાદ ઉદ્યોગના પ્રણેતા જમશેદજી તાતાને તો કેમ ભૂલાય? ૧૯મી સદીના અંત ભાગે કંઇક આકસ્મિક રીતે જ આસામમાં ખનિજ તેલ મળી આવ્યું અને ભારતમાં તેલકૂવાના સારકામ અને તેલ શુદ્ધિકરણની રિફાઇનરીનો આરંભ થયો. નજીકના ભૂતકાળની વાત કરીએ તો આઝાદી બાદ અન્ન ઉત્પાદન વધારવાના હેતુથી જળબંધો બાંધવાની શરૂઆત થઇ, અને તે સંદર્ભે ભાખરા-નાંગલ યોજના એક મોટી સફળતા હતી. તત્કાલીન પ્રધાનમંત્રી શ્રી જવાહરલાલ નેહરુએ આવાં સ્થળોને આધુનિક ભારતનાં મંદિરો તરીકે બિરદાવ્યાં. આપણે ત્યાં ગુજરાતમાં મહત્ત્વાકાંક્ષી નર્મદા યોજના ખૂબ રાહ જોવરાવ્યા પછી સાકાર થયેલ છે.

પરંતુ અહીં તો આપણે વાત કરવી છે કેટલીક ટેક્નોલોજીકલ ક્રાંતિઓની કે જેમાં આધુનિક વિજ્ઞાને પાયાનું પ્રદાન કરેલ છે. તે દૃષ્ટિએ જોતાં આઝાદી બાદ દેશમાં જે બહુ આયામી ટેક્નોલોજીકલ વિકાસ થયેલ છે તે અંગે નીચે મુજબની એક યાદી બનાવી શકાય.

૧. દશાંશ ક્રાંતિ, મેટ્રીક પદ્ધતિનાં તોલમાપનો અમલ.
૨. પેટ્રોલિયમ અને રસાયણ ક્રાંતિ.
૩. ન્યુક્લિયર વિજ્ઞાન તેમજ અંતરીક્ષ વિજ્ઞાનના ક્ષેત્રે ટેક્નોલોજીકલ ક્રાંતિ.
૪. કૃષિ કે 'હરિયાળી ક્રાંતિ' તેમજ દૂધ કે 'શ્વેત' ક્રાંતિ.
૫. કમ્પ્યુટર-આઇસીટી-ડીજીટલ ક્રાંતિ તેમજ એ-આઇ રોબોટીક્સ તથા લેસર, ફાઇબર-ઓપ્ટિક્સ ઉપકરણ ક્રાંતિ.
૬. સૌર અને વૈકલ્પિક ઉર્જા ક્રાંતિ.
૭. ચિકિત્સા અને સ્વાસ્થ્ય ક્ષેત્રે પ્રગતિ.
૮. નેનોટેક્નોલોજી અને દ્રવ્ય-પદાર્થોના ક્ષેત્રે વૈજ્ઞાનિક પ્રગતિ.
૯. નાની-મધ્યમ, પર્યાવરણલક્ષી તેમજ કૌશલ્ય આધારિત ટેક્નોલોજીકલ પદ્ધતિઓ

આ સંદર્ભે આપણે સરખામણી મુખ્ય આપણા ભૂતકાળ સાથે કરીએ, જો કે અંતરિક્ષ વિજ્ઞાન-ટેક્નોલોજી જેવાં કેટલાંક ક્ષેત્રોમાં ભારત વિશ્વભરમાં અગ્રેસર બનેલ છે.

ઉપરોક્ત યાદી મુજબના વિવિધ મુદ્દાઓનો સાચો ચિતાર તો જે તે ક્ષેત્રના નિષ્ણાતો આપી શકે, અને તેને માટે અલગ અલગ લેખોની પણ જરૂર પડે. આ લેખમાં આમાનાં કેટલાક મુદ્દાઓની વિગતે વાત કરીએ, જ્યારે અન્ય કેટલીક વિગતો અલગ બોક્સરૂપે આપવામાં આવેલ છે.

ભારતમાં દશાંશ કે મેટ્રિક પદ્ધિતનો અમલ શરૂ થયાને ૬૦ વર્ષ પૂરાં થયાં છે. તેથી નવી પેઢી તે ફેરફારથી અજાણ હોય તે સ્વાભાવિક છે. વળી 'આમાં ક્રાંતિ જેવું શું છે' - એવો સવાલ પણ ઊઠે. દેશ આઝાદ થયો ત્યારે ચલણી નાણામાં રૂપિયા- આના-પાઇ વપરાતાં હતાં, અને વજન તેમજ તોલ-માપની બાબતમાં એક પ્રકારની અરાજકતા કે અંધાધૂંધી પ્રવર્તતી હતી. ૧૯૫૭માં એક ક્રાંતિકારી ફેરફાર તરીકે રૂપિયા-પૈસાનું દશાંશ આધારિત ચલણ અમલી બન્યું અને તેની સાથોસાથ ગ્રામ-કિલોગ્રામ, મીટર-કિલોમીટર જેવાં મેટ્રિક પદ્ધતિનાં માપનનાં એકમો અમલમાં આવ્યાં. આ પગલાંઓથી કરીને આપણે ત્યાં વ્યવહારમાં તથા વિજ્ઞાન, ટેક્નોલોજી અને ઉદ્યોગોમાં એક મહત્ત્વની એકસૂત્રતા આવી. આજે ભારત સહિત જગતના કેટલાય દેશોએ 'એસ.આઇ.' પદ્ધતિ અપનાવતાં 'મેટ્રિક' શબ્દ તો વિસરાઇ ગયો છે., પરંતુ બ્રિટન, અમેરિકા જેવા દેશો આજે ય 'પાઉન્ડ', 'ઔંસ' કે

'માઈલ'ના મોહપાશમાંથી છૂટી શકેલ નથી.

૨૦મી સદીમાં પેટ્રોલિયમ કે ખનિજ-તેલમાંથી મળતાં પેટ્રોલ, ડિઝલ અને અન્ય રસાયણોને લીધે દુનિયાભરમાં વાહન વ્યવહારના ક્ષેત્રે એક જબ્બર ક્રાંતિ આવી. લાંબા અંતરો ટૂંકા થયાં અને ઝડપી યુગનો પ્રારંભ થયો. ભારત પણ આજે દાયકાઓથી પેટ્રોલિયમ યુગમાં પ્રવેશી ચૂકેલ છે. આપણે બોમ્બે-હાઈ ખાતેના કિક-જીરીં ફ્લિઁફ્લિઁહપ્ર દ્વારા ખનિજ તેલ મેળવવા જેવી કેટલીક વિશેષ સિદ્ધિઓ પણ પ્રાપ્ત કરેલ છે. ઘડીભર કલ્પના કરો કે, અચાનક પેટ્રોલ- ડિઝલ તેમજ વીજપૂરવઠો મળવાનું બંધ થઈ જાય, તો આપણી શી હાલત થાય? પેટ્રોલિયમ-બળતણ અને વીજળી એ આજના જમાનામાં ઉર્જાના મુખ્ય સ્રોત છે. કમનસીબે આપણી જરૂરિયાતનું આશરે ૭૦ ટકા જેટલું ખનિજતેલ આપણે પરદેશોથી આયાત કરવું પડે છે. આપણા દેશમાં કોલસો તો મળે છે. પણ તે હવાના પ્રદૂષણનું એક કારણ બને છે. હજી આજે પણ આપણા માર્ગો પર ધૂમાડો ઓકતાં વાહનો નજરે પડે છે એ આપણી શરમ છે. તે સંદર્ભે પ્રદૂષણ નિયંત્રણના આંતરરાષ્ટ્રીય ધોરણો અહીં અમલમાં આવ્યાં નથી. ઉપરાંત, વ્યાપક રીતે જોતાં રસાયણો એ આપણા ઔદ્યોગિક વિકાસનું અગત્યનું પાસું રહેલ છે. અને તેમાં પણ એક મહત્ત્વનું ક્ષેત્ર છે દવાઓ- ફાર્માસ્યુટિકલ ઉદ્યોગો.

હવે જેની ઝલક આપવી છે તે 'ન્યુક્લિયર' અને 'અંતરીક્ષ' ટેક્નોલોજીઓમાં સ્વદેશીપણાનો અંશ વર્તાઈ આવે છે. ન્યુક્લિયર વિજ્ઞાન અને ટેક્નોલોજીના જનક હતા ડૉ. હોમીભાભા. જેમણે આ ક્ષેત્રની સંશોધન સંસ્થા સ્થાપવાની સાથોસાથ જાણકાર વિજ્ઞાનીઓની પેઢીઓ તૈયાર કરી. ન્યુક્લિયર ઉર્જા પ્રદૂષણ- રહિત છે, પણ એક એવો ખોટો મત પ્રવર્તે છે કે, તે સલામત નથી. હાલમાં આપણાં કુલ વીજ ઉત્પાદનનો માંડ ૨ ટકા હિસ્સો ન્યુક્લિયર ઉર્જામાંથી મળે છે. વધુમાં ન્યુક્લિયર વિજ્ઞાનના વિનિયોગથી રેડિયો- સમસ્થાનિકો (Radio Isotopes)ના ઉત્પાદન તેમજ ઉપયોગોનું ક્ષેત્ર પણ વિકાસ પામેલ છે. ન્યુક્લિયર 'ફ્યુઝન' પ્રક્રિયામાંથી ઉપયોગી ઉર્જા મેળવવાનું સ્વપ્ન સાકાર કરવા માટે વિજ્ઞાનીઓ અને ઇજનેરો વર્ષોથી મથી રહેલ છે. આ સંદર્ભમાં જેને પદાર્થનું ચોથું સ્વરૂપ કહે છે તે 'પ્લાઝમા'નાં વિવિધ ઉપયોગોની ટેક્નોલોજી પણ જાણીતી બનેલ છે.

ડૉ. હોમીભાભાના સમકાલીન ડૉ. વિક્રમ સારાભાઈ ભારતનાં અંતરીક્ષ વિજ્ઞાન અને ટેક્નોલોજીના કાર્યક્રમોના પિતામહ ગણાય છે. તેમણે સ્થાપેલી ઈસરો (ISRO) સંસ્થાએ હવે અવકાશમાં વિરાટ કદમ માંડેલ છે. 'આપણા દેશને અંતરીક્ષ કે ઉપગ્રહ કાર્યક્રમોની જરૂર શી? એવા પ્રશ્નના જવાબમાં એ જાણવું જરૂરી છે કે આજે ભારત આ ટેક્નોલોજીકલ ક્રાંતિ દ્વારા વિશ્વના પ્રથમ હરોળના દેશોમાં સ્થાન પામ્યું છે. વિશ્વના વિકસિત દેશો ઉપગ્રહ પ્રક્ષેપણ માટે આપણી પીએસએલવી રોકેટ પ્રણાલીનો ઉપયોગ કરે છે, અને આમ જગતના બજારમાં આપણી એક માગ રહે છે. પૃથ્વીની આસપાસ આપણે તરતા મૂકેલ ઉપગ્રહો ટીવી-પ્રસારણ અને સંચાર (Communication) ઋતુઓ તેમજ હવામાનની આગાહી તથા ખનિજ સંસાધનોની શોધખોળ વગેરે કામગીરી બજાવે છે. અને કૃષિ ક્ષેત્રે પણ તે વિવિધ રીતે ઉપયોગી બને છે. હવે તો ઈસરોના ઉપગ્રહોની એક પ્રણાલી દ્વારા આપણા દેશ માટે GPS પ્રકારની એક અલગ વ્યવસ્થા પણ ઊભી થનાર છે. આધુનિક ભારતની ટેક્નોલોજીઓમાં અંતરીક્ષ ક્રાંતિ એ સૌથી મોટી સફળતા ગણાય છે.

૧૯૯૦ના દાયકા બાદ દેશ અને દુનિયાનાં રોમેરોમમાં જે વ્યાપી ગયેલ છે. તે છે, આઈસીટીઁઝ્ (Information & Communication) ક્રાંતિ જેની સાથે ડીજીટલ ક્રાંતિ પણ વણાયેલ છે. ભારતમાં ICT યુગ શરૂ થયો તે પૂર્વે ૧૯૮૦ના દાયકામાં ટેલિફોન સેવાઓમાં જે સુધારા- વધારા થયા હતા, એ 'ટેલીકોમ' ક્રાંતિનું શ્રેય ટેકનોક્રેટ ડૉ. સામ પિત્રોડાને જાય છે. તેઓએ શાળાનું શિક્ષણ વલ્લભ વિદ્યાનગરમાં લીધેલ વડોદરા ખાતે એમ.એસસી. (ફિઝિક્સ) થયા બાદ વર્ષોથી તેઓ અમેરિકામાં સ્થાયી થયેલ છે.

અત્રે એ જાણવું રસપ્રદ થશે કે, આધુનિક દૃષ્ટિએ 'માહિતી' (Information)એ ચોક્કસ અર્થ ધરાવતી એક રાશિ (Quantity) છે, જે માપી, સંગ્રહી અને પ્રસારી શકાય છે. માહિતીને જુદી જુદી રીતે આપ-લે અને તેના સંચાર (Communication)ની બાબતમાં એક તરફ ભૌતિકવિજ્ઞાને તો બીજી તરફ કોમ્પ્યુટર, મોબાઈલ ઈત્યાદી ઈલેક્ટ્રોનિક્સનાં સાધનોએ પાયાની ભૂમિકા ભજવી છે. ૨૦મી સદીના આગમન સાથે પરમાણુ-અણુ વિષેનાં મૂળભૂત જ્ઞાનમાં ક્રાંતિ આવી, અને અર્ધવાહક પદાર્થો (Semicon ductors) જેવી શોધોથી ઈલેક્ટ્રોનિક્સની કાયાપલટ થવા પામી, જેને લીધે નાનાં પણ વધુને વધુ સક્ષમ કમ્પ્યુટરો વિકસવા લાગ્યાં. આજકાલ જેની બોલબાલા છે એ 'ડીજીટલ' શબ્દ દ્વિઅંકી સંખ્યાપદ્ધતિ પર આધારિત એક ચોક્કસાઈપૂર્વકની કાર્યપ્રણાલી દર્શાવે છે. ICT-D ક્રાંતિએ જગત આખાને હાથવગું બનાવી દીધેલ છે. कर लो दुनिया मुठ्ठि में માનવજીવનના તમામ પાસાંઓમાં આ ક્રાંતિની પ્રગાઢ અસર જોવા મળે છે.

કમ્પ્યુટર અને ઉપકરણ- ક્રાંતિના પરિપાકરૂપે જન્મેલ 'કૃત્રિમ બુદ્ધિમત્તા' (Artificial Intelligence, AI),

અને 'યંત્ર માનવ'ની ટેક્નોલોજી યાને કે રોબોટીક્સ (Robotics)ની તો એક અદ્‌ભુત દુનિયા છે. આ ઉપરાંત મૂળભૂત રીતે ફિઝિક્સમાંથી જે ઉદ્‌ભવેલ છે તે લેસર (Laser) અને પ્રકાશીય તંતુ (Optical Fiber) એ પણ અનેકવિધ રીતે જોતાં એક આધુનિક ટેક્નોલોજીનું સ્થાન મેળવેલ છે. વધુ વિગતમાં ન ઉતરતાં એટલું જરૂર કહેવું જોઈએ કે, આપણા વિજ્ઞાન અને એન્જિનીયરીંગના શિક્ષકોએ આ પ્રકારના વિવિધ ટેક્નોલોજીકલ વિકાસ અંગે વિદ્યાર્થીઓને ખ્યાલ આપવો જોઈએ. કમનસીબે 'રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ' મે માસની ૧૧મીએ પરીક્ષા કે વેકેશનના ગાળામાં આવતો હોય છે, તેને માટે તો એક અલગ એક-દિવસીય પરિસંવાદ ગોઠવવો પડે... !!

આમ જુઓ તો આ ધરતી પરની લગભગ તમામ ઉર્જાનું મૂળ છે સૂર્ય પરંતુ સૂર્યમાંથી મળતી ઉર્જાનું ઉપયોગી ઉર્જા-જેમ કે વિદ્યુત ઉર્જા-માં રૂપાંતર કરવાનું કામ સહેલું નથી. ફોટોવોલ્ટેઇક સોલર સેલની શોધ થયાના દાયકાઓ બાદ હવે આપણે ત્યાં પણ સોલર પેનલોમાંથી ઠીકઠીક પ્રમાણમાં સૌર ઉર્જા વહેતી થઇ છે અને તેના એક 'યુનિટ' દીઠ ભાવમાં પણ ઘટાડો થયો છે. એ ધ્યાન રહે કે, આ સોલર પેનલો આપણે પરદેશોથી આયાત કરવી પડે છે. વળી, ચોમાસામાં કે વાદળીયા દિવસે એ સૌર ઉર્જા તો 'ઠપ્પ' થઇ જાય! માટે એક અગત્યના વિકલ્પરૂપે પવનઉર્જાનો વિકાસ પણ થઇ રહેલ છે. એક કરતાં વધુ વૈકલ્પિક સ્રોતો વિકસાવી મિશ્ર (Hybrid) ટેક્નોલોજી અપનાવવામાં વધુ શાણપણ રહેલ છે. સૌર ઉર્જા દ્વારા વિદ્યુત બેટરીઓને ચાર્જ કરીને તેને ઉપયોગમાં લેવાનો વિકલ્પ પણ અર્થપૂર્ણ છે. ઉચ્ચ ગુણવત્તાની બેટરીઓથી ચાલતાં પ્રદૂષણ-રહિત વાહનો જ્યારે આપણા માર્ગો પર દોડતાં થશે ત્યારે વધુ એક ટેક્નોલોજીકલ ક્રાંતિ થઇ ગણાશે.

નેનો-ટેક્નોલોજીનો ટૂંકમાં ખ્યાલ મેળવતાં પહેલા 'નેનો' શબ્દ સમજી લઈએ, નેનોમીટર (૧૦-૯ મીટર) એટલે એક મીટરનો અબજમો ભાગ. રોજબરોજની દુનિયામાં આપણને જે નાના મોટા પદાર્થો નજરે ચડે છે તેની સરખામણીએ આ લંબાઈ અત્યંત સૂક્ષ્મ છે, અને તે અનુસાર નેનો-માપમાં રહેલાં પરમાણુ-અણુઓની સંખ્યા પણ ખૂબ ઓછી હોય છે. નેનોની દુનિયાની વિશેષતા એ છે કે, તે સ્તરે પદાર્થના ગુણધર્મોમાં ઘણો ફેર જોવા મળે છે. પ્રયોગશાળામાં નેનો કણોના અભ્યાસનું એક વિજ્ઞાન વિકસેલ છે, અને તેમાં વિપુલ ટેક્નોલોજીકલ શક્યતાઓ રહેલી છે. વ્યાપકપણે Materials Technology એ જુદા જુદા હેતુઓ સર ખાસ દ્રવ્ય- પદાર્થો તૈયાર કરીને તેને ઉપયોગમાં લેવાની ટેક્નોલોજી છે.

**અન્ય ક્રાંતિઓ વિશેની એક ઝલક**

ભારતમાં કૃષિ કે હરિતક્રાંતિ (ગ્રીન રીવોલ્યુશન)નાં મંડાણ ૧૯૬૦-૭૦ના અરસામાં થયાં, સુધારેલ બિયારણ , સિંચાઇ યોજનાઓ, ખાતર તેમજ દવાઓનો લાભ મળતાં કૃષિ ઉત્પાદનમાં મોટો વધારો થવા લાગ્યો. જે કંગાળ દેશ ભૂખ્યા જનોનો જઠરાગ્નિ શમાવવા માટે અમેરિકન પીએલ ૪૮૦ના ઘઉં પર આધાર રાખતો હતો તે હવે અન્નની બાબતમાં સ્વાવલંબી બન્યો. હરિયાળી ક્રાંતિના પ્રણેતાઓમાં ડૉ. એમ.એસ. સ્વામીનાથનનું નામ મોખરે છે. ૯૩ વર્ષની જૈફ વયે પહોંચેલા આ કૃષિ-વિજ્ઞાનીએ 'From Green to Ever-Green Revolution'ની પ્રેરક કલ્પના આપેલ છે.

આણંદમાં સહકારી ધોરણે ઉભી થયેલ અમુલ ડેરીએ ભારતમાં દૂધ ઉત્પાદન ક્ષેત્રે એક મોટી ક્રાંતિ આણેલ છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીના સમન્વયથી સાકાર થયેલ આ દૂધ કે શ્વેત ક્રાંતિ (White Revolution) એ લગભગ ૧૯૭૦ બાદ ભારતને જગતભરમાં આ ક્ષેત્રે એક મોખરાનું સ્થાન અપાવેલ છે.

અત્રે એક ટૂંકો ઉલ્લેખ કરીએ તો બાયોટેક્નોલોજી એ જીવવિજ્ઞાન યાને કે બાયોલોજીના મૂળભૂત જ્ઞાન પર આધારિત એવી એક વિવિધલક્ષી ટેક્નોલોજી છે.

ચિકિત્સા અને સ્વાસ્થ્યની બાબતમાં પરદેશોની માફક આપણા દેશને પણ અન્ય ટેક્નોલોજીકલ ક્ષેત્રોમાં થયેલ વિકાસનો લાભ મળેલ છે. જેમાં સમાવિષ્ટ છે, જીવન-રક્ષક દવાઓ, આધુનિક મેડીકલ ઉપકરણો વગેરે. ૧૯૪૭ની સરખામણીએ આપણા દેશના સામાન્ય માનવીનું સરેરાશ આયુ ઠીક ઠીક વધવા પામ્યું છે તે સાચું પરંતુ પ્રાથમિક આરોગ્યના સંબંધે હજી ઘણું કરવાનું રહે છે.

'ટેક્નોલોજી' એટલે મોટી અટપટી યંત્રપ્રણાલી અને મોટું મૂડીરોકાણ, એવું લાગે તો એ સ્વાભાવિક છે, પણ તે જરૂરી નથી જેને જનસામાન્યની ટેક્નોલોજી કહીએ તે હેઠળ કેટલીક નાની-મધ્યમ, પર્યાવરણલક્ષી અને કૌશલ્ય આધારિત (Skill Based) કામગીરીને સામેલ કરી શકાય. તેનાં જાણીતાં ઉદાહરણો છે, વરસાદી પાણીનો સંગ્રહ, પાણી વહી જતું અટકાવવાના પાળા કે ચેક ડેમ, ઉર્જા બચાવતાં સાધનો (દા.ત. LED)નો ઉપયોગ સ્વચ્છતા અભિયાન પ્લાસ્ટિકનો ઉપયોગ નિવારવો કે અટકાવવો, નિર્ધૂમચૂલા વગેરે. આપ જોઇ શકશો કે આવાં કાર્યોમાં કોઇ મોટી ટેક્નોલોજીની જરૂર પડતી નથી... જરૂર પડે છે, સકારાત્મક માનસિકતાની! રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ આપણને એ સંદેશો આપે છે કે, Think Globally act Locally

(નિવૃત્ત પ્રોફેસર, સરદાર પટેલ યુનિવર્સિટી, ૪, પુનિત પાર્ક, આણંદ-વિદ્યાનગર રોડ, આણંદ)

# સ્વસ્થ કેવી રીતે રહીએ?

પી.ડી. શર્મા

સ્વસ્થ કેવી રીતે રહીએ? આ એક સામાન્ય પ્રશ્ન હોવાની સાથે સાથે એક મહત્ત્વપૂર્ણ પ્રશ્ન પણ છે. ખૂબ જ પ્રાચીન કાળમાં તંદુરસ્ત શરીરનું મહત્ત્વ સમજીને 'પહેલું સુખ તે જાતે નર્યા' ને માનવામાં આવ્યું છે. આજથી હજારો વર્ષ પહેલાં તંદુરસ્ત શરીરનું મહત્ત્વ ગ્રીક લોકો પણ જાણતા અને તે લોકો 'સાઉન્ડ માઈન્ડ ઈન સાઉન્ડ બોડી' એટલે કે 'તંદુરસ્ત શરીરમાં જ સ્વસ્થ મગજ હોય છે' ના સિદ્ધાંતમાં પૂર્ણ વિશ્વાસ રાખતા હતા. આ સિદ્ધાન્તને ધ્યાનમાં રાખીને જ તે લોકોએ પોતાની શિક્ષણ પદ્ધતિ બનાવી હતી. આપણા શાસ્ત્રોમાં પણ 'શરીર માધ્યમ ખલુ ધર્મ સાધનમ્'નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એટલે કે ધર્મની સાધના કરવા માટે શરીર એક માધ્યમ છે.

અહીં એ બતાવવું આવશ્યક છે કે સામાન્ય રીતે તંદુરસ્ત શરીરનો અર્થ મજબૂત, તાકાતવાન તથા કુસ્તીબાજ શરીરથી કરવામાં આવે છે.એટલા માટે જ સારા પહેલવાનો, મુક્કેબાજો કે ભારે વજન ઉંચકનારાઓને પૂર્ણ રીતે તંદુરસ્ત માનવામાં આવે છે. આ વાત અમુક અંશે સત્ય હોઇ શકે, પરંતુ બહારથી તાકાતવાળા દેખાતા કુસ્તીબાજો કે મુક્કેબાજો સાચા અર્થમાં તંદુરસ્ત અને રોગહીન હોય એવું જરૂરી નથી. આથી સામાન્ય જનતાએ આ વિચાર હૃદયમાંથી કાઢી નાખવો જોઇએ કે બહારથી તાકાતવાન દેખાતી વ્યક્તિઓ સાચા અર્થમાં તંદુરસ્ત અને નીરોગી હોય છે.

### સમતોલ આહારનું મહત્ત્વ

શરીરની તંદુરસ્તી કેટલીય બાબતો પર આધાર રાખે છે. જેવી કે સમતોલ આહાર, વ્યાયામ, આજુબાજુનું વાતાવરણ, વ્યક્તિગત ટેવો, આરામ વગેરે. તંદુરસ્ત શરીર રાખવા માટે સમતોલ આહાર એટલે કે 'બેલેન્ઝ ડાઇટ'નું હોવું ખાસ જરૂરી છે. ખોરાકનું સમતોલ પણું અને તેની માત્રા ઉંમર, જાતિ, ધંધાનો પ્રકાર વગેરે કેટલીય બાબતો પર આધાર રાખે છે. આમ તો એક સમતોલ ખોરાકમાં તે બધી ચીજોનો સપ્રમાણમાં સમાવેશ કરવામાં આવે છે જેનો શરીરના વિકાસની સાથે સીધો




[સમતોલ આહાર]

સંબંધ હોય છે. એટલે કે એક સમતોલ ખોરાકમાં સપ્રમાણમાં ફેટ્સ, કાર્બોહાઇડ્રેટસ, પ્રોટીન્સ, મિનરલ્સ, વિટામિન્સ વગેરેનો સમાવેશ જાતિ, ઉંમર તથા ધંધાના પ્રકારને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. અહીં એ કહેવું જરૂરી છે કે જો સમતોલ આહારની માત્રાનો ખ્યાલ ન રાખવામાં આવે તો પણ મનુષ્ય અસ્વસ્થ બની શકે છે. એ રીતે જ જરૂર કરતાં વધારે માત્રા લેવી પણ હાનિકારક છે. ઉંમર, જાતિ અને ધંધાનુસાર દરેક મનુષ્યને ડૉક્ટરની સલાહથી પોતાના માટે સમતોલ આહારનો પ્રકાર તથા માત્રા નક્કી કરી લેવી જોઇએ અને તે પ્રમાણે જ સેવન કરવું જોઇએ.

### વ્યાયામનું મહત્ત્વ

તંદુરસ્ત શરીર રાખવા માટે જેટલું મહત્ત્વ સમતોલ આહારનું છે તેટલું જ વ્યાયામનું પણ છે. વ્યાયામ કરવાના પ્રકાર અથવા માધ્યમની પસંદગી પણ ઉંમર, જાતિ અને ધંધાને ધ્યાનમાં રાખીને કરવી જોઇએ. જેવી રીતે જરૂરથી વધારે અથવા ઓછો ખોરાક લેવાથી શરીર અસ્વસ્થ થાય છે તે વાત વ્યાયામ માટે પણ લાગુ પડે છે. આમ તો વ્યાયામ કરવો એ એક સ્વાભાવિક અને પ્રાકૃતિક ક્રિયા છે. નવજાત બાળક પારણામાં પડ્યાં પડ્યાં અને નાનાં છોકરાઓ સાધારણ દોડ અને કૂદીને અથવા નાની નાની રમતો રમીને વ્યાયામ કરી લે છે. યુવાન વર્ગ રમતોના માધ્યમ દ્વારા વ્યાયામ કે કસરત મેળવી લે છે. વૃદ્ધ માણસો આસન,

પ્રાણાયામ અથવા સવાર-સાંજ થોડું ફરીને પોતાની ઉંમરને અનુકૂળ વ્યાયામ કે કસરત કરી શકે છે. જ્યાં ગૃહિણીઓનો સવાલ છે, ત્યાં જો તેઓ પોતાના ઘરનું બધું કામ પોતાના હાથે કરે તેમાં જ તેને ઘણી કસરત મળી શકે છે. પરંતુ આજકાલ ગૃહિણીઓએ ઘરનાં કેટલાંય કામ નોકરો અથવા યંત્રો પર છોડી દીધાં છે. આથી તેઓના શરીરને પૂરી રીતે કસરત મળી શકતી નથી અને તેથી જ તેઓના શરીર જાડા અને રોગિષ્ઠ બની જાય છે.

**રમતો દ્વારા વ્યાયામ**

રમતોના માધ્યમ દ્વારા કસરત કરવાની રીતને સર્વશ્રેષ્ઠ માનવામાં આવી છે. એનું કારણ એ છે કે રમતો દ્વારા શરીરના દરેક અવયવને કસરત અને સાથે સાથે મનોરંજન પણ મળી શકે છે. રમતો દ્વારા કેટલીય 'જીવન ઉપયોગી ટેવો' પડે છે. જેવી કે સહકારની ભાવના, રમતના અંત સુધી જીતવા માટે ખૂબ જ મહેનત કરવી, ખેલદિલીની ભાવના, શિસ્ત, રાષ્ટ્રપ્રેમની ભાવના વગેરે. મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ જોઇએ તો મનુષ્યની કેટલીય 'સ્વભાવગત ઇચ્છાઓ' જેવી કે દોડવું, કૂદવું, ફેંકવું, પોતાના વિરોધીની હરાવવો અથવા બીજાઓને પ્રભાવિત કરવા વગેરે રમતો દ્વારા પૂરી કરવામાં આવે છે. એટલું જ નહીં સામાજિક દૃષ્ટિએ પણ 'ફુરસદના સમય'નો સૌથી સારો ઉપયોગ પોતાને મનગમતી રમત રમીને કરવામાં આવે છે. આ બધા કારણોથી પશ્ચિમના દેશોમાં રમતો ઉપર વધારે ભાર આપવામાં આવે છે.

હવે એ પ્રશ્ન ઉભો થાય છે કે રમતો શીખવા માટે સૌથી સારી ઉંમર કઇ છે? વૈજ્ઞાનિક દૃષ્ટિથી રમતો શીખવા માટે સૌથી શ્રેષ્ઠ સમય દસથી સોળ વર્ષ વચ્ચેનો છે, કારણ કે આ ઉંમરમાં મનોવૈજ્ઞાનિક દૃષ્ટિથી પણ નવી બાબતો શીખવાની ઉત્સુકતા હોય છે. એટલા માટે વિદેશોમાં તથા ભારતમાં પણ આજકાલ 'કોચ હેમ યંગ'નો સિદ્ધાંત પ્રચલિત થતો જાય છે. આ ઉંમરમાં કોઈપણ રમતનું કૌશલ્ય ખૂબ જ સહેલાઈથી શીખી શકાય છે.

આનંદમાં રહેવું અને સ્વચ્છ વાતાવરણ હોવું પણ સારી તંદુરસ્તી માટે જરૂરી છે. સ્વસ્થ વાતાવરણ રાખવાની જવાબદારી સરકારની સાથોસાથ દરેક નાગરિકની પણ છે.

**જીવનમાં પ્રગતિ માટે**

ચિકિત્સાશાસ્ત્રએ આ સિદ્ધ કર્યું છે કે શરીર અને મગજને બે જુદા જુદા ભાગોમાં વિભાજિત કરી શકાય નહિ. તેઓનો અંદરોઅંદરનો સીધો સંબંધ છે. એક અસ્વસ્થ વ્યક્તિમાં એક સ્વસ્થ વ્યક્તિની અપેક્ષામાં ક્રિયાત્મક અને પ્રગતિશીલ વિચારો ઓછા આવે છે અને તેની સીધી અસર તેના જીવનના વિકાસ ઉપર પડે છે. જીવનમાં પ્રગતિ કરવા માટે અને જીવનનું સુખ ભોગવવા માટે શરીર સ્વસ્થ હોવું ખૂબ જ જરૂરી છે. એટલે એ કહેવાની ભાગ્યે જ જરૂર છે કે એક સ્વસ્થ મનુષ્ય શારીરિક અને માનસિક દૃષ્ટિએ એક અસ્વસ્થ મનુષ્યની અપેક્ષામાં વધારે કામ કરી શકે છે. જો આ વાતનો વિચાર વિશાળ રૂપમાં કરવામાં આવે તો આનો સીધો સંબંધ રાષ્ટ્રના વિકાસની સાથે છે. એ જ કારણથી નાગરિકોનું સ્વાસ્થ્ય સારું રાખવાની દિશામાં વિદેશોમાં ખાસ કરીને યુરોપના દેશોમાં સરકાર વિશેષ રૂપથી સચેત છે. દાખલા તરીકે મેં મારા જર્મનીના અભ્યાસ દરમ્યાન જોયું છે કે ત્યાં 'જેટલાં વધારે રમતનાં મેદાનો તેટલાં ઓછાં દવાખાના'નાં સિદ્ધાંતને ધ્યાનમાં રાખી મેદાનો અને રમતગમતના સાધનો પાછળ ખૂબ જ મોટી રકમ ખર્ચ કરવામાં આવે છે. જો ભારતમાં આ રીતે કરવામાં આવે તો દેશના નાગરિકોને વધારે પ્રમાણમાં રમતગમતનાં સાધનો અને મેદાનો મળી શકશે તથા એની મદદથી સામાન્ય જનતા સ્વાસ્થ્ય સારું રાખી શકશે.

છેલ્લે એટલું કહી શકીએ કે જો ઉપર દર્શાવેલ બાબતોનો અમલ આપણે આપણી જિંદગીમાં કરીએ તો ઘણા સમય સુધી આપણા સ્વાસ્થ્યને સ્વસ્થ રાખી શકીએ અને સાથોસાથ સ્વસ્થ કેવી રીતે રહીએ તેનો પણ ઉકેલ શોધી શકીએ.

(બી-૧, સ્વીઝ એવન્યુ, પટેલ કોલોની, માણેકબાગ હોલની સામે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫ (મો.) ૯૮૯૮૮૭૦૮૪૦)

॥ વિદ્યાવૃત્ત॥

॥ કૉલેજ વૃત્ત ॥

**શિક્ષકોના સર્વાંગી વિકાસ અર્થે સીવીએમ દ્વારા કાઈઝેન ઈનીશીયેટીવ ફોર એકેડેમીક્સ પ્રોજેક્ટ(KIA)ની શરૂઆત**

વલ્લભ વિદ્યાનગર સ્થિત દેશના જૂના, જાણિતા અને વિશાળ શૈક્ષણિક સંકુલ ચારુતર વિદ્યામંડળ શિક્ષકોનો સતત શૈક્ષણિક તેમજ સર્વાંગી વિકાસ થાય તે હેતુતી એક નવતર પ્રોજેક્ટ ''કાઈઝન ઈનીશીયેટીવ ફોર એકેડેમીક્સ'' (KIA)ની શરુઆત આગામી શૈક્ષણિકવર્ષ ૨૦૧૮-૧૯થી કરવા જઈ રહ્યું છે. શિક્ષણ પ્રત્યે શિક્ષકો વિકાસશીલ અભિગમ કેળવે તે અર્થે ૩૬ ક્રેડીટ કલાકનું એક સુવ્યવસ્થિત માળખું તાલીમાર્થી શિક્ષકો માટે તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં પ્રથમ ૧૨ ક્રેડીટ કલાકો શિક્ષકોના વિષય-વસ્તુને લગતા જ્ઞાન સંદર્ભે જ્યારે બાકીના ૧૮ ક્રેડીટ કલાકો વ્યવહારૂ આવડત સંદર્ભે ફાળવવામાં આવ્યા છે. ચારુતર વિદ્યામંડળમાં ચાલતા વિવિધ પ્રકારના અભ્યાસક્રમો જેવા કે વિજ્ઞાન, વાણિજ્ય, મેનેજમેન્ટ એન્જિનીયરીંગ અને ટેક્નોલોજી તથા ફાર્મસી વિગેરેને અનુલક્ષીને ૩૦,૦૦૦ જેટલા છાત્રો તથા ૨૦૦૦ જેટલા શિક્ષકો આ પ્રોજેક્ટથી લાભાન્વિત થશે. ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી ઈજનેર ભીખુભાઈ પટેલ કહે છે ''સ્થાપનાના વર્ષોથી જ ચારુતર વિદ્યામંડળ સાંપ્રત પ્રવાહોને ઓળખી તેનો લાભ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા કટિબદ્ધ રહ્યું છે. આજના ઝડપી વિકાસના યુગમાં નવી તકો તથા પડકારોને ઝીલવા શિક્ષકો સર્વાંગી રીતે સક્ષમ બને તે ઈચ્છનીય છે. અને આથી જ સીવીએમ સંચાલિત સંસ્થાના શિક્ષકો ફરજિયાત પણે આ પ્રોજેક્ટનો ભાગ બને તે જરૂરી છે. સીવીમનો તેની બૌદ્ધિક મૂડીની ગુણવત્તા વધારવાના પ્રયાસરૂપે શરૂ કરવામાં આવનાર આ પ્રોજેક્ટ શિક્ષકોને તેમનાં વ્યાવસાયિક તથા અંગત પાસાઓને સબળ બનાવવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવશે જેનો લાભ અંતે વિદ્યાર્થીઓને મળશે તથા શિક્ષણનો સાચો હેતુ ચરિતાર્થ થશે.

**એસ.એમ. પટેલ કોલેજ ઓફ હોમસાયન્સના ૪૭માં વાર્ષિક મહોત્સવ તરીકે પધારેલ મુખ્ય અતિથિ ડૉ. માલિની ગૌતમીનું વક્તવ્ય**

એસ.એમ. પટેલ કૉલેજ ઑફ હોમસાયન્સના ૪૭માં વાર્ષિક મહોત્સવ નિમિત્તે પધારેલ મહેમાનોમાં ચારુતર વિદ્યામંડળના ચેરમેન શ્રી ભીખાભાઈ બી. પટેલ, માનદમંત્રી શ્રી ડૉ. એસ.જી. પટેલ, મુખ્ય અતિથિ તરીકે પધારેલ ડૉ. માલિની ગૌતમ. ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળીના સેક્રેટરી શ્રી વિક્રમભાઈ પટેલ, મંડળના સેક્રેટરીશ્રીઓ, કોલેજના પ્રિન્સિપાલ ડૉ. ભાવનાબેન ચૌહાણ, કોલેજગણ અને વિદ્યાર્થિનીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

મુખ્ય અતિથિ તરીકે પધારેલ ડૉ. માલિની ગૌતમે દીકરીઓ પ્રત્યે પોતાનો પ્રેમ દાખવી વિષયની શરૂઆત કરી હતી. તેમને વ્યવહારુ દૃષ્ટાંત દ્વારા હોમસાયન્સનો ખ્યાલ સામાન્ય વ્યક્તિમાં હોય તેના કરતાં કંઈક વિશેષ છે. તેમ જણાવતા હોમસાયન્સ એક સાયન્સ છે, કે જેના પોતાના નિયમો છે. આ અભ્યાસક્રમ વિદ્યાર્થિનીઓમાં કૌશલ્યનું સર્જન કરી રોજગાર પૂરો પાડવાનું કામ કરે છે. સમાજમાં ચારેતરફ રહેતી વ્યક્તિઓને સમાજમાં કેવી રીતે સમાયોજન સાધવું તે એક હોમ સાયન્ટીસ કુનેહપૂર્વક જાણે અને તેને નિભાવે છે. આ ઉપરાંત હોમસાયન્સમાં તેમજ હાયર એજ્યુકેશનમાં ભણાવી દીકરીઓને સદ્ધર બનાવી જોઈએ. તેમણે જણાવ્યું હતું કે, સમાજમાં રહેવાની તાલીમ નાનપણથી જ આપવામાં આવે છે. હાયર એજ્યુકેશનમાં ભણેલો બિઝનેસ કરે અને અભણ પુરુષ બિઝનેશ કરે તેના દૃષ્ટાંત દ્વારા હાયર એજ્યુકેશનની મહત્ત્વની સમજ આપી હતી. ૧૬મી સદીમાં યુનિવર્સિટી લાયબ્રેરીમાં પ્રવેશ મેળવવા માટે પુરુષની ભલામણ કરવામાં આવતી. આર્થિક સત્તા એ સમાજની વ્યવસ્થાનો ભાગ હતો. સત્તા ત્યારે જ મળે જયારે તે પગભર ઊભી રહી શકે. તો આ વ્યવસ્થામાં ટકી રહેવા માટે હાયર એજ્યુકેશન અત્યંત લાભદાયક છે. જો સ્ત્રી પાસે પોતાની પૂંજી હશે તો જ તેની ઓળખ અને વ્યક્તિત્વની પહેચાન કરી શકાય છે.

પિત્તૃસત્તાક વ્યવસ્થાને હકારાત્મક અભિગમ આપી જે માળખું છે તેને સ્વીકારી પોતાની એક આગવી ઓળખ ઊભી કરવાની છે. એક અધ્યાપક અને કવિયત્રી તરીકે તેમણે જણાવ્યું હતું કે દરેક દીકરીએ પોતાના મનોભાવને પોતાની ભૂમિકા પ્રમાણે લખાણમાં અંકીત કરવું જોઈએ. દરેક સ્ત્રીને પોતાનો ઓરડો હોવો જોઈએ. જ્યાં તે પોતાની જાત સાથે પોતાનો સમય ફાળવી શકે. તેમને આકાશના પંખીની જેમ રહી પાંખો મોટી કરી આકાશને આંબવાનું છે. તે તમે ત્યારે જ પરિપૂર્ણ કરી શકો જયારે તમારી પાસે પૂંજી, તમારો ઓરડો હોય અને તમારી પાસેનું લખાણ તમને આગળ વધવા માટેની પ્રેરણા પૂરી પાડે છે. હાયર એજ્યુકેશન માટે આવનાર પેઢીને સારો વારસો પૂરો

પાડવાનું કામ એક સ્ત્રી તરીકે આકાશમાં ઉડવાના મુક્ત અભિગમ સાથે જ શક્ય બને છે તેમ જણાવી વક્તવ્ય પૂર્ણ કર્યું હતું.

ડૉ. મિત્તલ બારોટ, શ્રીમતી તન્વી મકવાણા

**બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે ૭૦ માં વાર્ષિકોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે તા.૦૪/૦૪/૨૦૧૮ ના રોજ ૭૦ માં વાર્ષિકોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી.આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી ભીખુભાઈ પટેલ, ડૉ. કે. મનીવનન, વિક્રમભાઈ પટેલ(પ્રમુખ,સીજીએસએમ), ડૉ. એસ.જી.પટેલ,એન્જિનીયર વી.એમ.પટેલ, એન્જિનીયર મયુરભાઈ પટેલ, સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. ઈન્દ્રજીત એન.પટેલ,ડૉ. ભાર્ગવ ગોરડિયા (વાઈસ પ્રેસિડેન્ટ બીવીએમ સેન્ટ્રલ કમિટી), પ્રો. બી.એસ.પટેલ(કલ્ચરલ કન્વિનર), જતન પટેલ(જી.એસ), મેઘા પટેલ (એલ.આર) ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં નિહારિકા મોદીએ પ્રાર્થના ગીત રજૂ કર્યું હતું. મેઘા પટેલે ડૉ. પી.એમ.ખોડકે (સેન્ટ્રલ પ્રોજેક્ટ એડવાઈઝર, એન.પી.આઈ.યુ), ડૉ. નવીન શેઠ (વાઈસ ચાન્સેલર,જીટીયુ), શ્રી એમ.પી. પુનિયા, એન્જિનીયર જગદીશભાઈ પટેલ, દેવાંગ જોશી (રજીસ્ટ્રાર,ચારુસેટ), શ્રી પ્રયાસ્વિન પટેલના પ્રતિભાવો જણાવ્યા હતા. સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. ઈન્દ્રજીત એન. પટેલે વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો. જેમાં બીવીએમ કોલેજનો ઈન્ડિયાની ટોપ ૨૦૦ કોલેજ માં રેન્કિંગ (એમ.એચ.આર.ડી,મીનીસ્ટ્રી), આઈ.આઈ.ટી અને એન.આઈ.ટી બાદ ગુજરાત રાજયમાં છઠ્ઠો રેન્ક, TEQIP-III પ્રોજેક્ટ માટે સંસ્થાની પસંદગી, એસ.એસ.આઈ.પી અંતર્ગત રાજય સરકાર ધ્વારા મળેલી ૧.૨૦ કરોડની સહાય, સ્ટાર્ટ અપ ક્ષેત્રે રાજ્ય સરકાર ધ્વારા ૨૦૧૮માં આપવામાં આવેલા એજ્યુકેશનલ એકસેલેન્સ એવોર્ડ,અલગ અલગ ડીપાર્ટમેન્ટ ધ્વારા કંપની સાથે થયેલા ૬૭ એમ.ઓ.યુ,૧૨ જેટલા આર.એન્ડ.ડી પ્રોજેક્ટ્સ,૧૮૩ જેટલા કોન્ફરન્સ અને જર્નલ રીસર્ચ પેપર્સ, ૧૫૫ થી વધારે એક્ષ્પર્ટ ટોક, ઈન્ડસ્ટ્રીયલ વિઝીટ, સોફ્ટવેર ટ્રેનીંગ, ૧૫ શોર્ટ ટર્મ ટ્રેનીંગ પ્રોગ્રામ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ, લાયબ્રેરી અપડેશન, એન.એસ.એસ અંતર્ગત ૯ ઈવેન્ટસ, એન.સી.સી અંતર્ગત ૬ અચીવમેંટ, આઈ.એસ.ટી.ઈ અંતર્ગત ૯, આઈ.ઈ.આઈ અંતર્ગત ૪૦, IEEE અંતર્ગત ૧૪ જેટલા વર્કશોપ, ટ્રેનીગ પ્રોગ્રામ, એક્ષ્પર્ટ લેકચરનો સમાવેશ થાય છે. ઉપરાંત કલ્ચરલ અને સ્પોર્ટ્સમાં બીવીએમ જીટીયુના યુથ ફેસ્ટીવલ ક્ષિતિજમાં રનર્સ અપ અને અમુલ વોલ્કેનોમાં રનર્સ અપ ઉપરાંત જીટીયુ વોલીબોલ ટુર્નામેન્ટમાં ચેમ્પિયનનો સમાવેશ થાય છે.

**આઈસ્ટારના ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી વિભાગ દ્વારા રાષ્ટ્રિય પરિસંવાદ યોજાયો**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત પોસ્ટગ્રેજ્યુએટ અભ્યાસક્રમોની સંસ્થા આઈસ્ટાર કૉલેજના ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી (આઈ.સી.) વિભાગ દ્વારા સેમ હિગીનબોટમ યુનિવર્સિટી ઓફ એગ્રીકલ્ચર, ટેકનોલોજી એન્ડ સાયન્સ , અલ્લાહબાદના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં એડવાન્સમેન્ટ ઈન કેમીકલ ટેકનોલોજી-એ ગ્રીન પર્સપેક્ટિવ વિષય ઉપર રાષ્ટ્રિય પરીસંવાદ યોજાયો હતો. બીવીએમ ઓડિટોરિયમમાં યોજાયેલ પરિસંવાદના ઉદ્‌ઘાટન સમારોહમાં સીવીએમના ડાયરેક્ટર જનરલ શ્રીમાન ડૉ. નિખીલ ઝવેરીએ અધ્યક્ષ પદ શોભાવ્યું હતું. પોતાના સંબોધનમાં તેઓએ ‘ગ્રીન’ શબ્દને માર્કેટીંગનું સાધન બનાવવાને બદલે વિચારધારા બનાવવાની હાકલ કરી હતી. વડોદરાની ખ્યાતનામ કેમીકલ કંપની ટ્રાંસપેકના સિનીયર વાઇસ પ્રેસીડન્ટ શ્રી શરદ પાટીલ ખાસ આ પ્રસંગે મુખ્ય અતીથી તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કેમીકલ ઉદ્યોગ ક્ષેત્રે દુનિયામાં ભારતનું પ્રદાન ચીન કરતા શ્રેષ્ઠ સાબિત થઇ રહ્યું છે તેનો ઉલ્લેખ કર્યો હતો. સુરતના સચીન ખાતેની એથર ઈન્ડસ્ટ્રીના ચેરમેન અને એમ.ડી. શ્રીમાન અશ્વીન દેસાઇ અતિથી વિશેષ તરીકે ખાસ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ભારનતા કેમીકલ ઉદ્યોગ જગત દ્વારા ‘ગ્રીન’ ક્ષેત્રમાં થયેલા વિકાસ ઉપર કિ-નોટ એડ્રેસ રજૂ કર્યું હતું. આ ઉપરાંત એક્ષપર્ટ ટેકનીકલ સેશન્સમાં ટ્રાંસપેક ઈન્ડસ્ટ્રીના ડૉ. મંદાર પ્રભુને તથા SHUATS અલ્લાહબાદના કેમેસ્ટ્રી વિભાગના વડા ડૉ. અમીત છત્રીએ પોતાના રસપ્રદ વ્યાખ્યાન રજૂ કર્યા હતા. આ પરિસંવાદમાં અલ્લાહબાદ, ઉદેપુર તથા ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓમાંથી શિક્ષણવિદો, સંશોધકો, ઉદ્યોગ સાહસિકો, ઉદ્યોગ ગૃહોના કર્મીયો અને સાયન્સ કૉલેજના બી.એસ., એમ.એસ.સી અને પીએચ.ડી.ના વિદ્યાર્થીએ ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ભોજન વિરામ બાદ વિવિધ કૉલેજોના વિદ્યાર્થીઓએ પોતાના સંશોધન પત્રો તથા પોસ્ટરો રજૂ કર્યા હતા. પરીસંવાદના અંતે વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો રજૂ કર્યા હતા. પૂરીસંવાદના અંતે વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો રજૂ

કર્યા હતા અને ઇનામ વિતરણ સમારોહ દ્વારા વિદ્યાર્થીઓને સન્માનવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં આઇ.સી. વિભાગના સ્ટાફ સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી. આ પરીસંવાદના સફળ આયોજન બદલ આઇસ્ટારના પ્રિંસીપાલ ડૉ.નિર્મલકુમારે સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા.

**એનવિપાસ કોલેજના રીસર્ચ સ્ટુડન્ટસની રાષ્ટ્રીય પરિષદમાં ઝળહળતી સિદ્ધિ**

જીવવિજ્ઞાન અને પર્યાવરણ વિજ્ઞાનના ક્ષેત્રમાં સંશોધન ઘણી મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જે દ્વારા કરવામાં આવતી શોધખોળ લોકહિત માટે, સમાજના પ્રશ્નોના નિરાકરણ માટે અને વૈશ્વિક સ્તરે નવી ટેક્નોલોજીના નિર્માણ માટે ઉપયોગી બની રહે છે. આમ, ઉચ્ચ શિક્ષણમાં થઇ રહેલા સંશોધનોને નવો આયામ મળે અને તેનું આદાન પ્રદાન થાય તે હેતુસર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા 'બાયોલોજીકલ ટુલ્સ ફોર સસ્ટેઈનેબલ એન્વાયર્મેન્ટ' શીર્ષક હેઠળ રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ચારુતર વિદ્યામંડળ સંચાલિત નટુભાઈ વિ. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સીઝના પર્યાવરણ વિભાગના અધ્યક્ષા ડૉ. રીટા કુમાર તથા તેમના રીસર્ચ સ્ટુડન્ટસે ભાગ લીધો હતો. ઓરલ પ્રેઝેન્ટેશન સ્પર્ધામાં રીસર્ચ વિભાગમાં એનવિપાસ કોલેજના કુ. ધરિત્રી રમણલાલે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તેમણે એક્લીફા અને એમરેન્થસ વનસ્પતિઓની ફાયટોરેમેડીએશન માટેની પ્રાયોગિક ધોરણે ક્ષમતા તપાસતા પાસાઓની સુંદર છણાવટ કરી હતી. જયારે પોસ્ટર પ્રેઝેન્ટેશન સ્પર્ધામાં રીસર્ચ વિભાગમાં કુ. રશ્મિ ઠક્કરે દ્વિતીય ઇનામ પ્રાપ્ત કરીને સંસ્થાને ગૌરવ અપાવ્યું હતું.

કોલેજના આચાર્ય શ્રી ડૉ. બાસુદેબ બક્ષી તથા સમસ્ત અધ્યાપકગણે વિજેતા વિદ્યાર્થિનીઓને અભિનંદન આપ્યા હતા. ચારુતર વિદ્યામંડળના ચેરમેન શ્રી ભીખુભાઈ પટેલ, ઉપપ્રમુખ શ્રી મનીષભાઈ પટેલ તેમજ ડાયરેક્ટર જનરલ ડૉ. ઝવેરી અને માનાર્હ મંત્રી ડૉ. એસ. જી. પટેલે પણ શુભેચ્છાઓ પાઠવી હતી.

**બીજેવીએમ કોમર્સ કોલેજમાં રાષ્ટ્રીય કક્ષાનો એન.એસ.એસ.નો યોજાયેલ વર્કશોપ**

વલ્લભ વિદ્યાનગર સ્થિત ચારુતર વિદ્યામંડળ સંચાલિત 'ભીખાભાઇ જીવાભાઇ વાણિજય મહાવિદ્યાલય'ના રાષ્ટ્રીય સેવા યોજના (એનએસએસ) વિભાગ દ્વારા પ્રિન્સિપાલ ડૉ. કેતકીબેન શેઠના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય કક્ષાનો વર્કશોપ યોજાયો.

રાષ્ટ્રીય કક્ષાના વર્કશોપના ઉદ્‌ઘાટન સમારંભમાં અતિથિ પદે ચારુતર વિદ્યામંડળના વાઇસ પ્રેસીડન્ટ શ્રી મનીષભાઇ એસ. પટેલ, મુખ્ય મહેમાન શ્રી કમલ કુમારકર, રીજીઓનલ ડીરેક્ટર એન.એસ. એસ., જોઇન્ટ સેક્રેટરી શ્રી મેહુલભાઇ પટેલ, ડાયરેક્ટર જનરલ અને પેટ્રન ડૉ. નિખિલભાઇ ઝવેરી, અતિથિ વિશેષ એન.એસ. એસ. કો-ઓર્ડીનેટર, સરદાર પટેલ યુનિવર્સિટી ડૉ. ગુરુસેવકસિંઘ સગ્ગું ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રીય કક્ષાના વર્કશોપના ઉદ્‌ઘાટન સમારંભની શરૂઆત સર્વધર્મ પ્રાર્થના, એન.એસ.એસ. ગીત અને દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવી હતી. સંસ્થાના પ્રિ. ડૉ. કેતકીબેન શેઠે મહેમાનોને આવકારી સ્વાગત કર્યું હતું ત્યારબાદ કાર્યક્રમના મુખ્ય અધ્યક્ષ અને ચારુતર વિદ્યામંડળના વાઇસ પ્રેસીડન્ટ શ્રી મનીષભાઇ એસ. પટેલે સમાજ ઘડતરમાં યુવાનોનું યોગદાન જણાવી કાર્ય શિબિરમાં ભાગ લેનાર સર્વે સ્વયંસેવકોને બિરદાવ્યા હતા. ત્યારબાદ મુખ્ય મહેમાન શ્રી કમલ કુમાર કર રીજીયોનલ ડીરેક્ટર, ભારત સરકારે જણાવ્યું કે નાની નાની કાર્યસેવા દ્વારા મોટી સમાજ સેવા-દેશ સેવા થઇ શકે છે. આ ઉપરાંત સરદાર પટેલ યુનિવર્સિટીના એન.એસ.એસ.ના કો-ઓર્ડિનેટર ડૉ. ગુરુસેવક સગ્ગું સાહેબે કોલેજના એન.એસ.એસ. યુનિટ દ્વારા થઇ રહેલા આ રાષ્ટ્રીય વર્કશોપના આયોજનને બિરદાવી અભિનંદન આપ્યા હતા. ચારુતર વિદ્યામંડળના ડાયેરક્ટર જનરલ ડૉ. નિખિલભાઇ ઝવેરીસાહેબે સ્વયંસેવકોને પ્રેરણા આપતા જણાવ્યું કે નિઃસ્વાર્થ સમાજ સેવાનો આનંદ વ્યક્તિને કાયમી રહે છે. આમ ઉદ્‌ઘાટન પ્રસંગે ચારુતર વિદ્યામંડળના જોઇન્ટ સેક્રેટરી મેહુલભાઇ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને સર્વેને પ્રેરણા પૂરી પાડી હતી. ત્યારબાદ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર અને વર્કશોપ ઓર્ગેનાઇઝીંગ સેક્રેટરી શ્રીમતી રૂપલ વોરાએ સમગ્ર કાર્યશિબિરની માહિતી રજૂ કરી હતી અને આભાર વિધિ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર અને વર્કશોપ ઓર્ગેનાઇઝીંગ સેક્રેટરી ડૉ. પરેશ મોરધરાએ કરી હતી.

ત્યારબાદ વુમન એમ્પાવરમેન્ટ, સાયબર સિક્યુરિટી, હેલ્થી લાઇફ સ્ટાઇલ, કમ્યુનલ હારમની એન્ડ નેશનલ ઇન્ટીગ્રેશન અને હેલ્થી ઇકોલોજી ફોર હેલ્થી ઇકોનોમી વગેરે સબ થીમ ઉપર સમાંતર ટેક્નિકલ સેશન યોજવામાં આવ્યા હતા. અને જેમાં જે તે વિષયના નિષ્ણાત સર્વશ્રી રુઝાન ખંબાતા, ધીરેન્દ્ર ત્રિપાઠી, શ્રી તેજસ ઠાકર,

શ્રી વિજય ત્રિપાઠી, ડૉ. પ્રેમ આનંદ મિશ્રા, શ્રી પ્રવીણ દુલેરા, શ્રી કનુભાઇ વસાવા, શ્રી ધવલ પટેલ વગેરેએ પોતાના અનુભવ અને જ્ઞાનનો નીચોડ અર્પણ કરી ઉમદા સેવાઓ આપી. સવિશેષ આ સેશન દરમિયાન નિષ્ણાત મોડરેટરશ્રીઓ, એન.એસ.એસ.ના સ્વયંસેવકો તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ દ્વારા સમાજ સેવાના માધ્યમથી ભારત નવ નિર્માણ માટેના સોપાનો ઉપર મંથન કરવામાં આવ્યું હતું. આ કાર્ય શિબિરમાં ગુજરાત, હરિયાણા, ઉત્તરપ્રદેશ- આગ્રા, કેન્દ્રશાસિત પ્રદેશ (દીવ, સિલવાસા) તેમજ વિવિધ યુનિવર્સિટીના ખૂબ જ મોટી સંખ્યામાં સ્વયંસેવકો તથા એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસરોએ ભાગ લીધો હતો.

કાર્ય શિબિરના સમાપન સમારોહ પ્રસંગે પ્રિ. ડૉ. કેતકીબેન શેઠ દ્વારા ગુજરાત વિદ્યાપીઠના રજીસ્ટ્રાર ડૉ. રાજેન્દ્ર ખીમાણી સાહેબ તથા ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રીશ્રી ડૉ. એસ.જી. પટેલ સાહેબને પુષ્પગુચ્છ અને સ્મૃતિ ચિહ્ન આપી આવકાર્યા હતા. સમાપન સમારોહના મુખ્ય અધ્યક્ષ ડૉ. રાજેન્દ્ર ખીમાણીએ જણાવ્યું કે નવ ભારત નિર્માણ માટે શિક્ષણ, આરોગ્ય અને બેરોજગારીના પ્રશ્નો મુખ્ય સ્થાને છે અને તે ઉપર યથાર્થ કાર્ય કરવા સર્વેને આહવાન કર્યું હતું. ત્યારબાદ ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રીશ્રી ડૉ. એસ.જી. પટેલ સાહેબે શ્રમ, સેવા અને સાદગી જીવનના પાયાના મૂલ્યો છે અને તેના ઘડતર દ્વારા સશક્ત સમાજ રચી શકાય. આ ઉપરાંત એન.એસ.એસ. રીજીઓનલ ડીરેક્ટર શ્રી કમલ કુમાર કરે કાર્ય શિબિરની સાર્થકતા જણાવી સર્વેને અભિનંદન પાઠવ્યા હતા. ત્યારબાદ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર અને વર્કશોપ ઓર્ગેનાઇઝરીંગ સેક્રેટરી ડૉ. પરેશ મોરધરાએ વર્કશોપનો સમગ્ર અહેવાલ રજૂ કર્યો હતો તથા આભાર વિધિ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર અને વર્કશોપ ઓર્ગેનાઇઝીંગ સેક્રેટરી શ્રીમતી રૂપલ વોરાએ કરી હતી.

**બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયના એન.એસ.એસ. વિભાગ દ્વારા મોગરી મુકામે વાર્ષિક કેમ્પનું આયોજન**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયના નેશનલ સર્વિસ સ્કીમ (એન.એસ.એસ.) દ્વારા તા. ૨૩.૩.૨૦૧૮ના રોજ સાત દિવસના એન.એસ.એસ. કેમ્પનું આયોજન મોગરી ગામ મુકામે કરવામાં આવ્યું હતું. કેમ્પના ઉદ્‌ઘાટન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. ઇન્દ્રજિત એન. પટેલ, મોગરી ગામના સરપંચશ્રી મિલનભાઇ પટેલ, અંધ અપંગજન શાળાના આચાર્ય જશવંતભાઇ ડાભી, હેમંતભાઈ પટેલ, તથા એન.એસ.એસના પ્રોગ્રામ ઓફિસર્સ ડૉ. એચ.વી. પટેલ તથા પ્રો. મયુર એમ. સેવક, જતન પટેલ, મેઘા પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના ગીતથી કર્યા બાદ એન.એસ.એસ.ના સ્વયંસેવક આકાશ પટેલે અતિથિ વિશેષનો પરિચય આપ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. ઇન્દ્રજિત એન. પટેલે જણાવ્યું હતું કે એન.એસ.એસનો મુખ્ય ઉદ્દેશ્ય રાષ્ટ્રનિર્માણ અને સમાજની સેવા થકી તેનું કલ્યાણ કરવાનો છે ઉપરાંત એન.સી.સી. અને એન.એસ.એસ.માંથી કોઇ એક વિકલ્પ રાષ્ટ્રભાવના માટે અત્યંત જરૂરી છે. તદ્‌ઉપરાંત જણાવ્યું હતું કે જો ટેક્નોલોજીને શહેરથી ગામ સુધી જો લાવી શકાય તો ઘણા સુધારા થઇ શકે અને ગામ લોકોની ઘણી તકલીફો ઓછી થઇ શકે. ઉપરાંત કન્યા કેળવણી, બેટીબચાવો, સ્વચ્છતા અભિયાન જેવા કાર્યક્રમોને એન.એસ.એસ. અંતર્ગત આવરી લેવા જણાવ્યું હતું. ગામના સરપંચ શ્રી મિલનભાઇ પટેલે આ પ્રસંગે કોઇ પણ પ્રકારની મદદ માટે મોગરી ગામ તત્પર છે તેવો ઉત્સાહ પ્રદર્શિત કર્યો હતો. એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર પ્રો. મયૂરભાઇ સેવકે ઉપસ્થિત મહાનુભાવોનો આભાર માન્યો હતો. ઉપરાંત આ પ્રકારના આયોજનથી ઉદભવતો સમાજ સેવાનો એપ્રોચ વિદ્યાર્થીઓને તેના ઘડતરમાં ખૂબ જ ઉપયોગી છે. તેમ જણાવ્યું હતું. પ્રોગ્રામ ઓફિસર ડૉ.એચ.વી. પટેલે કુદરતી સંપત્તિની જાળવણી તથા સંવર્ધન માટે આહ્‌વાન કર્યું હતું. અંધ અપંગ શાળાના પ્રિન્સિપાલ જશવંતભાઇ ડાભીએ 'જળ બચાવો'ના સૂત્ર દ્વારા વિદ્યાર્થીઓને પાણીનો સદ્‌ઉપયોગ માટે ગામમાં અવેરનેસ માટે પ્રયત્નો હાથ ધરે તો ઘણી સેવા થઇ શકે તેમ જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે મોગરી ગામે ૪૦ વિદ્યાર્થીઓ દ્વારા શરૂ થયેલા આ કેમ્પમાં પ્રભાત ફેરી, પ્રાણાયામ, સૂર્ય નમસ્કાર, ચિત્રકામ, નિબંધ લેખન, સરકારી યોજનાઓની માહિતી આપવી, સ્વચ્છતા અભિયાન, શેરી નાટકો, નેત્ર નિદાન, કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પ વિગેરે પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી ભીખુભાઇ પટેલ તથા અન્ય હોદ્દેદારો તથા સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ. ઇન્દ્રજિત એન. પટેલે એન.એસ.એસ. ટીમ, બીવીએમને અભિનંદન પાઠવ્યા હતા.

**જી.જે. પટેલ આયુર્વેદ કોલેજ ખાતે વિદ્યાર્થીઓને માટે ટેબલેટ વિતરણ કાર્યક્રમ**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત, ન્યુ વલ્લભ વિદ્યાનગર સ્થિત જી.જે. પટેલ આયુર્વેદ કોલેજ ખાતે

તાજેતરમાં નોલેજ કોન્સોરટીયમ ઓફ ગુજરાત, શૈક્ષણિક ખાતુ, ગુજરાત રાજ્યના સહયોગથી ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગરના ઉપાધ્યક્ષતા અંતર્ગત આયુર્વેદ કોલેજના પ્રથમ વર્ષ બીએએમએસના વિદ્યાર્થીઓ માટે ગુજરાત સરકારની ડીજીટલ ઈન્ડિયા યોજના અંતર્ગત ટેબલેટ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. સંસ્થાના આચાર્ય અને સુપ્રિન્ટેન્ડન્ટ ડૉ. સરદેશ પાંડેના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના સેનેટ સભ્ય વૈદ્ય ગૌરાંગ દરજી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં શ્રી એચ.પી. ઝાલા સાહેબ, ડાયરેક્ટર બોર્ડ ઓફ સ્પોર્ટ્સ એન્ડ સ્ટુડન્ટ વેલફેર, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના ઉપલક્ષમાં સંસ્થાના આચાર્ય અને સુપ્રિન્ટેન્ડન્ટ ડૉ. સરદેશ પાંડેની અધ્યક્ષતામાં સેનેટ સભ્ય વૈદ્ય ગૌરાંગ દરજીના હસ્તે ૭૦ વિદ્યાર્થીઓને ટેબલેટ વિતરણ કરવામાં આવેલ હતું.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. અનિકેત શીલવંત દ્વારા કરવામાં આવ્યું હતું.

**ન્યુ વિદ્યાનગર, એરીબાસ કોલેજમાં સ્ટેટ લેવલનો વિદ્યાર્થી વિજ્ઞાન મંથન-૨૦૧૮ કાર્યક્રમ યોજાયો.**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત, ન્યુ વિદ્યાનગરની એરીબાસ કોલેજમાં વિદ્યાર્થી વિજ્ઞાન મંથન-૨૦૧૮ (વી.વી.એમ.) કાર્યક્રમ, ધોરણ ૬ થી ૧૧માં સ્કૂલમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં વિજ્ઞાનને શિક્ષણ અને લોકપ્રિય બનાવવા માટેનો એક રાષ્ટ્રીય કાર્યક્રમ યોજાઇ ગયો. વી.વી.એમનો હેત એ છે કે વિદ્યાર્થી સમુદાયમાં તેજસ્વી વિચારોને ઓળખવા માટે પ્રયત્ન કરે છે, જે વિજ્ઞાન સંબંધિત વિષયો પર આતુરતા ધરાવનાર અને તુ વિજ્ઞાન અંગેનો ઊંડો રસ કેળવાય તે રહેલો છે.

વિજ્ઞાની ભારતી (વિદ્યા) દ્વારા વિદ્યાર્થી વિજ્ઞાન મંથન (વી.વી.એમ.)ની શરૂઆત વિજ્ઞાન મંત્રાલય, ભારત સરકારના શિક્ષણ વિભાગ અને નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશન રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (એનસીઈઆરટી) હેઠળ સ્વાયત્ત સંગઠન વિજ્ઞાન પ્રસાર કરતી માનવ સંસાધન વિકાસ, ભારત સરકાર દ્વારા સંચાલિત સંસ્થા છે.

ડૉ. નિલાંજન રોય સરે સાયન્સમાં ઊંડો રસ કેમ કરીને કેળવાય તે સમજાવ્યું હતું. વિજ્ઞાન ભારતીનાં રાષ્ટ્રીય આયોજનના સચિવ શ્રી જયંતજી સહસ્રબુદ્ધે જણાવ્યું હતું કે આજનાં આધુનિક મોબાઇલ યુગમાં, વિજ્ઞાન ક્ષેત્રે વિદ્યાર્થીઓને કેમ કરીને સાયન્સમાં આગળ કરવાં, તેમનાં વિચારો વિજ્ઞાન તરફ વધુ આકર્ષાય તે માટેનાં પ્રયત્નો આપણે સૌએ કરવાં કટિબદ્ધ થવું પડશે. સાયન્સ ક્ષેત્રે યોગદાન આપનાર દરેક વૈજ્ઞાનિકોને આ પ્રસંગે યાદ કર્યા હતાં. વિજ્ઞાન ગુર્જરીનાં પ્રેસિડેંટ પ્રોફેસર વિદ્યાધર વૈદ્ય સરે વિદ્યાર્થી વિજ્ઞાન મંથન કાર્યક્રમની પરવાનગી અને જરૂરી સવલતો પૂરી પાડવા બદલ ચારુતર વિદ્યામંડળનાં ચેરમેન શ્રી ભીખુભાઇ બી. પટેલ અને તેમની ટીમનાં સભ્યોનો આભાર વ્યક્ત કર્યો હતો. અને સર્વે વિદ્યાર્થીઓને આવાકર આપીને આ કાર્યક્રમમાં ભાગ લીધા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

ગુજરાત રાજ્યની સમગ્ર સ્કૂલના વિદ્યાર્થીઓમાંથી ૧૩૩ વિદ્યાર્થીઓ ઓનલાઇન પરીક્ષાનાં માધ્યમ થકી પંસદગી પામ્યા હતાં જેમાં જામનગર અને ભુજની કેન્દ્રીય વિદ્યાલય, ગાંધીનગર અને અમદાવાદ, બોપલની દિલ્લી પબ્લિક સ્કૂલ, વડોદરાની ભારતીય વિદ્યા ભવન્સ અને સંત કબીર સ્કૂલ, અમદાવાદની મહારાજા અગ્રસેન વિદ્યાલય, સેલવાસા અને નર્મદાની જવાહર નવોદય વિદ્યાલય સ્કૂલ, પાટણની ભગવતી ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ, સૂરતની સિંઘાનિયા પબ્લિક સ્કૂલ અને આર્યન એડયુકેશન એકેડમી સ્કૂલ, વલસાડની શ્રી એલ જી હરિયા સ્કૂલ અને રાજકોટની સર્વોદય સેકંડરી સ્કૂલનાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ પ્રોગ્રામ અંતર્ગત ભાગ લેનાર વિદ્યાર્થીઓનો ફિઝિક્સ, મેથ્સ, બાયોલોજી, કેમિસ્ટ્રિ વિષયોનો રિટન ટેસ્ટ, સાઇંટિફિક ફિલ્મ ટેસ્ટ તેમજ લેબોરેટરી ટેસ્ટ અને પ્રેક્ટિકલ ટેસ્ટ લેવામાં આવ્યો હતો. અંતમાં આ કાર્યક્રમમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને પારિતોષિક આપીને બિરદાવ્યાં હતાં અને તેઓ મુંબઇ ખાતે નેશનલ કેમ્પમાં ભાગ લેશે.

એરીબાસનાં ડૉ. નીલાંજન રોય અને તેમનાં સમગ્ર સ્ટાફ મિત્રોનો સહકાર પ્રાપ્ત થવાથી આ કાર્યક્રમ સફળ રહ્યો હતો. વિદ્યાર્થિ વિજ્ઞાન મંથનનાં સ્ટેટ કોઓર્ડિનેટર ડૉ. પ્રશાંત કુંજડીયા અને એરિબાસનાં પ્રોગ્રામ કોઓર્ડિનેટર ડૉ. ભક્તિ બાજપાઇના માર્ગદર્શન થકી કાર્યક્રમ સફળ થયો હતો.

**॥ શાળા વૃત્ત ॥**

**એમ.યુ. પટેલ (ટેક). હાઈસ્કૂલ, વિદ્યાનગર ખાતે 'વિશ્વ ચકલી દિન'ની ઉજવણી**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત એમ.યુ. પટેલ (ટેક્.) હાઈસ્કૂલ, વિદ્યાનગરની નિસર્ગ ઈકો ક્લબની વિવિધ પ્રવૃત્તિઓના ભાગરૂપે 'વિશ્વ ચકલી દિન'ની ઉજવણી કરવામાં આવી હતી.

શ્રી ગુણવંતભાઈ એ.વાળંદ દ્વારા ચકલી વિશેના લેખની સ્પર્ધા, માળો બનાવવાની સ્પર્ધા તથા ફોટોગ્રાફ્સ સ્પર્ધાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓના બનાવેલ્ માળાઓને શાળાના આચાર્યશ્રી ડૉ. એસ.એસ. પારગી તથા સૌ શિક્ષક ભાઈઓએ શાળા પટાંગણમાં માળા લગાવ્યા હતા. વિવિધ સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રીમતી શિલ્પાબેન તથા શ્રીમતી લક્ષ્મીબેને સુંદર સેવાઓ આપી હતી. લેખ સ્પર્ધામાં પ્રથમ સ્થાને નિશા પાસવાન, બીજા સ્થાને કૃષાંગી સુવેરા અને તૃતીય સ્થાને ધ્રુવ માછી અને રાહુલ પાસવાન વિજેતા જાહેર થયા હતા. ચકલી માળા નિર્માણ સ્પર્ધામાં શનિ, મેહુલ અને તરુણ વિજેતા રહ્યા હતા. જ્યારે ફોટોગ્રાફ્સ સ્પર્ધામાં જય સોલંકી, અંકિતા શર્મા, ભાવેશ ઠાકોર, પ્રમોદ જોષી વિજેતા જાહેર થયા છે.

શાળાના વિદ્યાર્થી ધ્રુવ માછીએ ઘરેલુ પક્ષી ચકલી વિશે રસપ્રદ માહિતી આપી હતી. શ્રી દિલીપભાઈએ સુંદર સહકાર આપ્યો હતો.

**ઈનામ વિતરણ સમારંભ**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત એમ.યુ. પટેલ (ટેક્.) હાઈસ્કૂલ, વિદ્યાનગર ખાતે સામાજિક વિજ્ઞાન વર્તુળ તથા નિસર્ગ ઈકો ક્લબ અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનો ઈનામ વિતરણ સમારોહ યોજાઈ ગયો.

આ પ્રસંગે આચાર્યશ્રી ડૉ. શંકરભાઈ પારગી, સામાજિક વિજ્ઞાન વર્તુળના કન્વીનર શ્રીમતી ઈન્દુબેન પરમાર નિસર્ગ ઈકો ક્લબના કન્વીનર શ્રી ગુણવંતભાઈ એ. વાળંદ, મુખ્ય અતિથિ શ્રી દિલીપભાઈ પટેલ, શ્રીમતી શિલ્પાબેન ઉપાધ્યાય અને શ્રીમતી લક્ષ્મીબેન કે. બારીયા અને શિક્ષકો તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી ગુણવંતભાઈ વાળંદે સમારોહનો હેતુ તેમજ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું મહત્ત્વ સ્પષ્ટ કર્યું હતું. સ્વાગત પ્રવચન શ્રી ડાહ્યાભાઈ ચૌધરી, ગ્રાહકસુરક્ષા અંગે શ્રીમતી ઈન્દુબેને વક્તવ્ય આપ્યું હતું. શ્રી દિલીપભાઈએ ચકલી દિવસ વિશે માહિતી આપી હતી. વિદ્યાર્થી પ્રતિનિધિ ધુમાર મનન અને કુમારી ઐશ્વર્યાએ પોતાના વિચારો પ્રસ્તુત કર્યા હતા. વિવિધ સ્પર્ધાના વિજેતાઓને ઈનામ અપાયા હતા. આચાર્યશ્રીએ સૌને અભિનંદન પાઠવ્યા હતાં. શ્રી હસમુખભાઈએ આભારવિધિ કરી હતી.

**ટી.વી. પટેલ હાયર સેકન્ડરી સ્કુલના યજમાન પદે શિક્ષક ભાગ્યનો નિર્માતા વિષય પર સેમિનાર યોજાયો**

ચારુતર વિદ્યામંડળ અને પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય- વલ્લભ વિદ્યાનગર કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે તા. ૧૬-૪-૨૦૧૮ને સોમવારના રોજ શાપુરભાઈ પટેલ સેન્ટર ફોર લર્નિંગ ખાતે ટી.વી. પટેલ હાયર સેકન્ડરીના સહયોગથી 'શિક્ષકો માટે સ્વવિકાસ અને મૂલ્યશિક્ષણ' વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારની શરૂઆત ટી.વી. પટેલ હાયર સેકન્ડરીના આચાર્યશ્રી વિજયકુમાર સુથારે બ્રહ્માકુમારીઝ કેન્દ્ર-નવરંગપુરા (અમદાવાદ)ના સંચાલિકા અને સેમિનારના મુખ્ય વકતા બ્ર.કુ. ઈશિતાબહેન તથા વિશેષ ઉપસ્થિત બ્ર.કુ.નીતાબહેન તથા ચારુતર વિદ્યામંડળ સંચાલિત પ્રાથમિક શાળાઓના સલાહાર શ્રીમતી વિનોદિનીબહેન પટેલનો શાબ્દિક પરિચય એવં પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. આ સેમિનારમાં ચારુતર વિદ્યામંડળ સંચાલિત પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ અને શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યવકતા બ્ર.કુ. ઈશિતાબહેને 'ટ્રેઝરી' શબ્દનો અર્થ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનની મદદથી સમજાવ્યો અને શિક્ષકનું વિદ્યાર્થીના સર્વાંગી વિકાસમાં યોગદાન સમજાવતા જણાવ્યું કે શ્રેષ્ઠ વ્યક્તિઓનું ઘડતર શિક્ષક જ કરે છે તેની વાણી કરતા પણ વધુ તેના વાઈબ્રેશનનો પ્રભાવ હોય છે જો તે વિદ્યાર્થીની વિશેષતાઓની પ્રશંસા કરે તો તે પ્રોત્સાહિત થતાં તેનો હકારાત્મક અભિગમ વધુ ગાઢ બને છે શિક્ષકે સૌ પ્રત્યે શુભ-ભાવના કેળવી દરેકની પ્રશંસા કરવી જોઈએ સેમિનારના અંતે એસ.ડી. દેસાઈ હાઈસ્કૂલના આચાર્ય ડૉ. દીપકભાઈ પટેલે ઋણભાવ વ્યક્ત કર્યો હતો. જ્યારે સૌ શિક્ષકોના સહયોગથી સેમિનારનું સંકલન શ્રી હર્ષદકુમાર વાઘેલાએ કર્યું હતું.

## ॥ સૂચના ॥

૧. ‘વિ-વિદ્યાનગર’ વલ્લભ વિદ્યાનગરના શૈક્ષણિક ટ્રસ્ટ ચારુતર વિદ્યામંડળ તરફથી દર માસે નિયમિત પ્રકાશિત થતું શિક્ષણ, સાહિત્ય અને સંસ્કાર વિષયક સામગ્રી પીરસતું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામાયિક છે. માનવજીવનને ઉન્નતિકારક અને યુવાવર્ગને પ્રેરક, શિષ્ટ સરળ શૈલીમાં, મૌલિક, અનુવાદિત ઉપરાંત સંચય સ્વરૂપ (digest)માં પણ સામગ્રી આપવામાં આવે છે.

૨. ।વિ।માં મોકલેલું લખાણ મૌલિક હોવું જરૂરી છે. પ્રકાશન અર્થે કૃતિ મોકલતી વખતે લેખકે એની ઝેરોક્ષ નકલ પોતાની પાસે અવશ્ય રાખવી. તંત્રીને ઝેરોક્ષ નકલ મોકલવી નહિ. મૂળ લખાણ જ મોકલવું. લખાણ કાગળની એક બાજુએ, ફૂલસ્કેપ કાગળ પર હાંસિયો પાડીને જ મોકલવું જરૂરી છે. પોસ્ટકાર્ડ કે ઇન્લેન્ડ પર મોકલેલું લખાણ પ્રકાશન માટે સ્વીકારવામાં આવશે નહિ. કૃતિના સ્વીકાર-અસ્વીકાર અંગેના નિર્ણયનો અધિકાર તંત્રી-સંપાદક મંડળનો રહેશે.

૩. સાધારણ રીતે લાંબા લેખોને અવકાશ ઓછો છે. લખાણ ટૂંકું અને મુદ્દાસર હોય એ જરૂરી છે. લખાણમાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ કર્યો હોય ત્યાં સાથે કૌંસમાં ગુજરાતી પર્યાય આપવો આવશ્યક છે. લખાણ ગૂજરાત વિદ્યાપીઠના માન્ય જોડણીકોશ અનુસારની જોડણીમાં હોવું જરૂરી છે. લેખમાંના લખાણના અભિપ્રાયની જવાબદારી સંબંધિત લેખકની જ રહેશે, તંત્રી કે સંપાદક મંડળ એ અંગે જવાબદાર રહેશે નહીં.

૪. ।વિ। માં મોકલેલું લખાણ પ્રકાશન અર્થે અન્ય સામયિકને પણ મોકલેલું ન હોવું જોઇએ. એ અંગેની કાળજી તેમજ જવાબદારી લેખકે રાખવી જરૂરી છે. સામાન્ય રીતે એક-બે માસમાં કૃતિ પ્રકાશિત ન થાય તો અસ્વીકૃત કૃતિ પરત મોકલવાની પદ્ધતિ નથી. તેથી જવાબી ટપાલખર્ચ ન મોકલવું. પ્રત્યેક કૃતિ નીચે લેખકે પિનકોડ સાથેનું પૂરેપૂરું સરનામું અવશ્ય લખવું.

૫. ‘વિ-વિદ્યાનગર’ દર માસની પચીસમી તારીખે નિયમિતરૂપે પ્રકાશિત થાય છે. સામયિકનો અંક ચોકસાઇથી રવાના કરવામાં આવે છે. ટપાલમાં અંક ગેરવલ્લે જાય તો તે અંગેની જવાબદારી સંસ્થાની નથી. અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રગટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે. અલબત્ત, અંક સિલકમાં હશે તો બીજી નકલ મોકલવામાં આવશે.

૬. લવાજમ વાર્ષિક-આજીવન રૂબરૂમાં-મની ઓર્ડરથી-બેન્ક ડ્રાફ્ટ-ચેકથી મોકલી શકાય. મનીઑર્ડરની કૂપનમાં ગ્રાહકે સ્પષ્ટ અક્ષરે પોતાનું નામ-સરનામું, પિનકોડ સાથે લખવું. બહારગામના બેન્ક ડ્રાફ્ટ-ચેકમાં લવાજમની રકમ ઉપરાંત રૂપિયા પાંત્રીસ ઉમેરવા. ગમે તે માસથી ગ્રાહક થઇ શકાય છે. લવાજમ **‘ચારુતર વિદ્યામંડળ’**ના નામે મોકલવું.

૭. દિવંગત થયેલા આજીવન ગ્રાહક અંગે તેમનાં સગાં-સંબંધીઓને તે વિશે કાર્યાલયને જાણ કરવા વિનંતી.

૮. વ્યવસ્થા અંગેનો તેમજ તંત્રી સાથેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવોઃ


**ઉર્વીશ છાયા**

**તંત્રીશ્રી, વિ-વિદ્યાનગર, આસિ. પ્રોફેસર, એન.વી. પટેલ સાયન્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર**

ઇ-મેઇલઃ editor.vidyanagar@gmail.com, urvish.chhaya@gmail.com


લવાજમઃ **વાર્ષિક** : ₹ ૧૫૦, સ્થાનિક વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક લવાજમ ₹ ૧૦૦

**આજીવન** : ₹ ૧૫૦૦

**વિદેશમાં** : ૨૫ $ અથવા ૧૫ **£** આજીવન ૧૦૦ $ અથવા ૭૦ **£**

**છૂટક નકલની કિંમતઃ** ₹ ૧૫ + રવાનગી ખર્ચ ₹ ૧૦




સીવીએમ સંચાલિત બીજેવીએમ મહાવિદ્યાલયના રાષ્ટ્રીય સેવા યોજના (NSS) વિભાગ દ્વારા રાષ્ટ્રીય કક્ષાના વર્કશોપના ઉદઘાટન પ્રસંગે  દિપ પ્રાગટ્ય કરતા ચારૂતર વિદ્યા મંડળના વાઈસ પ્રેસીડન્ટ શ્રી મનીષભાઈ એસ. પટેલ, શ્રી કમલ કુમારકર, રીજીઓનલ ડીરેક્ટર એન.એસ.એસ., જોઈન્ટ સેક્રેટરી શ્રી મેહુલભાઈ પટેલ, ચારૂતર વિદ્યા મંડળના ડાયરેક્ટર જનરલ ડૉ. નિખિલ ઝવેરી , ડૉ.ગુરસેવકસિંગ સગ્ગું- એન.એસ.એસ. કો-ઓર્ડીનેટર, સરદાર પટેલ યુનિવર્સિટી, પ્રિ. ડૉ. કેતકી શેઠ, એન. એસ. એસ. પ્રોગ્રામ ઓફિસર અને વર્કશોપ ઓર્ગેનાઈઝીંગ સેક્રેટરી શ્રીમતી રૂપલ વોરા, ડૉ. પરેશ મોરધરા તથા ભાગ લેનાર એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ અને સ્વયં સેવકો દ્રશ્યમાન થાય છે.




સીવીએમ સંચાલિત એરીબાસ કૉલેજ તથા ભારત સરકારના શિક્ષણ વિભાગ, નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશન રીસર્ચ અને ટ્રેનિંગ (એનસીઈઆરટી) દ્વારા સંચાલિત વિજ્ઞાન ભારતી સંસ્થાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ વિજ્ઞાન મંથન-૨૦૧૮ કાર્યક્રમ પ્રસંગે લેવાયેલ તસવીરોમાં વિજ્ઞાન ભારતીનાં રાષ્ટ્રીય આયોજન સચિવશ્રી જયંતજી સહસ્ત્રબુદ્ધે, વિજ્ઞાન ગુર્જરીના પ્રેસિડેન્ટ પ્રો. વિદ્યાધર વૈદ્ય, સંસ્થાના આચાર્યશ્રી ડૉ. નિલાંજન રોય, વિજ્ઞાન મંથનના સ્ટેટ કો-ઓર્ડિનેટર ડૉ. પ્રશાંત કુંજડીયા અને પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર ડૉ. ભક્તિ બાજપાઈ દશ્યમાન થાય છે. અન્ય તસવીરોમાં વિવિધ પ્રયોગો દર્શાવતાં વિદ્યાર્થીઓ દશ્યમાન થાય છે.

V-Vidyanagar 20 (5)
May 2018
Postal Regd. No. AND/318/2018-20
Published on Saturday, 05.05.2018
RNI Regd. No. Guj/2009-11/5433
No. of Pages 44 Including Cover
Posted at Vallabh Vidyanagar on 5th of Every Month
ISSN 0976 – 9609 V-Vidyanagar




**Ravishankar Maharaj (Vyas)**
**25-02-1884 to 01-07-1984**

Type Setting ASF Computers - 80002 74250

Editor: Dr. Urvish Chhaya
Printed at Anand Press, Anand 388 001
Printed, Published and owned by Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal and Published at Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)